ગુજરાતનું વિશ્વસનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425


25 DECEMBER, 2025 THURSDAY


પેજ 2 — નર્મદા જિલ્લામાં આદિવાસી ઓનું ખ્રિસ્તીઓમાં ધર્માન્તરણનો મુદ્દો ઉછળ્યો


પેજ 3 — ફ્લાવર શો સવારે 9 થી 10 અને રાત્રે 10 થી 11 રહેશે VIP એન્ટ્રી


પેજ 7 — 108 એમ્બ્યુલન્સના EMTની કુશળતાથી નવજાતને મળ્યું નવજીવન

પેજ 5 — ચનવાડા પાસે હાઈવે પર તેલની રેલમછેલ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 280 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

આત્મનિર્ભર ભારતના પ્રયાસોનું આ પરિણામ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# ઈસરોએ સૌથી વજનદાર સેટેલાઈટ લોન્ચ કર્યો

### હવે દુનિયા મુઠ્ઠીમાં : 6100 કિલોના આ સેટેલાઇટ બ્લૂબર્ડ બ્લોક-2ની મદદથી વિશ્વભરના સ્માર્ટફોનને સીધા હાઇ સ્પીડ સેલ્યુલર બ્રોડબેન્ડ સાથે જોડી શકાશે

નવી દિલ્હી : અંતરિક્ષમાં ભારતે વધુ એક સિદ્ધી પ્રાપ્ત કરી છે, ભારતના સૌથી શક્તિશાળી રોકેટ બાહુબલી દ્વારા ભારતમાંથી સૌથી વજનદાર સેટેલાઈટને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. અમેરિકાના આ સેટેલાઈટને બ્લૂબર્ડ બ્લોક-૨ નામ આપવામાં આવ્યું છે. જેનું વજન ૬૧૦૦ કિલોથી પણ વધુ છે. બુધવારે સવારે ૮.૫૪ કલાકે આંધ્ર પ્રદેશ સ્થિત શ્રીહરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી ભારતના સૌથી શક્તિશાળી ગણાતા રોકેટ બાહુબલીની મદદથી અમેરિકાના આ સેટેલાઈટને છોડવામાં આવ્યો હતો.

ભારતના એલવીએમ૩ દ્વારા અમેરિકાના આ સેટેલાઈટ બ્લૂબર્ડ બ્લોક-૨ને સફળતાપૂર્વક લોન્ચ કરીને લોઅર અર્થ ઓર્બિટમાં સ્થાપિત કરી દીધો હતો. ભારત દ્વારા લોન્ચ કરાયેલ અત્યાર સુધીનો સૌથી વજનદાર પેલોડ છે જેનું કુલ વજન ૬૧૦૦ કિલો છે. લોન્ચિંગના ૧૫ મિનિટ બાદ જ સેટેલાઈટ રોકેટથી અલગ થઈ ગયો હતો. અને ૬૦૦ કિમીની આસપાસ લોઅર અર્થ ઓર્બિટમાં સ્થાપિત થઈ ગો હતો. બ્લૂબર્ડ બ્લોક-૨ અમેરિકાએ તૈયાર કરેલો સેટેલાઈટ છે. વિશ્વભરમાં સ્માર્ટફોનને સીધા હાઈ સ્પીડ સેલ્યુલર બ્રોડબેન્ડ સાથે જોડવા માટે આ સેટેલાઈટને તૈયાર કરાયો છે.

જેને પગલે વિશ્વભરમાં ક્યાંય પણ ૪-જી, ૫-જી વોઈસ અને વીડિયો કોલ, મેસેજિંગ, સ્ટીમિંગ અને ડેટા સેવા પુરી પાડવામાં મદદરૂપ થશે. એટલુ જ નહીં આ સેટેલાઈટની મદદથી અંતરિક્ષથી સીધા ધરતી પર કોલ, મેસેજ કે વીડિયો કોલ કરી શકાશે. વિશ્વભરમાં એકદમ અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી નથી પહોંચી શકી ત્યાં હવે આ સેટેલાઈટની મદદથી પણ ઈન્ટરનેટ સહિતની કનેક્ટિવિટી પહોંચાડવી શક્ય બનશે. ન્યૂસ્પેસ ઈન્ડિયા લિ. (એનએસઆઈએલ) અને અમેરિકા સ્થિત એએસટી સ્પેસ મોબાઈલ વચ્ચે થયેલી ડીલના ભાગરુપે આ સેટેલાઈટ લોન્ચ કરાયો હતો. ન્યૂસ્પેસ ઈન્ડિયા ઈસરોનું કોમર્શિયલ સાહસ છે.

ભારતના એલએમવી૩ એટલે કે લોન્ચ વ્હીકલ માર્ક-૩ દ્વારા આ સેટેલાઈટ લોન્ચ કરાયો છે. આ વ્હીકલને અગાઉ જીએસએલવી એમકે-૩ તરીકે પણ ઓળખવામાં આવતુ હતું. ઈસરોનું આ સૌથી શક્તિશાળી રોકેટ છે. જેને ઈસરો દ્વારા સંપૂર્ણ રીતે સ્વદેશી ટેક્નીકની તૈયાર કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, વિપક્ષના નેતાઓએ ઈસરો અને વૈજ્ઞાનિકોને આ સફળતા બદલ શુભેચ્છા પાઠવી હતી. મોદીએ કહ્યું હતું કે ભારતની ધરતી પરથી અત્યાર સુધીનો સૌથી વજનદાર સેટેલાઈટ લોન્ચ કરીને એક ઈતિહાસ રચવામાં આવ્યો છે. ભારતની આ અંતરિક્ષમાં મોટી છલાંગ છે. આ સાથે જ ભારત હવે ગગનયાન જેવા મોટા મિશન માટે પણ તૈયાર છે. જ્યારે ઈસરોના ચેરમેન વી નારાયણને કહ્યું હતું કે બહુ જ ખુશી સાથે જણાવુ છુ કે ભારતના બાહુબલી રોકેટે સફળતાપૂર્વક બ્લૂબર્ડ બ્લોક-૨ સેટેલાઈટ ઓર્બિટમાં સ્થાપિત કરી દીધો છે. ભારે સેટેલાઈટ લોન્ચ કરવાની ભારતની ક્ષમતા પણ વધી છે. આત્મનિર્ભર ભારતના પ્રયાસોનું આ પરિણામ છે. ભારત અંતરિક્ષની દુનિયામાં સતત ઉંચાઈને સ્પર્શી રહ્યું છે.



23 નવે.થી 12 ડિસે. સુધીમાં કુલ 49ની ધરપકડ

## યુએસ એજન્ટ્સે અમેરિકામાં ગેરકાયદે રહેતાં 30 ભારતીયની ધરપકડ કરી

ન્યૂયોર્ક : યુએસ બોર્ડર પેટ્રોલ એજન્ટ્સે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૩૦ ભારતીયોની ધરપકડ કરીછે. આ બધા ભારતીયો કોમર્સિયલ ડ્રાઈવરના લાઈસન્સ પર સેમી ટ્રક ચલાવતા હતા. કેલિફોર્નિયામાં બોર્ડર પેટ્રોલ એજન્ટ્સે કોમર્સિયલ ડ્રાઈવર લાઈસન્સ સાથેના કુલ ૪૯ ગેરકાયદે વસાહતીની ધરપકડ કરી હતી. વાહનને ઈમિગ્રેશન ચેકપોઈન્ટ પર તેમની ધરપકડ કરાઈ હતી.

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેકશન (સીબીપી) એ જણાવ્યું હતું કે ઈન્ટરએજન્સી ઓપરેશન દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી ૨૩ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમિયાન એજન્ટ્સે કુલ ૪૨ ગેરકાયદે વસાહતીની ધરપકડ કરી હતી. આ ઈમિગ્રન્ટ્સ કોમર્સિયલ ડ્રાઈવરના લાઈસન્સ પર સેમી ટ્રક ચલાવતા હતા અને ઈન્ટરસ્ટેટ મુસાફરી કરતા હતા. આમ અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયો સામે ટ્રમ્પ તંત્રની તવાઈ જારી છે. ટ્રમ્પ તંત્રએ અત્યાર સુધીમાં લગભગ સવા છ લાખ જેટલા ગેરકાયદે ભારતીયોને હાંકી કાઢ્યા હોવાનું મનાય છે. પકડાયેલા ૪૯માંથી ૩૦ ભારતના હતા અને બે અલ સાલ્વાડોરના હતા અને બાકીનામાં ચીન, એરિટ્રિયા, હૈતી, હોન્ડુરાસ, મેક્સિકો, રશિયા, સોમાલિયા, ટર્કી અને યુક્રેનના હતા. કેલિફોર્નિયાએ ૩૧ કોમર્સિયલ ડ્રાઈવર લાઈસન્સ જારી કર્યા હતા. તેમા આઠ લાઈસન્સ ફ્લોરિડા, ઈલિનોઈસ, ઈન્ડિયાના, ઓહયો, મેરીલેન્ડ, મિન્નેસોટા, ન્યૂજર્સી, ન્યૂયોર્ક, પેન્સિલ્વેનિયા અને વોશિંગ્ટન દ્વારા જારી કરવામાં આવ્યા હોવાનું એજન્સીએ જણાવ્યું હતું.

યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સે અ હોમલેન્ડ સિક્યોરિટીની સાથે મળીને કેલિફોર્નિયામાં ઓન્ટારિયા અને ફોન્ટાના ખાતે સંયુક્ત રીતે મોટાપાયા પર હાથ ધરેલા બે દિવસનું ઓપરેશન ૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ હાથ ધરવામાં આવ્યુ હતુ. આ બે દિવસમાં કુલ પાંચ ભારતીય અને બે તાજિકિસ્તાનના રહેવાસી પકડાયા હતા. કેલિફોર્નિયામાં ગેરકાયદે વસાહતીઓએ કરેલા ગંભીર ટ્રક અકસ્માતોના પગલે તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં અમેરિકામાં થયેલા હાઈવે એક્સિડન્ટમાં ટ્રક ચલાવતા ગેરકાયદે ભારતીય વસાહતીઓની સંખ્યા મોટાપાયા પર જોવા મળી છે.

## અરવલ્લીમાં નવી માઈનિંગ લીઝ પર સંપૂર્ણ પ્રતિબંધનો કેન્દ્રનો આદેશ

નવી દિલ્હી : અરવલ્લી પર્વતમાળાને લઈને વિવાદ વધી રહ્યો છે. અરવલ્લી અંગે કેન્દ્ર સરકાર દ્વારા જે વ્યાખ્યા નક્કી કરાઈ તેનો સુપ્રીમ કોર્ટ દ્વારા સ્વીકાર કરાયો તે બાદથી વિવાદ વધી ગયો છે. આ નવા નિર્ણયોને કારણે અરવલ્લી પર્વતમાળાના ૯૦ ટકા પહાડોનો સફાયો થઈ જશે તેવા આરોપો લાગી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે કેન્દ્ર સરકારે સમગ્ર અરવલ્લી પર્વતમાળામાં ખનન માટે નવી કોઈ પણ પ્રકારની મંજૂરી આપવા કે નલી લીઝ મંજૂર કરવા પર પ્રતિબંધ મુકી દીધો છે.

કેન્દ્રીય પર્યાવરણ, ફોરેસ્ટ, ક્લાઈમેટ ચેન્જ મંત્રાલય દ્વારા બુધવારે અરવલ્લી પર્વતમાળામાં આવનારા તમામ રાજ્યોને એક આદેશ જારી કર્યો હતો. અને દિલ્હીથી લઈને ગુજરાત સુધી અરવલ્લી પર્વતમાળાના કોઈ પણ હિસ્સામાં નવી માઈનિંગ મંજૂરી પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરવા કહ્યું હતું. સત્તાવાર રીતે જાહેર કરાયેલા આદેશ મુજબ આ પ્રતિબંધ સમગ્ર અરવલ્લી રેન્જમાં લાગુ કરાશે. જેનો ઉદ્દેશ્ય અરવલ્લી પર્વતમાળાનું રક્ષણ કરવાનો તેમજ ગેરકાયદે માઈનિંગ પ્રવૃત્તિ રોકવાનો હોવાનો દાવો સરકાર દ્વારા કરાયો છે. આ સાથે જ મંત્રાલયે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (આઈસીએફઆરઈ)ને કહ્યું છે કે જ્યાં પણ માઈનિંગ રોકી શકાય તેવા અરવલ્લીના વધુમાં વધુ વિસ્તારોની ઓળખ કરવામાં આવે. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા જે ઝોનમાં આ પ્રતિબંધો લાગુ કરાયા છે તે સિવાયના વિસ્તારોની ઓળખ કરવા કહ્યું છે.

2022માં બાંગ્લાદેશની વસતી 17 કરોડ હતી જેમાં 1.30 કરોડ હિન્દુ હતા

## બાંગ્લાદેશમાં હિન્દુની વસતી 14 ટકાથી ઘટી 7 ટકા રહી ગઈ, મુસ્લિમોની વધી

ઢાકા : ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં વધી રહેલા અત્યાચારોને પગલે હિન્દુઓની સંખ્યા ઘટી રહી છે. જ્યારે બાંગ્લાદેશની રચના થઈ ત્યારે ત્યાં હિન્દુઓની વસતી ૨૦થી ૨૨ ટકા હતી. આશરે એકથી દોઢ કરોડ હિન્દુઓ બાંગ્લાદેશમાં રહેતા હતા, જોકે હવે આ સંખ્યા ઘટીને આઠ ટકાથી પણ નીચે પહોંચી ગઈ છે. એટલે કે બાંગ્લાદેશમાં હિન્દુઓની સંખ્યા છેલ્લા ૫૪ વર્ષમાં ૧૪ ટકાથી ઓછી થઈ ગઈ છે.

વર્ષ ૨૦૨૨ની વસતી ગણતરી મુજબ બાંગ્લાદેશની કુલ વસતી ૧૭ કરોડ હતી, જેમાં હિન્દુઓની સંખ્યા ૧ કરોડ ૩૦ લાખ રહી છે. હિન્દુઓની દુકાનો ઘરો મંદિરો પર હુમલા વધી રહ્યા છે જેને પગલે મોટી સંખ્યામાં હિન્દુઓ સ્થળાંતર કરી રહ્યા છે અને બાંગ્લાદેશ છોડી રહ્યા છે.

જેને કારણે જ બાંગ્લાદેશમાં હિન્દુઓની સંખ્યા ઘટી રહી છે. સ્વતંત્ર બાંગ્લાદેશમાં પહેલી વસતી ગણતરી વર્ષ ૧૯૭૪માં થઈ હતી તે સમયે હિન્દુઓની કુલ સંખ્યા કુલ વસતીના ૧૩.૫ ટકા હતી. આ ટકાવારી બાદમાં ૧૯૮૧માં ઘટીને ૧૨.૧ ટકાએ પહોંચી ગઈ હતી. ૧૯૯૧માં ૧૦.૫ ટકા અને ૨૦૦૧માં ૮.૫ ટકા હતી. બીજી તરફ મુસ્લિમોની વસતીમાં વધારો થતો જોવા મળ્યો, વર્ષ ૧૯૭૪માં બાંગ્લાદેશમાં મુસ્લિમોની કુલ સંખ્યા કુલ વસતીના ૮૫.૪ ટકા હતી, જે વર્ષ ૨૦૧૧માં વધીને ૯૧.૫ ટકાએ પહોંચી હતી. બાંગ્લાદેશથી મોટી સંખ્યામાં હિન્દુઓ ભારત તરફ સ્થળાંતર કરી રહ્યા છે.

ભારતમાં તેમને ધાર્મિક, સાંસ્કૃતિક, પારિવારિક અને રાજનીતિક સુરક્ષાની આશા હોય છે. એવામાં ગયા વર્ષે શેખ હસીનાને વડાપ્રધાન પદેથી હટાવીને કટ્ટરવાદીઓના હાથમાં બાંગ્લાદેશની કમાન આવી તે બાદથી જ હિન્દુઓ પર અત્યાચાર વધ્યો છે. તાજેતરમાં જ એક ગાર્મેન્ટ ફેક્ટરીમાં મજૂરી કામ કરતા હિન્દુ યુવકની કટ્ટરવાદી ટોળાએ જાહેરમાં હત્યા કરી નાખી હતી અને બાદમાં તેના મૃતદેહને વૃક્ષ સાથે લટકાવીને આગ લગાવી દીધી હતી. બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓ સહિતના લઘુમતીઓમાં ભય ફેલાવવાના ઈરાદાથી પણ આવી ક્રૂર ઘટનાઓને કટ્ટરવાદીઓ અંજામ આપી રહ્યા છે કે જેથી તેઓ સ્થળાંતર કરે અને બાંગ્લાદેશ છોડીને જતા રહે. ૧૯૯૦માં રમખાણો થયા, ૨૦૦૧ની ચૂંટણી પછી પણ હિંસા ફાટી નીકળી હતી અને ૨૦૨૪માં શેખ હસીનાની સરકાર જતી રહી તે બાદથી ૨૦૦થી વધુ હુમલા થયા.

## અમેરિકામાં ત્રણ લાખ ભારતીય વિદ્યાર્થીઓનું ભાવિ અદ્ધરતાલ

### નવા નિયમ 27 ફેબ્રુઆરીથી અમલમાં આવશે

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ટ્રમ્પે બીજી ટર્મમાં સત્તા પર પરત ફર્યા પછી દરેક રીતે ભારત અને ભારતીયોને ફટકો મારવાનું જારી રાખ્યું છે. ટ્રમ્પ તંત્રના નવા તઘલખી નિયમના કારણે ત્યાં ભણીને નોકરીનું સપનું સેવતા ત્રણ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ સહિતના વિદેશી સ્ટુડન્ટ્સનું ભાવિ અદ્ધરતાલ અહીં ભણતા બધા વિદેશી વિદ્યાર્થીઓ માટે ટ્રમ્પ તંત્રનું આ કંપારી છૂટે તેવું પગલું છે.

ટ્રમ્પે એચ-૧બીમાં ફેરફાર કરીને વિદેશી વિદ્યાર્થીઓ માટે અમેરિકામાં નોકરીઓ મેળવવાનું મુશ્કેલ બનાવી દીધું છે. આ વિદ્યાર્થીઓને અમેરિકામાં ભણી રહ્યા પછી અત્યાર સુધી એચ-૧બી વિઝા હેઠળ નોકરી મળતી હતી. ટ્રમ્પ તંત્રએ અહીં એચ-૧બી વિઝાની પસંદગીની પ્રક્રિયા જ બદલી નાખી છે. હજી તો થોડા સમય પહેલાં જ ટ્રમ્પે વસવસો વ્યક્ત કર્યો હતો કે ભારતીય અને ચીનના વિદ્યાર્થીઓ અમેરિકામાં ભણીને તેમના દેશ પાછા જતાં રહે છે તે આપણી સિસ્ટમ માટે શરમજનક છે. તેમણે અમેરિકામાં અભ્યાસ કર્યો હોય તો પછી તે અમેરિકામાં જ રહેવા જોઈએ. બિલકુલ આનાથી વિપરીત વર્તન કરતા ટ્રમ્પે વિદેશી કામદારને વિઝા લોટરી સિસ્ટમથી નહીં મળે, પણ તેની સ્કીલના આધારે મળશે. આનો સીધો અર્થ એમ જ થાય કે અમેરિકન યુનિવર્સિટીમાંથી ભણીને બહાર નીકળેલા ફ્રેશર્સને એચ-૧બી હેઠળ નોકરી સીધી મળી જતી હતી તે હવે પહેલા જેટલી સરળતાથી નહી મળે, તેના બદલે તેના હેઠળ વધારે અનુભવી હશે તેને જ મળશે. જ્યારે ફ્રેશર હોય તેવા વિદેશી વિદ્યાર્થીએ નોકરી માટે દોડતાં રહેવું પડે તેવી સ્થિતિ સર્જી છે. તેમના માટે નોકરી મેળવવી જ અશક્ય બનાવી દેવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે. નવા નિયમ હેઠળ તેવા લોકોને વિઝામાં અગ્રતા આપવામાં આવશે, જેમનું વેતન વધારે છે અને જેમની પાસે સારું કૌશલ્ય છે. વાસ્તવમાં એચ-૧બી વિઝામાં પગારના ચાર સ્તર હોય છે. તેમા પહેલા લેવલથી લઈને ચોથા લેવલ સુધીનો સમાવેશ થાય છે. આથી લેવલ-૪ના જેટલો સેલરી મેળવતા ઉમેદવારને લોટરીમાં ચાર વખત સામેલ કરાશે, જ્યારે લેવલ-૩ને સેલરી મેળવતાને ત્રણ વખત, લેવલ-૨નો સેલરી મેળવનારને બે વખત અને લેવલ-૧નો પગાર મેળવનારને ફક્ત એક જ વખત તક મળશે.

૨૦૨૪થી ફરાર હતો

## ઈડીએ ૧.૫ કરોડ ડોલરનાં ટેક સપોર્ટ કૌભાંડમાં આરોપીની ધરપકડ કરી

• નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડી કરનારા ગેરકાયદેસર કોલ સેન્ટરો સાથે સંકળાયેલા ૧.૫ કરોડ ડોલરના કોભાંડના સંબધમાં એક વ્યકિતની ધરપકડ કરી છે તેમ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. દિલ્હી એનસીઆર ક્ષેત્રમાંથી કાર્યરત આ કોલ સેન્ટરો અને મની લોન્ડરિંગનો આરોપીની ઓળખ ચંદ્ર પ્રકાશ ગુપ્તા તરીકે કરવામાં આવી છે. ઈડીના જણાવ્યા અનુસાર ૧૩ ડિસેમ્બરે ગુપ્તાની ધરપકડ કરવામાં આવી હતી. એજન્સીએ જણાવ્યું હતું કે ટેકનિકલ સર્વિસ પ્રોવાઈડરના નામે ટેક સપોર્ટ કૌભાંડનો મુખ્ય આરોપી ગુપ્તા સીબીઆઈના દરોડા પછી જુલાઈ, ૨૦૨૪થી ફરાર હતો. ત્યારબાદ તેની વિરુદ્ધ બિન જામીન પાત્ર વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. ઈડીએ આ કોલ સેન્ટરને ઓપરેટ કરનાર ગેંગની ૧૦૦ કરોડ રૂપિયાની વધુની સંપત્તિની ઓળખ કરી છે જે ટેક સપોર્ટની આડમાં અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડી કરતા હતાં. ઈડીના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગેરકાયદે કોલ સેન્ટર નોઈડા અને ગુરુગ્રામથી ઓપરેટ થતા હતાં. આ કોલ સેન્ટરના કર્મચારીઓએ ઓફિશિયલ માઈક્રોસોફ્ટ સિક્યોરિટી નોટિફિકેશનની નકલ કરનારા છેતરપિંડીવાળા પોપ અપ એલર્ટ મેસેજ દ્વારા અમેરિકન નાગરિકોને છેતર્યા હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે જ્યારે પીડિતોએ મેસેજમાં આપવામાં આવેલા ફોન નંબરો પર કોલ કર્યા તો આ કોલ ગેરકાયદે કોલ સેન્ટરમાં લાગતા હતાં. જ્યાં ગેંગએ માઈક્રોસોફ્ટની ટેક સપોર્ટ ટીમ બનીને રિમોટ એક્સેસ સોફ્ટવેરની મદદથી તેમના કોમ્પ્યુટરનું સંપૂર્ણ અંકુશ પોતાના હાથમાં લઈ લીધું હતું.

## મ.પ્રદેશમાં ચાર બાળકોના જન્મની દુર્લભ ઘટના ટ્રેજડીમાં પરિણમી

### નવજાત બાળકોના ફેફસા સહિત મહત્વના અવયવો અવિકસીત હોવાથી બચાવી ન શકાયા

છિંદવાડા (મધ્ય પ્રદેશ) : એક અત્યંત દુર્લભ તબીબી ઘટનામાં મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લાના જુન્નરદેવ ગામની ૨૮ વર્ષીય મહિલાએ તાજેતરમાં એક સાથે ચાર બાળકોને જન્મ આપ્યો હતો. જો કે પ્રસવના તુરંત બાદ ચારેજ નવજાતના મોત થતા સાત લાખ પ્રસવમાંથી એકમાં બનતી આ અતિશય અસામાન્ય બાબતનો દુઃખદ અંત આવ્યો હતો. આ કેસ જોડિયા બાળકોના જન્મ સાથે સંકળાયેલી પ્રસવ સાથે સંકળાયેલા જોખમો પ્રત્યે લોકોનું તેમજ મેડિકલ નિષ્ણાંતોનું ધ્યાન ખેંચ્યું છે, ખાસ કરીને મર્યાદિત સ્ત્રોત અને સંસાધનો હોય તેવા વિસ્તારમાં બાળકો તેમજ માતાના જીવ બચાવવાનું કાર્ય મુશ્કેલ હોય છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર જુન્નરદેવના રોરાઢેકનીમલ ગામની ગુન્નોબાઈ નામની ૨૮ વર્ષીય મહિલાએ સમય પહેલા એક સ્થાનિક આરોગ્ય સેવા ખાતે ચાર બાળકોને જન્મ આપ્યો હતો. અકાળે જન્મમાંથી ઉદ્ભવતી ગૂંચવણોને કારણે નવજાત બાળકોને તુરંત વધુ મેડિકલ સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે તેમાંથી બે બાળકોનું રસ્તામાં જ મોત થયું હતું જ્યારે બાકીના બે હોસ્પિટલમાં દાખલ થયાના ટૂંક સમયમાં જ અવસાન પામ્યા. હોસ્પિટલના સ્ત્રોતોએ પુષ્ટી કરી કે નવજાત બાળકોના ફેફસા ગંભીર રીતે અવિકસીત હતા, જે એકસાથે વધુ બાળકોના જન્મ થવાની બાબતમાં સામાન્ય પણ ગંભીર સમસ્યા હોય છે.

જિલ્લા હોસ્પિટલના અધિકારીએ જણાવ્યું કે નવજાત બાળકોનું વજન અત્યંત ઓછું હતું અને ગંભીર રીતે અવિકસીત હતા. હોસ્પિટલ સુધી પહોંચનાર એક બાળકીનું વજન ૬૦૦ ગ્રામ હતું જ્યારે બાળકનું વજન માત્ર ૩૫૦ ગ્રામ હતું. તેમના ફેફસા પણ અવિકસીત હોવાથી સ્વતંત્ર રીતે શ્વાસ લેવાનું અશક્ય હતું. રસ્તામાં જ અવસાન પામેલા બે અન્ય બાળકોના વજન પણ આશરે ૬૦૦ ગ્રામ જેટલા હતા. ડોક્ટરોએ જણાવ્યું કે જુન્નરદેવ વિસ્તારમાં જન્મ સમયે બાળકોના ઓછા વજન સામાન્ય બાબત છે અને નવજાત બાળકોના જન્મસમયના વજન આશરે બે કિલો હોય છે. આ ચાર બાળકોના જન્મની બાબતમાં માતાનું શરીર ચાર ગર્ભના વિકાસને પૂરતો ટેકો ન આપી શક્યું, જેના પરિણામે તેમના મહત્વના અવયવો અવિકસીત રહ્યા.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# મહીસાગર જીલ્લાના ૪૧ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં નો ફલાય ઝોન જાહેરનામું

## ૨૨ ને 'રેડ ઝોન' અને ૧૯ ને 'યલો ઝોન' જાહેર કરવામાં આવ્યા

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગર જીલ્લાના ૪૧ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં નો ફલાય ઝોન જાહેરનામું બહાર પડયું મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા જાહેરનામું બહાર પાડીને જિલ્લામાં આવેલા ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને 'રેડ ઝોન' અને 'યલો ઝોન' તરીકે જાહેર કર્યા છે. મહીસાગર જિલ્લાના કુલ ૪૧ ઝોન પૈકી ૨૨ ને 'રેડ ઝોન' અને ૧૯ ને 'યલો ઝોન' જાહેર કરવામાં આવ્યા છે. યલો ઝોનમાં મહીસાગર ડિસ્ટ્રિક્ટ કોર્ટ (૨૦૦ મીટર), એસ.પી. ઓફિસ અને કલેક્ટર કચેરી મહીસાગર (૨૦૦ મીટર), લુણાવાડા (૨૦૦ મીટર), કોઠંબા, બાલાસિનોર, વીરપુર અને સંતરામપુર (દરેક ૧૦૦ મીટર) ખાતેના ટેલિફોન એક્સચેન્જો, મધવાસ મહી નદીનો પુલ (૫૦૦ મીટર), લુણાવાડા ખાતેનો પાનમ નદીનો પુલ (૫૦૦ મીટર), આગરવાડા મહી નદીનો પુલ (૫૦૦ મીટર), સંતરામપુર ખાતેનો છીબોટા નદીનો પુલ (૫૦૦ મીટર), કડાણા ખાતેનો ઘોડિયાર પુલ (૫૦૦ મીટર), લુણાવાડા સિવિલ હોસ્પિટલ (૫૦૦ મીટર), ખાનપુર ખાતેનો ભાદર ડેમ (૫ કિમી), લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર ખાતેના વોટર સપ્લાય પ્લાન્ટ (દરેક ૫૦૦ મીટર), લુણાવાડા ખાતે પોલીસ હેડક્વાર્ટર મહીસાગર (૫૦૦ મીટર), અને બાલાસિનોર ખાતે જે.કે. સિમેન્ટ વર્ક્સ (૫૦૦ મીટર) નો સમાવેશ થાય છે. રેડ ઝોનમાં સાવદાસ ના મુવાડા (૫૦૦ મીટર), લુણાવાડા (૫૦૦ મીટર), કોઠંબા (૫૦૦ મીટર), મોવાસા (૫૦૦ મીટર), વરધરી (૫૦૦ મીટર), સાચકપુર (૫૦૦ મીટર), લીમડીયા (૫૦૦ મીટર), બકોર (૫૦૦ મીટર), ખાનપુર (૫૦૦ મીટર), ડીટવાસ (૫૦૦ મીટર), સંતરામપુર (૫૦૦ મીટર), લીમડા મુવાડી (૫૦૦ મીટર), વાલાખેડી (૫૦૦ મીટર), પાંડવા (૫૦૦ મીટર), જોરાપુરા (૫૦૦ મીટર), ભાથલા (૫૦૦ મીટર), બાલાસિનોર (૫૦૦ મીટર), અને વીરપુર (૫૦૦ મીટર) ખાતેના ઈલેક્ટ્રિક પાવર સબ સ્ટેશન ૬૬ કેવી; તેમજ કડાણા ખાતે કડાણા હાઈડ્રો-ઈલેક્ટ્રિક પાવર સ્ટેશન (૫ કિમી), વણાકબોરી ખાતે ઓરેવા પાવર સ્ટેશન (૫ કિમી), કડાણા ડેમ (૫ કિમી), અને વણાકબોરી ડેમ (૫ કિમી) નો સમાવેશ થાય છે.

# પશુપક્ષી, પર્યાવરણ તેમજ કોઈ દુર્ઘટના ન બને તે બાબતને ધ્યાને લઈને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સી વી લટાએ આગામી તા. ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬, મકરસંક્રાંતિ (ઉતરાયણ) ના તહેવારને ધ્યાને લઈને કેટલાંક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું છે. સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન, કે જેમાં મીણના ચોસલા બળતળ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈ પણ વેપારી-વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ,ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી. ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થોથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયો ડીગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી.

**વિરોધ** ખ્રિસ્તમાં માનનારાઓ વિશ્વાસુ લોકોની સુરક્ષા પુરી પાડવા બાબતે આવેદન પત્ર પ્રાંત અધિકારી ડેડીયાપાડાને આપવામાં આવ્યું

# નર્મદા નાતાલની શાંતિ પૂર્ણ ઉજવણી માટે પરવાનગી આપવા તથા પરવાનગી ન આપવા બાબતે બે આવેદન પત્રો અપાયા

## નર્મદાના ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે આદિવાસીઓનું ધર્માંતરણ થતું હોવાનો આક્ષેપ

• દીપક જગતાપ, રાજપીપલા

નાતાલ પર્વ નજીક આવ્યું છે ત્યારે વર્ષોથી નર્મદા માં આદિવાસી ઓનું ખ્રિસ્તીઓમાં ધરમાન્તરણનો મુદ્દો સામે આવ્યો છે. નર્મદા જિલ્લો આદિવાસી વિસ્તાર હોય આ વિસ્તારમાં ખ્રિસ્તીઓની વસ્તી પણ આવેલી હોય નાતાલ પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે કેટલાક સંગઠનો એ નર્મદાના ગ્રામ્ય વિસ્તારોમાં ધર્માંતરણ થઈ રહયો હોવાનો આક્ષેપ કરી આવી પ્રવૃત્તિ કરવાવાળાને પરવાનગી ન આપવા બાબતે રાષ્ટ્રીય આદિવાસી મંચના આગેવાનોએ પ્રાંત અધિકારી ડેડીયાપાડાને આવેદનપત્ર આપ્યું છે તો સામે બીજી બાજુ ખ્રિસ્તીમાં માનનારા વિશ્વાસુ લોકોને સુરક્ષા પુરી પાડવા અને નાતાલ પર્વની ઉજવણી કરવા માટે પરવાનગી આપવામાં બાબતે પણ એક આવેદન પત્ર પ્રાંત અધિકારી ડેડીયાપાડા ને આપવામાં આવ્યું છે નાતાલ પરવાનગી માંગતા આવેદકોએ જણાવ્યું છે કેતાજેતરમાંસોનગઢ, માંડવી તથા દક્ષિણ ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં વિશ્વ હિન્દુ પરીષદ અનેબજરંગ દળ જેવા કહેવાતા હિન્દુ ધર્મના સંગઠનો દ્વારા ખ્રિસ્તીની જુદી જુદી ધાર્મિક પ્રવૃતિઓ દરમ્યાન ઉપરોકત સંગઠનો અને તેમની શાખાઓના આગેવાનો દ્વારાજુદી



જુદી ધાર્મિક પ્રવૃતિઓમાં અપપ્રવેશ કરી ધાર્મિક ગતિવિધીઓમાં ખલેલ ઉભી કરી હેરાનપરેશાન કરવામાં આવે છે.દક્ષિણ ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં વિશ્વ હિન્દુ પરીષદ અનેબજરંગ દળ જેવા સંગઠનોથી વટાળ પ્રવૃતિ કરે એવી રજુઆત કરી ખોટા કેસો કરી ધણાલોકો આજે કોર્ટ કચેરીના તકલીફો વેઠી રહ્યાં છે. ગમે તે માણસ ગમે તે ધર્મ પાળી શકે અને ગમે ત્યા વસવાટ કરી શકે તેમજ નામદારસુપ્રિમ કોર્ટ ના જજમેન્ટ મુજબ કોઈ પણ વ્યકિત ગમે તે ધર્મ પાળે પણ તેમના સમાજમાથી તે દુર થઈ શકતો નથી.દક્ષિણ ગુજરાતઆદિવાસી બાહુલ્ય વસ્તી ધરાવતો વિસ્તારહોય અહીં વર્ષોથી રોમન કેથોલીક તથા પ્રોટેસ્ટન ધર્મ પાળનારા ધણા ધાર્મિક લોકો વસવાટ કરે છે તો સોનગઢ, માંડવી તથા દક્ષિણ ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં વિશ્વ હિન્દુપરીષદ અને બજરંગ દળ જેવા સંગઠનો સમાજમાં જુદા જુદા ધર્મ પાળનાર સમુદાયો વચ્ચેવયમનસ્ય ઉભુ કરી ભય અને ડર નુ વાતાવરણ ઉભુ કરવા આવા સંગઠનો પ્રયત્ન કરે છે.જેથી આદિવાસી ક્ષેત્રમાં શાંતિનુ વાતાવરણ ડોળવાય અને આ ચાલુ માસ દરમીયાન ઈસુભગવાનની જન્મ જયંતિ પર્વ "નાતાલ" જેવા ધાર્મિક કાયક્રમ ઉજવવા દરમીયાનખ્રિસ્તમાં માનનારાઓ વિશ્વાસુ લોકોની સુરક્ષા પુરી પાડવાની માંગ કરી છે.તો બીજી બાજુ સામે રાષ્ટ્રીય આદિવાસી મંચના આગેવાનોએ પણપ્રાંત અધિકારી ડેડીયાપાડાને આવેદન આપતાં જણાવ્યું છે કે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા સાગબારા ચિકદા ગામમાં ખૂબ મોટા પાયે ધર્મન થઈ રહ્યું છે. એના વિરોધમાં આગેવાનો અને સંતો દ્વારા ધર્મણતરણ ના થાય એ માટે આવેદનપત્ર આપી નર્મદા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બે રોકટોક ધર્માંતરણ પ્રક્રિયા ચાલુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પાકા અને કાચા ચર્ચો બનાવી આદિવાસી વિસ્તારમાં ગુજરાતમાં ધર્માંતરણ વિરોધી કાયદો હોવા છતાં આજે ગામે ગામ અહીંના આદિવાસી સમાજના રિવાજો રૂઢી પરંપરા પૂજાતા દેવી-દેવતા ઉપર ખૂબ મોટો ઘાત કરી રહ્યા છે નર્મદામાં ખ્રિસ્તી ધર્માંતરણ થાય છે એનો અમે સખત વિરોધ કરીએ છીએ તેથી આવા કાર્યક્રમો કરનારને જો પરવાનગી આપવામાં આવશે તો અમે સખત આંદોલન કરીશું એવી ચીમકી પણ આપવામાં આવી છે.

## પ્રમુખેરાષ્ટ્રીય આદિવાસી મંચ ને ટેકો જાહેર કર્યો

# નર્મદા જિલ્લા માં નાતાલ પર્વ નર્મદા માં આદિવાસી ઓનું ખ્રિસ્તીઓમાં ધરમાન્તરણનો મુદ્દો ઉછળ્યો

**કબૂલાત** ડેડીયાપાડા માં 212 જેટલા આદિવાસીઓ ધર્માંતરણ કર્યું હોવાનું vhp કબુલ્યું




• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદા જિલ્લા માં નાતાલ પર્વ નર્મદા માં આદિવાસી ઓનું ખ્રિસ્તીઓમાં ધરમાન્તરણનો મુદ્દો ઉછળ્યો છે. ડેડીયાપાડા માં 212 જેટલા આદિવાસીઓ ધર્માંતરણ કર્યું હોવાનું vhp એ કબુલ્યું હતું અજિત સિંહ રાઠોડ નર્મદા VHP પ્રમુખે આંકડાકીય માહિતી આપી હતી.તેમણેરાષ્ટ્રીય આદિવાસી મંચ ને ટેકો જાહેર કર્યો હતો. આ અંગે આ વિસ્તારનાં ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રાંત અધિકારી ડેડીયાપાડા ને ધર્માંતરણ અટકવવા અંગે જે આવેદનપત્ર આપ્યું તેં અંગે પોતાની પ્રતિક્રિયા આપી હતી અજિત સિંહ રાઠોડે જણાવ્યું હતું કે ગુજરાતમાં ધર્માંતરણવિરોધી કાયદો હોવા છતાં આજે ગામે ગામ અહીંના આદિવાસી સમાજના રિવાજો રૂઢી પરંપરા પૂજાતા દેવી-દેવતા ઉપર ખૂબ મોટો ઘાત કરી રહ્યા છે VHP દ્વારા સખત વિરોધ કરીએ છીએ તેથી આવા કાર્યક્રમો કરનારને જો પરવાનગી આપવામાં આવશે તો અમે સખત આંદોલન કરીશું

જોકે આ અંગે આ વિસ્તારનાં ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રાંત અધિકારી ડેડીયાપાડા ને ધર્માંતરણ અટકવવા અંગે જે આવેદનપત્ર આપ્યું તેં અંગે પોતાની પ્રતિક્રિયા આપી હતી.ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે એમને આદિવાસીઓનો ઈતિહાસ ખબર નથી.1970-80 નાં દાયકામાં ખ્રિસ્તી મિશનરીઓ આવ્યા અને શિક્ષણ ની જોગવાઈ કરી એનાથી આદિવાસીઓઆકર્ષયઈને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે.

આદિવાસી મૂળઆદિવાસીઅને પ્રકૃતી પૂજક છે એટલે આદિવાસી મટી જતો નથી આજ દિન સુધી કોઈ પણ વ્યક્તિએ મને ધર્માંતરણ બાબતની ફરિયાદ કરી નથી જયારે નર્મદા જિલ્લા કલેકટર દ્વારા પણ જણાવવામાં આવ્યું કે જો કોઈએ ધર્મપરિવર્તન કરવું હોય તો એની પ્રોસેસ કરવી પડે અને હું જ્યારે એની સહમતી આપું તોજ થઈ શકે નર્મદા જિલ્લા માં ધર્મપરિવર્તન ની આજદિન સુધી મને કોઈ ફરિયાદ મળી નથી એમ જણાવ્યું હતુ

# બાલાસિનોર શહેરમાં કમળાના રોગચાળાને ડામવા બેઠક યોજાઈ

## અસરગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવા કલેક્ટરના સૂચનો

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર




બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં હાલમાં જોવા મળી રહેલા કમળાના રોગચાળાને નિયંત્રિત કરવા અને નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે લુણાવાડા કલેક્ટર કચેરી ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ફેલાયેલા રોગચાળાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક અસરથી પગલાં લેવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન કલેક્ટરએ નગરપાલિકાના અધિકારીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે, રોગચાળાગ્રસ્ત વિસ્તારોમાં જે પાણીની લાઈનો ખૂબ જ જૂની છે અને વારંવાર લીકેજ થવાની સમસ્યા સર્જાય છે, તેવી તમામ લાઈનોને યુદ્ધના ધોરણે બદલવાની કામગીરી શરૂ કરવામાંઆવે. ખાસ કરીને પીવાના પાણીની લાઈન અને ગટર લાઈન વચ્ચે થતા લીકેજને કારણે પ્રદૂષિત પાણીની સમસ્યા સર્જાય છે, જેનું કાયમી નિરાકરણ લાવવા માટે ગટર લાઈનોના સમારકામ અને નવીનીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.જે વિસ્તારોમાં કમળાના કેસનું પ્રમાણ વધારે છે, તેવા વિસ્તારોની ઓળખ કરી ત્યાં વિશેષ આરોગ્યલક્ષી ટીમો તૈનાત કરવા અને ક્લોરીનેશનની કામગીરી સઘન બનાવવા આદેશ અપાયા છે. નાગરિકોને દૂષિત પાણીથી બચાવવા માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે શુદ્ધ પાણીના ટેન્કરો દ્વારા પાણી વિતરણ કરવાની સૂચના પણ આપવામાં આવી છે. આ ઉપરાંત, શહેરમાં જનજાગૃતિ ફેલાવવા માટેના વિવિધ કાર્યક્રમો હાથ ધરવા જણાવાયું છે, જેથી લોકો પાણી ઉકાળીને પીવા અને વ્યક્તિગત સ્વચ્છતા પ્રત્યે સજાગ બને.કલેક્ટર અર્પિત સાગરે આ કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવા અને તમામ વિભાગોને સંકલનમાં રહીને કામ કરવા તાકીદ કરી હતી. બાલાસિનોરના રહીશોને રોગચાળામાંથી વહેલી તકે મુક્તિ મળે તે માટે નગરપાલિકા અને આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું બેઠકના અંતે જણાવાયું હતું.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ, બાલાસિનોર પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,બાલાસિનોર ચીફ ઓફિસર સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમ યોજાયો

## કલેક્ટર દ્વારા ૧૬ પૈકી ૦૮ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સ્થિત કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય જનતાના પડતર પ્રશ્નોના ત્વરિત અને ન્યાયિક નિરાકરણ લાવવાના ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં કલેકટર એ અરજદારોની રજૂઆતોને રૂબરૂ સાંભળીને સંબંધિત વિભાગોને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. આજના આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ દરમિયાન જિલ્લાભરમાંથી આવેલા અરજદારો દ્વારા કુલ ૧૬ જેટલા વિવિધ પ્રશ્નો કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. રજૂ થયેલા આ પ્રશ્નોની ગંભીરતાપૂર્વક સમીક્ષા કર્યા બાદ, કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે સ્થળ પર જ ૦૮ જેટલા પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરી અરજદારોને સંતોષકારક ન્યાય અપાવ્યો હતો. વધુમાં, કાર્યક્રમમાં રજૂ થયેલા અન્ય ૦૬ પ્રશ્નો હાલ પેન્ડિંગ રાખવામાં આવ્યા છે. આ પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે જે-તે વિભાગના અધિકારીઓને સ્થળ તપાસ કરવા અને નિયમોનુસાર જરૂરી કાર્યવાહી હાથ ધરી સત્વરે અહેવાલ રજૂ કરવા કલેક્ટર દ્વારા સૂચના આપવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ, નિવાસી અધિક કલેક્ટર સી વી લટા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનિય છે કે કાર્યક્રમમાં કલેકટર એ અરજદારોની તમામ રજૂઆતોને રૂબરૂ સાંભળીને સંબંધિત વિભાગોને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. આજના આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ દરમિયાન જિલ્લાભરમાંથી આવેલા અરજદારો દ્વારા કુલ ૧૬ જેટલા વિવિધ પ્રશ્નો કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

# મહીસાગર જિલ્લાના જળાશયો પર પ્રતિબંધ: સલામતી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

જોખમી સ્થળોએ નહાવા, તરવા અને સેલ્ફી લેવા પર પ્રતિબંધ, ભંગ કરનાર સામે કડક કાર્યવાહી તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જળાશયો (નદીઓ, નહેરો, તળાવો, દરીયો) માં નહાવા પડેલ વ્યક્તિઓના ડૂબી જવાથી મરણ થવા અંગેની ઘટનાઓ ધ્યાને આવેલ છે. જે બાબત અતિ ગંભીર છે. જેથી આવા ભયજનક સ્થળો કે જ્યા કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં પ્રવેશવાથી ડૂબવાનુ જોખમ રહેલ છે ત્યાં જાહેર સલામતી, લોકોના જાન, સ્વાસ્થય અને સલામતીને થતું જોખમ અટકાવવા આવા જળાશયોમાં/ જોખમી સ્થાનોએ પ્રવેશ અટકાવવો જાહેર હિતમાં ઈચ્છનીય છે. મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સમગ્ર જિલ્લામાં તાત્કાલિક અસરથી તા. ૨૨/૦૨/૨૦૨૬ સુધી જિલ્લામાં આવેલાં તમામ નદીઓ, તળાવો, નાળાં, નહેરો, ચેકડેમો, કોઝ-વે અને ધોધ જેવાં પાણીનાં વહેણવાળાં જોખમી સ્થળોએ કોઈપણ વ્યક્તિને નહાવા અને તરવા પર, કપડાં ધોવા પર, માછલી પકડવા જવા પર, જળાશયોના ઊંડા પાણીમાં પ્રવેશ કરવા અને તેમાં મદદગારી કરવા પર, સમગ્ર મહીસાગર જિલ્લામાં આવેલા કોઝ-વે પરથી પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈપણ વ્યક્તિને વાહન સાથે કે પગપાળા પસાર થવા પર અને ઉપરોક્ત તમામ જોખમી સ્થળોએ ઊભા રહીને મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે:

## ખાતર ડેપો પર આવેલ ખાતર પૂર્ણ થવા સુધી કતારો અકબંધ

# મલેકપુર સેવા સહકારી મંડળી માં યુરીયા ખાતર માટે ખાતર આવવાની સાથે જ વહેલી સવારે લાંબી લાઈનો

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર



મલેકપુર સેવા સહકારી મંડળી માં યુરીયા ખાતર માટે ખાતર આવવાની સાથે જ વહેલી સવારે લાંબી લાઈનો જોવા મળી હતી લુણાવાડા તાલુકાના મલેકપુર સેવા સહકારી મંડળીમાં ખાતર આવતા ની સાથે જ ખેડૂતો ખાતર માટેની લાઇનો માં ઊભા રહેલા જોવા મળ્યા હતા આ લાંબી કતારો જોવા મળવી તે બાબત સહજ અને કાયમી બની ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે. સમગ્ર ખેડૂતો ખેતી માં સારી ઉપજ લેવા યુરિયા ખાતર નો ઉપયોગ કરતા હોય છે અને તેમને સમય સમય પાક લેવા ખાતર ની તાતી જરૂરિયાત પડતી હોય છે આમ વરસ દરમ્યાન લુણાવાડા તેમજ લુણાવાડાતાલુકા ના મલેકપુર માં પણ ખેડૂતો ખાતર માટેની લાઈનોમાં બારે મહિના ઊભા જોવા મળી રહ્યા હોય તે બાબત હવે લોકો ને સહજ અને કાયમી બની હોય તેમ દેખાઈ રહ્યું છે ખેડૂતો ને પોતાની જરૂરિયાત મુજબ ખાતર મળી રહે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે અથવા તો વધુ અને સારી ઉપજ માટે ખાતર નો વપરાશ ખેડૂતો દ્વારા વધ્યો છે તે સમજવું મુશ્કેલ બન્યું છે ખાતર વિતરકોને ત્યાં જોવા મળે છે હાલ ના સમય તાલુકામાં કોઈ પણ જગ્યાએ ખાતર આવ્યા ની જાણ ખેડૂતો ને વાયુ વેગે થતા ખાતર ડેપો કે દુકાન ખૂલ્યા પહેલા તો ખેડૂતો લાઈન માં જોતરાયેલા દેખાઈ રહ્યા છે. વહેલી સવારથી લાંબી કતારો જોવા મળતી છેક બપોર સુધી અથવા ખાતર ડેપો પર આવેલ ખાતર પૂર્ણ થવા સુધી જોવા મળી રહી છે જેને લઈ ખાતર સમયસર મળી રહે તેવું ખેડૂતો રહ્યા છે મલેકપુર સેવા સહકારી મંડળીમાં ખાતર આવવાની સાથે જ લાંબી લાઈનો જોવા મળી રહી છે

# IKDRCમાં ફાઈલ અટકાવવાથી ગરીબ કિડની દર્દી સરકારી સહાયથી વંચિત

### ડાયરેક્ટરના હસ્તાક્ષરમાં વિલંબના કારણે 5 લાખની રાષ્ટ્રીય આરોગ્ય નિધિ મળી નથી

• અમદાવાદ | વિશેષ સંવાદ

અમદાવાદ સ્થિત Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માંથી એક અત્યંત ગંભીર અને ચિંતાજનક મામલો સામે આવ્યો છે, જેમાં માત્ર વહીવટી વિલંબ અને ફાઈલ અટકાવી રાખવાના કારણે એક ગરીબ કિડની દર્દીને રાષ્ટ્રીય આરોગ્ય નિધિમાંથી મળતી 5 લાખની સરકારી સહાયથી વંચિત રાખવામાં આવ્યો છે। 35 વર્ષના કિડની દર્દી શમશેર સિંહે તારીખ 02 ડિસેમ્બર 2024ના રોજ રાષ્ટ્રીય આરોગ્ય નિધિ હેઠળ સહાય મેળવવા માટે તમામ જરૂરી દસ્તાવેજો પૂર્ણ કરી અરજી કરી હતી. આ અરજી IKDRCના યોજના વિભાગના રૂમ નંબર 10માં જમા કરાવવામાં આવી હતી. ત્યારબાદ દર્દીને વારંવાર માત્ર એટલું જ કહેવામાં આવતું હતુ કે ડાયરેક્ટરના હસ્તાક્ષર હજી થયા નથી। દર્દી અનેક વખત ડાયરેક્ટરને મળવા પહોંચ્યો, પરંતુ તેને મળવાની મંજૂરી આપવામાં આવી નહીં. તે કલાકો સુધી ડાયરેક્ટર ઓફિસની બહાર બેસી રહેતો. તે સમયે બનાવેલ એક વિડિયો પણ ઉપલબ્ધ છે, જેમાં શમશેર સિંહ ખુદ કહેતા નજરે પડે છે કે તેઓ લગભગ પાંચ કલાકથી રાહ જોઈ રહ્યા છે, છતાં હજુ સુધી ડાયરેક્ટર તેમને મળ્યા નથી। લગભગ બે મહિના સુધી ફાઈલ આ રીતે અટકી રહી. આ દરમ્યાન શમશેર સિંહે પોતાની ખેતીની જમીન વેચીને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવી પડી. ટ્રાન્સપ્લાન્ટ થયા બાદ તેણે આ સમગ્ર બાબત Kidney Dialysis & Transparent Foundationના ફાઉન્ડર અને સામાજિક કાર્યકર્તા મહેશ દેવાણીને જણાવ્યુ. ત્યારબાદ મહેશ દેવાણી ખુદ IKDRC પહોંચ્યા અને ડાયરેક્ટર ડૉ. પ્રાંજલ મોદી સાથે મુલાકાત કરી। સ્થળ પર ભારે ચર્ચા અને વાદવિવાદ બાદ ડાયરેક્ટર ફાઈલ પર હસ્તાક્ષર કરવા તૈયાર થયા। પરંતુ તે સમયે બહુ મોડું થઈ ચૂક્યું હતું. તારીખ 30 જાન્યુઆરી 2025ના રોજ શમશેર સિંહની કિડની ટ્રાન્સપ્લાન્ટ પહેલેથી જ થઈ ચુકી હતી. ત્યારબાદ જ્યારે ફાઈલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, ત્યારે અરજીમાં લખીને મોકલવામાં આવ્યું કે ટ્રાન્સપ્લાન્ટ થઈ ચૂક્યુ છે, જ્યારે રાષ્ટ્રીય આરોગ્ય નિધિના નિયમો સ્પષ્ટ રીતે કહે છે કે સહાય ટ્રાન્સપ્લાન્ટ પહેલાં જ આપવામાં આવે છે। આરોગ્ય નિધિ વિભાગે દર્દીને ફોન કરીને પુષ્ટિ કરી. દર્દીએ સત્યતા જણાવી કે ટ્રાન્સપ્લાન્ટ થઈ ચૂક્યુ છે. આ આધાર પર 5 લાખની સહાય આપવા ઈનકાર કરી દેવામાં આવી. જો ફાઈલ પર સમયસર હસ્તાક્ષર થયા હોત, તો આ સહાય દર્દીને મળી ગઈ હોત। આ મામલો સામે આવ્યા બાદ એવું પણ જાણવા મળ્યું છે કે આવા અનેક અન્ય દર્દીઓ છે, જેમની ફાઈલો પર પણ ડાયરેક્ટર સ્તરે હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી, પરંતુ કોઈ પણ દર્દી સામે આવવાની હિંમત કરતો નથી. દર્દીઓને ભય રહે છે કે ફરિયાદ કરવાથી તેમનુ ટ્રાન્સપ્લાન્ટ અટકી શકે, સારવારમાં ઈચ્છાપૂર્વક વિલંબ થઈ શકે અથવા આગળની સારવાર પ્રભાવિત થઈ શકે. શમશેર સિંહની સ્પષ્ટ માંગ છે આ આર્થિક નુકસાન IKDRCના પ્રશાસન અને ડાયરેક્ટરની વિલંબ અને બેદરકારીના કારણે થયું છે, તેથી 5 લાખની સહાય રકમ IKDRC દ્વારા તેમને ચુકવવામાં આવે। આ મામલો હવે માત્ર એક દર્દીનો નથી રહ્યો, પરંતુ સરકારી હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓના અધિકાર, પારદર્શિતા અને જવાબદારી પર એક ગંભીર પ્રશ્ન સર્જાયો છે।

મધ્ય ગુજરાત જન આક્રોશ યાત્રા (દિવસ ૫) બોરસદ થી અહિમા

ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ૨૨ નિર્દોષ લોકોના મોત થયા

# પાંચમાં દિવસની યાત્રા દરમ્યાન એ.પી.એમ.સી. ચોકડી આંકલાવ ખાતે જાહેર સભામાં માનવ મહેરામણ ઉમટ્યું

### અહીમા ખાતે મહિલા સંવાદ દ્વારા મહિલાઓના પ્રશ્નોને વાંચા આપવામાં આવી.

• અમદાવાદ

જન આક્રોશ યાત્રાના પાંચમાં દિવસની શરૂઆત છાણી બોરસદથી શરૂ કરવામાં આવી ત્યારબાદ યાત્રા અલાસા ચોકડી, ગામ-નિસારયા, કોશીન્દ્રા, એ.પી.એમ.સી. ચોકડી, ખડોલ, રણછોડપુરા, આસોદર ચોકડી, આંકલાવ, વાસદ-ડાકોર રોડ ચોકડી, વાસદ, સત કેવલ ચાર રસ્તા, સરસ, ખંભોળાજ, ઓડ, શીલી, અહીમા, સાવલી તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકો દ્વારા ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત અને જાહેરસભાઓમાં જનસમર્થન જોવા મળ્યું. પાંચમાં દિવસની યાત્રા દરમ્યાન પાંચમાં દિવસની યાત્રા દરમ્યાન એ.પી.એમ.સી. ચોકડી આંકલાવ ખાતે જાહેર સભામાં માનવ મહેરામણ ઉમટ્યું. અહિમા ખાતે મહિલા સંવાદ દ્વારા મહિલાઓના પ્રશ્નોને વાંચા આપવામાં આવી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે સત્તામાં બેઠેલા લોકોને રાજ્યના નાગરિકોની કોઈ પડી નથી. તેમને માત્ર પોતાના ખિસ્સા ભરવામાં જ રસ છે. તાજેતરમાં ગંભીર બ્રિજ અકસ્માતની ઘટના બની, જેના માટે સંપૂર્ણપણે સરકાર જવાબદાર છે, કારણ કે પુલ જર્જરિત હતો. સરકારને સ્થાનિકોએ અગાઉથી જાણ કરી હતી, છતાં સરકારને લોકોના જીવની ચિંતા ન હતી. આખરે બ્રિજ તૂટ્યો અને અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. છતાં પણ કાર્યવાહીના નામે માત્ર દેખાડો કરવામાં આવ્યો. આટલી ગંભીર બેદરકારીના કારણે લોકોના જીવ ગયા, પરંતુ સરકારના પેટનું પાણી પણ ન હલ્યું. આ સરકાર વિકાસના નામે ખેડૂતોની જમીનો લઈ લે છે. ખેડૂતોને જમીનના યોગ્ય ભાવ આપવામાં આવતા નથી અને પોતાના મળતિયાં ઉદ્યોગપતિઓને મફતના ભાવે જમીન આપવામાં આવે છે. આંકલાવ તાલુકાના કહાનવાડી ગામમાં આ મૂડીવાદી સરકાર દ્વારા ગ્રામજનોની જાણ વગર બારોબાર 237 વિઘા પડતર જમીન એક સંસ્થાને કોલેજ કરવા માટે મફતના ભાવે આપી દેવામાં આવી છે. આ જમીન અપાવનાર પણ ભાજપના જ લોકો છે. આ મામલે ગ્રામજનો આજે પણ વિરોધ કરી રહ્યા છે અને આ લડત આગામી સમયમાં પણ ચાલુ રહેશે. વધુમાં ભાજપના રાજમાં ગુજરાતમાં મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. રોજેરોજ દુષ્કર્મ અને લૂંટફાટની ઘટનાઓ સામે આવી રહી છે. રાજ્યમાં બેફામ રીતે દારૂ અને ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહ્યું છે. કાયદો અને વ્યવસ્થાનું નામોનિશાન રહ્યું નથી. આ તમામ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બેઠેલા ગૃહમંત્રી અને મુખ્યમંત્રી જ જવાબદાર છે. પોલીસનું કામ ગુનાખોરી રોકવાનું છે, પરંતુ આ સરકાર પોલીસનો ઉપયોગ ખુદ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે કરે છે. મોટાભાગે 2 નંબરના ધંધાઓમાં ખુદ પોલીસના લોકો જ ભાગીદાર હોય છે, ત્યારે કાયદો વ્યવસ્થા કેવી રીતે જળવાશે? કારણ કે રક્ષક જ ભક્ષક બનીને બેઠા છે. વિધાનસભા વિપક્ષ નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે ભાજપ ગરીબોની વેદના ક્યારેય સમજી શકતી નથી, કારણ કે ભાજપ ઉદ્યોગપતિઓની સરકાર છે. કોંગ્રેસના સમયમાં ડીઝલ 56, પેટ્રોલ 71 અને ગેસનો બાટલો 350માં મળતો હતો. ત્યારે ભાજપ રસ્તા પર ઉતરીને વિરોધ કરતી હતી અને તેને મોંઘવારી લાગતી હતી. પરંતુ આજે માત્ર 11 વર્ષના ભાજપના શાસનમાં ડીઝલ 90, પેટ્રોલ 99 અને ગેસનો બાટલો લગભગ 1200 સુધી પહોંચી ગયો છે. ડોલર જે 62 હતો તે આજે 90 વટાવી ગયો છે.

ઉપરોક્ત જન આક્રોશ યાત્રામાં AICC ના મંત્રી અને સંગઠન પ્રભારી શ્રી રામકિશન ઓઝાજી, પૂર્વ ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, શ્રી ભીખાભાઈ રબારી, શ્રી લાખાભાઈ ભરવાડ, AICC મંત્રી શ્રી પલકબેન વર્મા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નટવરસિંહ મહીડા, આણંદ જિલ્લા પ્રમુખ અલ્પેશભાઈ પઢિયાર, આણંદ શહેર પ્રમુખ શ્રી મહેશ સોલંકી, આગેવાન શ્રી યુનુસભાઈ મુખી, ડો પ્રકાશ પરમાર, શ્રી વિનુભાઈ સોલંકી, આણંદ જિલ્લા મહિલા પ્રમુખ શ્રીમતી રજનીકુમારી ભૃગુરાજસિંહ ચૌહાણ, ડૉ ઈરફાન રાઠોડ, પ્રવક્તાશ્રી નરેન્દ્ર રાવત, શ્રી નિશાંત રાવલ, જિલ્લા પંચાયત સભ્ય ડૉ. પ્યારેલાલ, મંગળસિંહ સોલંકી, આંકલાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી કમલેશભાઈ જાદવ, આંકલાવ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પરમાર, શ્રી ઉષાબેન પઢીયાર, શ્રી મહેન્દ્રસિંહ પઢીયાર, શ્રી ફતેસિંહ સોલંકી, શ્રી પ્રતાપસિંહ સોલંકી, શ્રી મનુભાઈ પઢીયાર, શ્રી મનુભાઈ પુનમભાઈ પઢીયાર, શ્રી દિલીપસિંહ લાલસિંહ, શ્રી ધર્મેન્દ્રસિંહ મહિડા, શ્રી વિજયભાઈ પઢીયાર સહિતના આગેવાનશ્રીઓને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા..

### ૨૫૫ યજમાનોને પણ સર્ટીફીકેટ એનાયત કરાયાં

# માંડલ ખંભલાય ધામની વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાએ નોંધ લીધી : લક્ષચંડી મહામહોત્સવમાં ૩ રેકોર્ડ મળ્યાં

**મહામહોત્સવ** | અદભુત, અવર્ણનિય અને સોનેરી ક્ષણને વધાવવા માઈભક્તોનો પ્રવાહ ધસી આવ્યો

• (વંદના નીલકંઠ વાસુકીયા)

આજ આનંદ, આજ ઉછરંગ, આજ સલુણા નેહ, સખી અમારે આંગણે આજ કંચન વરસ્યાં મેહ. માંડલ ખંભલાય ધામમાં તા. ૧૪ થી ૨૪ ડીસેમ્બર દરમ્યાન અગીયાર દિવસીય ન ભુતો ન ભવિષ્યતિ શ્રી મહાશક્તિ ખંભલાય મા લક્ષચંડી મહાયાગ યોજાઈ ગયો હતો. જેમાં ૨૫૫ યજમાન પરિવારો, ૧૦૮ ચિત્રકુટીય ભુદેવો દ્વારા ૧ કરોડ ૮ લાખ કરતાં વધુ આહુતિ ચંડીપાઠના મંત્રો-શ્લોકોની મદદથી હોમી શ્રી ખંભલાય માતાજીને અર્પણ કરવામાં આવી છે. આ મહોત્સવના દશમ દિને એટલે કે, તા.૨૩ના રોજ દેશ-દુનિયામાં વસતાં રાવલ,વ્યાસ, ભટ્ટ,પંડયા અને શુક્લ સહિતના કુત્સસ ગૌત્રના ૭ હજાર પરિવારો માટે સોનેરી દિવસ હતો. મંગળકારી મંગળવારે માંડલ ખંભલાય ધામમાં ચાલી રહેલ લક્ષચંડી મહોત્સવ દરમ્યાન વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાએ ૩ ઐતિહાસિક રેકોર્ડ આપીને ખંભલાય ધામની નોંધ લીધી હતી. ખંભલાય માતાજીના નીજ મંદિરે છેલ્લાં દસ વર્ષથી ચાલી રહેલ અખંડ નવચંડી યજ્ઞનો રેકોર્ડ, ગત હનુમાન જયંતિથી ધનતેરસ સુધીના સાડા છ માસ દરમ્યાન ૯૯ ભુદેવો દ્વારા સંપન્ન થયેલ ૧.૨૩ લાખ ચંડીપાઠનું પાઠાત્મક અનુષ્ઠાન માટેનો બીજો રેકોર્ડ અને ૧૧ દિવસીય લક્ષચંડી મહોત્સવમાં ૧.૦૮ કરોડથી વધુ આહુતિઓ અર્પણ કરાઈ જે ત્રીજો વર્લ્ડ રેકોર્ડ ખંભલાય ધામે પોતાના નામે કર્યો છે. મંગળવારે સાંજે આયોજિત કાર્યક્રમમાં વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાના ચીફ એડિટર પવન સોલંકી અને પ્રતિનિધિઓની ટીમ ઉપસ્થિત રહી ખંભલાય માતાજી સંસ્થાને ત્રણેય રેકોર્ડ માટે એવોર્ડ, સર્ટીફીકેટ અને સીલ્વર મેડર એનાયત કર્યા હતો. આ ઉપરાંત વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાએ બહોળી સંખ્યામાં સૌપ્રથમવાર ૨૫૫ યજમાન પરિવારોને પણ સર્ટીફીકેટ એનાયત કર્યા હતાં. ખંભલાય માતાજી ટ્રસ્ટ દ્વારા આ ત્રણેય રેકોર્ડ શ્રી ખંભલાય માતાજીના શ્રીચરણોમાં સમર્પિત કરાયાં હતાં, ટ્રસ્ટ દ્વારા વર્લ્ડ ઓફ રેકોર્ડ ઈન્ડિયાના પ્રતિનિધિઓનું પણ ઉષ્માભર્યું સ્વાગત-સન્માન કર્યું હતું. આમ પ્રથમવાર ખંભલાય માતાજી ધામે એકસાથે ત્રણ કિર્તિમાન પોતાને નામે કર્યા, આ અદભુત,અવર્ણીનય અને ગૌરવશાળી-સોનેરી ક્ષણોને વધાવવા યાત્રિકો,યજમાન પરિવારો, ભુદેવો અને અને નગરજનો સહિત હજારો માઈભક્તો ઉમટી પડ્યાં હતાં.




# અમદાવાદમાં ફલાવર શો સવારે 9 થી 10 અને રાત્રે 10 થી 11 રહેશે VIP એન્ટ્રી

### ટિકિટના ભાવમાં વધારો કરવામાં આવતાં કચવાટ ફેલાયો

• અમદાવાદ



અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનારા પ્રખ્યાત 'ફલાવર શો'ને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આ વર્ષે ફલાવર શોની ટિકિટના દરોમાં વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ સામાન્ય ટિકિટમાં 10નો વધારો થયો છે, જ્યારે ભીડથી બચવા માંગતા લોકો માટે 'પ્રાઈમ સ્લોટ'ની વ્યવસ્થા પણ યથાવત રખાઈ છે. અમદાવાદમાં ફલાવર શોની ટિકિટના ભાવ વધ્યા છે. સામાન્ય દિવસોમાં ટિકિટના ભાવ 80 રૂપિયા શનિ-રવિમાં એટલે રજાના દિવસોમાં ટિકીટનો ભાવ 100 રૂપિયા કરાવયો છે. ગત વર્ષ કરતા 10 રૂપિયા મોઘી છે. ટિકિટ પ્રાઈમ સ્લોટની ટિકીટનો ભાવ 500 રૂપિયા છે. ઉલ્લેખનીય છે કે આ ભાવ 12 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકો માટે નથી તેઓ મફતમાં ફલાવર શોની મજા માણી શકશે સાથે એએમસી સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ માટે ફ્રીમાં અને અન્ય શાળાના વિદ્યાર્થીઓ માટે ટિકિટનો દર 10 રૂપિયા નક્કી કરાયો છે. સાથે સૈનિક અને દિવ્યાંગો ફલાવર શોમાં ફ્રીમાં એન્ટ્રી કરી શકશે આ ઉપરાંત ગત વર્ષના જેમ આ વર્ષે પણ સવારે 9થી 10 અને રાત્રે 10 થી 11 પ્રાઈમ સ્લોટ રાખવામાં આવ્યો છે. જેમાં લોકો ભીડભાળ વગર ફલાવર શો માણી શકશે જેની ટિકિટ 500 રૂપિયા રાખવામાં આવી છે. AMCના જયેશ ત્રિવેદીએ જણાવ્યું કે, 12 વર્ષથી ઉપરના માટે 80 રૂપિયાનો દર રાખવામાં આવ્યો છે શનિ રવિ અને જાહેર રજાના દિવસે 100 રૂપિયાનો દર રાખવામાં આવ્યો છે આ ઉપરાંત અમદાવાદ મ્યુનસિપલ કોર્પોરેશનની જેટલી પણ શાળાઓ છે એના બાળકોને ફ્રી એન્ટ્રી રાખવામાં આવી છે એએમસી સિવાયના જે સ્કૂલો છે એના બાળકો માટે સોમથી શુક્રવાર સવારે નવથી એક દરમિયાન 10 રૂપિયાની ટિકિટ રાખવામાં આવી છે પ્રાઈમ સ્લોટ જે ગત વર્ષે આપણે ઈન્ટ્રોડ્યુસ કર્યો તો એને આ વખતે યથાવત રાખ્યો છે.

# માણસા-બાલવા હાઈવે પર હિટ એન્ડ રન : કારની ટક્કરે બાઈક સવાર મહિલાનું મોત

### પતિ-પુત્રીનો આબાદ બચાવ; સ્થળ પર પડેલી નંબર પ્લેટથી ચાલકની ઓળખ થઈ

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા ગામનો એક પરિવાર ગમખ્વાર અકસ્માતનો ભોગ બન્યો છે. અકસ્માતમાં પત્નીનું મોત નીપજ્યું છે, જ્યારે પતિ અને 10 વર્ષની દીકરીનો આબાદ બચાવ થયો છે. અકસ્માત સર્જી કાર ચાલક ફરાર થઈ ગયો હતો, પરંતુ તેની ગાડીનું તૂટેલું બંપર અને નંબર પ્લેટ ઘટનાસ્થળે જ રહી જતાં કલોલ તાલુકા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના ચરાડા ગામના અંબિકાનગરમાં રહેતા રાકેશકુમાર ઠાકોર તેમની પત્ની પિંકીબેન અને 10 વર્ષની દીકરી નિધિ સાથે સોમવાર સાંજે સાસરીમાં આમજા ગામે ગયા હતા. સાંજે આશરે પાંચ વાગ્યાના અરસામાં તેઓ બાઈક પર પરત ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન આમજા વળાંક અને બાલવા ચોકડીની વચ્ચે હાઈવે રોડ પર પાછળથી પૂરઝડપે આવી રહેલી એક ફોર વ્હીલર ગાડીએ બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે પિંકીબેન બાઈક પરથી ઉછળીને હાઈવે રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને માથા તેમજ બંને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે રાકેશકુમાર અને તેમની દીકરીનો ચમત્કારિક બચાવ થયો હતો. બાદમાં 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત પિંકીબેનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતા કલોલ તાલુકા પોલીસે સ્થળ પર જઈ તપાસ હાથ ધરી હતી. અકસ્માત સર્જી ગાડીનો ચાલક પોતાની કાર લઈને ભાગી છૂટ્યો હોવાનું માલૂમ પડ્યું હતું. જોકે ટક્કરને કારણે ગાડીનું બંપર તૂટીને રસ્તા પર જ પડી ગયું હતું, જેના પર ગાડીનો નંબર DL-3CBE-5637 (દિલ્હી પાસિંગ) લખેલો હતો. પોલીસે આ નંબર પ્લેટના આધારે ગુનો નોધી અજાણ્યા કાર ચાલકને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ : સુભાષ બ્રિજનો સેફ્ટી રિપોર્ટ લંબાયો, અમદાવાદીઓને હજુ 3 દિવસ હાલાકી ભોગવવી પડશે


• અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા મહત્વના સુભાષ બ્રિજની સ્થિતિ અંગેનો ટેકનિકલ રિપોર્ટ હવે વિલંબિત થયો છે. અગાઉ આ રિપોર્ટ 25 ડિસેમ્બર સુધીમાં આવવાની શક્યતા હતી, પરંતુ હવે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ રિપોર્ટ આગામી 28 ડિસેમ્બર સુધીમાં સબમિટ કરવામાં આવશે. પરિણામે, બ્રિજ હજુ વધુ ત્રણ દિવસ ટ્રાફિક માટે બંધ રહેશે. AMCના અધિકારીઓના જણાવ્યા મુજબ, બ્રિજને રિપેરિંગ કરીને ફરી ખોલવો કે પછી તેના માળખામાં મોટા ફેરફારો (Structural Interventions) કરવા તે અંગે હજુ સુધી કોઈ અંતિમ કે તટસ્થ નિર્ણય લેવામાં આવ્યો નથી. નિષ્ણાતોના અભિપ્રાય અને સરકાર સાથેના પરામર્શ બાદ જ કોઈ ચોક્કસ દિશા નક્કી કરવામાં આવશે. AMC સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ આ અંગે જણાવ્યું હતુ કે, 'અત્યારે રિપોર્ટ મળ્યો નથી. રાજ્ય સરકાર, R&B વિભાગ અને મ્યુનિસિપલ કમિશનર સાથે પરામર્શ ચાલી રહ્યો છે. રિપોર્ટ સબમિટ થયા પછી, નિષ્ણાતોના અભિપ્રાયને આધારે જ નિર્ણય લેવામાં આવશે.' સુભાષ બ્રિજ સાબરમતી નદી પરનો અત્યંત મહત્વનો કનેક્ટર છે. તેની માળખાકીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને અગમચેતીના ભાગરૂપે તેને ટ્રાફિક માટે બંધ કરવામાં આવ્યો છે.

### પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુનેગારોને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા

# અમદાવાદના વેપારી સાથે બંધ પોલિસી ચાલુ કરાવવાના બહાને 23 લાખની છેતરપિંડી

• અમદાવાદ



અમદાવાદમાં સાયબર ઠગાઈના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં નરોડા વિસ્તારમાં રહેતા એક વેપારીને વીમા કંપનીના કર્મચારી હોવાનું કહી, બંધ પોલિસી ફરી શરૂ કરવાના બહાને 23.08 લાખનો ચૂનો લગાવવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ઠગ ટોળકીએ ત્રણ વર્ષના ગાળામાં કુલ 219 ટ્રાન્જેક્શન કરાવી આ રકમ પડાવી લીધી હતી. નરોડા જીઆઈડીસીમાં ગ્રાઈન્ડિંગ પોલિશિંગનો વ્યવસાય કરતા અમરસિંહ વાઘેલાએ વર્ષ 2019માં એક્સાઈડ લાઈફ ઈન્શ્યોરન્સની એક પોલિસી લીધી હતી. કોરોનાકાળ દરમિયાન આર્થિક મુશ્કેલીને કારણે તેઓ પ્રીમિયમ ભરી શક્યા નહોતા, જેને પરિણામે પોલિસી બંધ થઈ ગઈ હતી. ઓગસ્ટ 2022માં હિમાંશુ રાજપૂત નામના વ્યક્તિએ તેમને ફોન કર્યો અને પોતે વીમા કંપનીનો કર્મચારી હોવાની ઓળખ આપી. તેણે લાલચ આપી હતી કે જો તેઓ બાકી પ્રીમિયમ અને દંડ પેટે 56,000 ભરશે, તો વર્ષ 2025 સુધીમાં તેમને 10 લાખનું વળતર મળશે. સાયબર ઠગે શરૂઆતમાં વિશ્વાસ કેળવવા માટે ઠગોએ માત્ર 1 રૂપિયો UPI દ્વારા ટ્રાન્સફર કરાવ્યો હતો. વેપારી પાસે કોઈ રસીદ આપ્યા વગર ટુકડે-ટુકડે 219 વખત નાણાં ટ્રાન્સફર કરાવી કુલ 23,08,000 પડાવી લીધા. જ્યારે વેપારીએ વળતરની માંગણી કરી અને સામેથી કોઈ પ્રતિસાદ ન મળ્યો, ત્યારે તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો. આ મામલે અમરસિંહ વાઘેલાએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં 4 અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુનેગારોને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# શાહપુર પાસેની નદીના પટમાં 500 મીટર દોડીને 3 કરોડના મશીનો-ડમ્પરો ઝડપી પાડ્યા

## ગાંધીનગર : ભૂમાફિયાઓ પર મહિલા અધિકારીઓની સર્જિકલ સ્ટ્રાઈક

• ગાંધીનગર

ગાંધીનગરના શાહપુર પાસે સાબરમતી નદીના પટમાં ખનિજ માફિયાઓ વિરુદ્ધ ખાણ-ખનિજ વિભાગની ત્રણ મહિલા અધિકારીની ટીમે મધરાત્રે એક સાહસિક ઓપરેશન પાર પાડ્યું છે. આ ઓપરેશન દરમ્યાન મહિલા અધિકારીઓએ 500 મીટર દોડીને 2.50 કરોડના મશીનો અને ડમ્પરો ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર કલેક્ટર મેહુલ દવેના માર્ગદર્શન અને મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહની સૂચના હેઠળ ગાંધીનગર ખનિજ વિભાગની ટીમે શાહપુર ખાતે સાબરમતી નદીમાં ચાલતા ગેરકાયદે ખનન પર મોટી કાર્યવાહી કરી છે. આ ઓપરેશનમાં સામેલ ત્રણ મહિલા અધિકારીઓ રોયલ્ટી ઈન્સ્પેક્ટર મેહુલા સભાયા, દેવયાનીબા જાડેજા અને માઈન્સ સુપરવાઈઝર સગુણા ઓઝાએ સાહસિકતાનો પરિચય આપ્યો હતો. આ મહિલા ટીમ દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી સતત વોચ રાખ્યા બાદ ગત રાત્રે આશરે 3:30 કલાકે ઘોર અંધારામાં આકસ્મિક દરોડો પાડવામાં આવ્યો હતો. દરમ્યાન ખાણ ખનીજ વિભાગની ટીમને જોતા જ ખનિજ ચોરીમાં સંકળાયેલા ભૂમાફીયાઓ




નાસી છૂટવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ આ મહિલા અધિકારીઓએ હાર માન્યા વગર સાબરમતીના નદીપટ્ટમાં અડધો કિલોમીટર સુધી દોડીને ભાગતા વાહનોનો પીછો કર્યો હતો અને 2 એસ્કેવેટર મશીન તથા 5 ડમ્પરોને રંગેહાથ પકડી પાડ્યા હતા. આ અંગે વિભાગના સૂત્રોએ કહ્યું કે,આ ઓપરેશન દરમિયાન જેસિંગ ચતુરભાઈ પટેલ, નવઘણ ભરવાડ, અરવિંદ વણઝારા અને અન્ય વાહન માલિકોની સંડોવણી બહાર આવી છે. મહિલા અધિકારીઓએ ઘટનાસ્થળેથી એક પીળા કલરનું હિટાચી એસ્કેવેટર અને એક સન્ની એસ્કેવેટર મશીન જપ્ત કર્યું છે, જે ચાલુ હાલતમાં બિનઅધિકૃત ખોદકામ કરી રહ્યા હતા. આ ઉપરાંત પાંચ ડમ્પરો પણ ઝડપાયા છે, જેમાંથી કેટલાક રેતી ભરીને નજીકના સ્ટોક વિસ્તારમાં જઈ રહ્યા હતા. આ જપ્ત કરાયેલા કુલ 7 મશીનો અને વાહનોની કિંમત આશરે 2.50 કરોડ છે. હાલમાં રેતીના જથ્થાની માપણી કરી દંડકીય વસૂલાતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને તમામ વાહનોને કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ તેમજ ઘણપ ચેકપોસ્ટ ખાતે સીઝ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે આ જ સ્થળે એક વર્ષ પહેલા પણ રેડ કરવામાં આવી હતી જેમાં 70 લાખની ખનિજ ચોરી બદલ ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

**આક્રોશ**

### ઘ 3 સર્કલે ઉગ્ર વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો

# બાંગ્લાદેશમાં અત્યાચારના વિરોધમાં વિહિપ અને બજરંગદળ દ્વારા પૂતળું દહન કરાયું

## અમાનવીય કૃત્યો સામે હિન્દુ સંગઠનોમાં ભારે રોષ

• ગાંધીનગર

બાંગ્લાદેશમાંસત્તાપરિવર્તનબાદહિન્દુલઘુમતીસમાજપરથઈરહેલા જીવલેણહુમલાઅનેઈસ્લામિકજેહાદીઓનાક્રૂરઅત્યાચારનાવિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગાંધીનગર શહેરના ઘ 3 સર્કલે ઉગ્ર વિરોધ પ્રદર્શન અને પૂતળા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુ મહિલાઓ, બાળકો અને પુરુષો સાથે કરવામાં આવી રહેલા અમાનવીય કૃત્યો સામે હિન્દુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને શ્રમિક દીપુ દાસની નિર્દયતાપૂર્વક હત્યા અને તેને જાહેરમાં જીવતો સળગાવવાની બર્બરતાપૂર્ણ ઘટનાએ સમગ્ર વિશ્વના હિન્દુ સમાજને હચમચાવી દીધો છે. આ આતંક અને હિંસા સામે અવાજ ઉઠાવવા માટે ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગાંધીનગરના તમામ કાર્યકર્તાઓ, હિન્દુ વિચારધારા ધરાવતા સંગઠનો અને સમગ્ર હિન્દુ સમાજને આ કાર્યક્રમમાં જોડાયા હતા.આ કાર્યક્રમ થકી સંગઠનનો મુખ્ય હેતુ ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણ લાવી બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓની સુરક્ષા નિશ્ચિત કરવાનો અને ગુનેગારોને કડક સજા અપાવવાનો છે.આ અંગે ગાંધીનગર જિલ્લા બજરંગ દળ સંયોજક ધર્મેન્દ્ર પટેલે કહ્યું કે , આજે અમે ગાંધીનગર જિલ્લા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જે બાંગ્લાદેશની અંદર વિધર્મીઓ દ્વારા દીપુ ચંદ્રદાસની નિર્મમ હત્યા કરવામાં આવી છે એના વિરોધમાં ધરણા પ્રદર્શન કરીએ છીએ. અમારો ઉદ્દેશ્ય બાંગ્લાદેશની સરકારને ધર્મને આધારે કોઈ વ્યક્તિની નિર્મમ હત્યા થાય એના વિરુદ્ધમાં કડકમાં કડક કાર્યવાહી કરે.



### ડભોઈ MGVCLની ગંભીર બેદરકારી

# જનતાનગર પાસે જીવના જોખમે વીજ લાઈન બદલવાની કામગીરી કરાઈ

**ગોળ ગોળ વાતો**

## દુર્ઘટના થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે : અધિકારીઓના ઉડાઉ જવાબ



• ફકીરા ખત્રી ડભોઈ

શહેરના જનતા નગરના નાકા પાસે આવેલા માર્યા કોમ્પ્લેક્સ નજીક આજે MG V CL દ્વારા નવા વીજ વાયર ના ખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, આ કામગીરી દ રમિયાન તંત્રની ઘોર બેદરકારી અને માનવ જિંદગી પ્રત્યેની લાપરવાહી સામે આવી છે.સેફ્ટી સાધનો વગર 20 ફૂટ ઊંચા થાંભલા પર જોખમી કામ કોન્ટ્રાક્ટરના કર્મચારીઓ કોઈપણ પ્રકારના સેફ્ટી બેલ્ટ, હેલ્મેટ કે સુરક્ષાના સાધનો વગર 15 થી 20 ફૂટ ઊંચા થાંભલા પર ચઢીને કામ કરી રહ્યા હતા. વીજ લાઈન જેવી જોખમી કામગીરીમાં સુરક્ષાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોઈ સ્થાનિકોમાં ફાળ પડી હતી.

અધિકારીઓનો ઉડાઉ જવાબ જવાબદારી કોન્ટ્રાક્ટરની જ્યારે આ બાબતે સ્થળ પર હાજર MG-V C Lના લાઈનમેન એસ. એસ. પ ટે લને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે સંતોષકારક જવાબ આપવાને બદલે ગોળ-ગોળ વાતો કરી હતી.

તે મ ણે જણાવ્યું હતું કે જો કોઈ જાનહાનિ કે દુ ર્ઘ ટના થશે તો તેની સંપૂર્ણ જ વા બ દારી કોન્ટ્રાક્ટરની રહેશે સવાલ એ ઉભો થાય છે કે જો સરકારી અધિકારીઓ જ પોતાની હાજરીમાં થતા ખોટા કામનો બચાવ કરતા હોય અને કોન્ટ્રાક્ટરની તરફેણ કરતા હોય તો કોઈ મોટી દુર્ઘટનાના કિસ્સામાં જ વાબદાર કોણ? શું તંત્ર કોઈના મોતનાસમાચારનીરાહજોઈરહ્યુંછે? જાહેરાતવગરપાવરકટલોકોપરેશાન સામાન્ય રીતે જ્યારે પણ MGVCL દ્વારા સમારકામ કરવાનું હોય ત્યારે અગાઉથી જાહેરાત કરવામાં આવતી હોય છે. પરંતુ આ કિસ્સામાં કોઈપણ પ્રકારની પૂર્વ જાણકારી વગર વીજ પુરવઠો બંધ કરી દેવાયો હતો.

લગભગ બે કલાક સુધી લાઈટ ગુલ રહેતા સ્થાનિક રહીશો અને વેપારીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા

ડભોઈ MGVCL દ્વારા ચાલતી આ કામગીરીમાં નીતિ-નિયમોનું પાલન થાય અને કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. ઉચ્ચ અધિકારીઓ આ મામલે તપાસ કરી જવાબદાર લાઈનમેન અને કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરે તે જરૂરી છે.

# મહીસાગર જિલ્લાના ૧.૧૬ લાખથી વધુ બાળકોને 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો લાભ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર ગુજરાતમાં 'સુશાસન સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રા સતત નવી ઊંચાઈઓ સર કરી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે, જેમાં બાળકોના સ્વાસ્થ્ય અને પોષણને પ્રાધાન્ય આપી 'સુપોષિત ગુજરાત મિશન'ને વેગ આપવામાં આવી રહ્યો છે.રાજ્ય સરકાર દ્વારા અમલી 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' મહીસાગર જિલ્લાના બાળકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જિલ્લામાં કાર્યરત કુલ ૧૧૯૮ મધ્યાહ્ન ભોજન (MDM) કેન્દ્રો દ્વારા અંદાજે ૧,૧૬,૮૯૫ જેટલા બાળકોને દરરોજ સવારે ગરમાગરમ અને પોષણયુક્ત નાસ્તો પીરસવામાં આવે છે. ડિસેમ્બર-૨૦૨૪થી શરૂ થયેલી આ યોજનાનો ઉદ્દેશ્ય પ્રાથમિક શાળાના બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરવાનો છે.મહીસાગર જિલ્લામાં અમલી બનેલી 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' અંગે પોતાનો સંતોષ વ્યક્ત કરતા ધોરણ-૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલી શ્રી રાઈસિંગભાઈ પરમારે જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકારની આ પહેલ ખૂબ જ સરાહનીય છે. મારા પુત્રને શાળામાં દરરોજ સવારે ૧૧:૦૦ કલાકે નિયત કરેલા મેનૂ મુજબ ગરમાગરમ અને શુદ્ધ નાસ્તો મળી રહે છે.'તેમણે યોજનાની ઉપયોગિતા વિશે વધુમાં ઉમેર્યું હતું કે, 'સામાન્ય રીતે બાળકો રિસેસના સમયે બહારનું બિનઆરોગ્યપ્રદ 'જંક ફૂડ' ખાવાની ટેવ ધરાવતા હોય છે, જે તેમના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. પરંતુ હવે શાળામાં જ પૌષ્ટિક નાસ્તો મળવાને કારણે બાળકો બહારના ખોરાકથી દૂર રહેશે અને તેમના શારીરિક વિકાસમાં મોટો સુધારો જોવા મળશે. મહીસાગરના અંતરિયાળ વિસ્તારના બાળકોના સ્વાસ્થ્યની ચિંતા કરવા બદલ હું રાજ્ય સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું.'મહીસાગર જિલ્લામાં 'પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના' હેઠળ બપોરના ગુણવત્તાયુક્ત ભોજનની સાથે હવે સવારનો આ પૌષ્ટિક નાસ્તો મળતા બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. આ યોજના અંતર્ગત બાળકોને અઠવાડિયાના અલગ-અલગ દિવસોમાં પ્રોટીન અને કેલરીયુક્ત આહાર આપવામાં આવે છે. જેમાં સોમવાર, બુધવાર અને શનિવારે ઘઉં, સીંગદાણા અથવા સ્થાનિક શ્રીઅન્ન (મિલેટ્સ) માંથી બનાવેલી પૌષ્ટિક 'સુખડી' આપવામાં આવે છે. જ્યારે મંગળવાર, ગુરુવાર અને શુક્રવારે પ્રોટીનથી ભરપૂર 'ચણા ચાટ' અથવા 'મિક્સ કઠોળ-સીંગદાણા ચાટ' પીરસવામાં આવે છે. શાળાના રસોડામાં જ તૈયાર થતો આ શુદ્ધ અને તાજો આહાર બાળકોની પાચનશક્તિ અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવામાં પાયાની ભૂમિકા ભજવી રહ્યો છે.

# ગાંધીનગર : નિમણૂક પામેલા LRD જવાનો માટે ખુશખબર, ઉમેદવારો પોતે જિલ્લો પસંદ કરી શકશે

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-11 સ્થિત રામકથા મેદાન ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'પસંદગી પત્ર એનાયત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 11,607 લોકરક્ષક કેડરના ઉમેદવારોને નિમણૂક પત્રો અપાયા હતા. મહત્ત્વનું છે કે લોકરક્ષક કેડરમાં કુલ 11,899 ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે પૈકી 8,782 પુરુષ અને 3,117 મહિલા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. હાલના તબક્કે, જે ઉમેદવારોના ડૉક્યુમેન્ટ વેરિફિકેશન પૂર્ણ થયેલા હતા તેવા કુલ 11,607 ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા છે. સરકારે નિમણૂક પામેલા LRD જવાનોને મોટી રાહત આપતા ખુશખબર આપી છે. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા નવ નિયુક્ત લોકરક્ષક દળના જવાનો માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. હવે નિમણૂક પામેલા LRD જવાનોને જિલ્લા પસંદગી માટે વિકલ્પ આપવામાં આવશે. ગુજરાતના ઈતિહાસમાં લોકરક્ષક જવાનો માટે પહેલી વખત સરકાર દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે, અગાઉ આ પ્રથા ન હતી, પરંતુ હવે ઉમેદવારો પોતાની અનુકૂળતા મુજબ જિલ્લો પસંદ કરી શકશે, આ નિર્ણય બાદ હવે નવનિયુક્ત જવાનો તેમના પરિવાર અને નોકરી વચ્ચે સંતુલન જાળવી શકશે. મુખ્ય હેતુ દરેકને ઘરથી નજીક નોકરી મળે એવો પ્રયાસ છે. તો બીજી તરફ ગુજરાત પોલીસ ભરતી બોર્ડે પોલીસ વિભાગમાં વર્ગ 3 સંવર્ગ હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક (LRD) કેડરની કુલ 13,591 જગ્યા માટે ભરતીની શારીરિક કસોટીની સંભવિત તારીખ જાહેર કરી દીધી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેરાત ક્રમાંક GPRB/202526/1ની પો.સ.ઈ. કેડર અને લોકરક્ષક કેડરની ભરતી અંગેની શારીરિક કસોટી સંભવિત જાન્યુઆરી-2026ના ત્રીજા સપ્તાહથી યોજાઈ શકે છે.

# ઘાટલોડિયાની સ્નેહાંજલિ સોસાયટીમાં 40 વર્ષ જૂના 25 બંગલા પર ફર્યું

• અમદાવાદ

અમદાવાદમાં આજ(24 ડિસેમ્બર) રોજ સ્નેહાંજલિ સોસાયટીમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી હતી. અહીં ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ મૂળ માલિકને ફાળવવામાં આવેલા પ્લોટ પર બનેલા 25 આલિશાન બંગલાઓને તોડી પાડવા માટે AMCની ટીમ બુલડોઝર સાથે ત્રાટકી હતી. આ કાર્યવાહી શરુ થતાં જ રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ રસ્તા પર ઉતરી આવી તંત્રનો વિરોધ કર્યો હતો અને કેટલાક રહીશોએ તો આત્મવિલોપન કરવાની ચીમકી આપતા ઘટનાસ્થળે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. આ વિવાદ વર્ષ 1983થી શરુ થાય છે, જ્યારે જમીનના મૂળ માલિક સિવાયના અન્ય લોકોએ આ પ્લોટ પર ગેરકાયદેસર બાંધકામ કરી બંગલાઓ વેચી દીધા હતા. અહીં વસતા પરિવારોનો દાવો છે કે તેઓ છેલ્લા 40 વર્ષથી તમામ કાયદેસરના દસ્તાવેજો સાથે અહીં રહી રહ્યા છે. જોકે, આ જમીન મુદ્દે લાંબી કાયદાકીય લડત બાદ અંતે સુપ્રીમ કોર્ટે મૂળ જમીન માલિકની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે પ્લોટ પરથી તમામ દબાણો દૂર કરી ખાલી જગ્યા મૂળ માલિકને સોંપવામાં આવે. રહીશોના ઉગ્ર વિરોધ અને સૂત્રોચ્ચાર છતાં, સુપ્રીમ કોર્ટના કડક આદેશનું પાલન કરવા માટે AMC દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્રએ જરૂરી સુરક્ષા વ્યવસ્થા સાથે તમામ 25 વિવાદિત બંગલાઓને તોડી પાડવાની કાર્યવાહી પૂર્ણ કરી છે.

### આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રહેશે : અધિકારીની સ્પષ્ટતા

# બાલાસિનોરમાં ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા સઘન તપાસ: ખાણી-પીણીના એકમોમાંથી ૦૭ નમૂના લેવાયા

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

બાલાસિનોર પ્રાંતમાં છેલ્લા કેટલાય સમયથી વધતાં જતાં હિપેટાયટિસ એ વાઈરસ (કમળો)ના કેસોને ધ્યાનમાં લઈ કલેક્ટરશ્રીના આદેશ મુજબ વહીવટી તંત્ર તથા નગરપાલિકા દ્વારા દ્વારા કેટલાક સખત પગલાં લેવામાં આવ્યા છે. ત્યારે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાની ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા બાલાસિનોર વિસ્તારમાં સઘન તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન બાલાસિનોર વિસ્તારમાં આવેલી નાસ્તાની લારીઓ, ફાસ્ટફૂડની દુકાનો અને હોટલો મોટાભાગે બંધ જોવા મળી હતી. તેમ છતાં, તંત્ર દ્વારા કાર્યવાહી ચાલુ રાખીને સર્વોદય હોસ્પિટલની સામેના ભાગમાં આવેલા ભોજનાલયો તેમજ કોલેજ નજીક આવેલી એક હોટલની તપાસ કરવામાં આવી હતી. આ સ્થળોએથી ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે કુલ ૦૭ જેટલા નમૂનાઓ મેળવી પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી ટીમ દ્વારા ભોજનાલયોના માલિકોને સ્વચ્છતા બાબતે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. તંત્ર દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી છે કે રસોઈ અને પીવા માટે માત્ર RO ફિલ્ટરવાળા પાણીનો જ ઉપયોગ કરવો તેમજ એકમોમાં ઉચ્ચ કક્ષાની સાફ-સફાઈ જાળવવી અનિવાર્ય છે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર એકમો સામે આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રહેશે તેમ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.



# પોષણથી પ્રગતિ તરફ: મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાએ શાળાઓમાં લાવી નવી ઊર્જા

## પોરબંદર જિલ્લાના ૨૨,૮૮૮ વિદ્યાર્થીઓને રોજ પૌષ્ટિક નાસ્તાનો લાભ

• વિરમભાઈ કે. આગઠ

ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના રાજ્યની શાળાઓમાં ગુણાત્મક પરિવર્તન લાવી રહી છે. દરરોજ સવારે શાળાનો ઘંટ વાગે ત્યારે બાળકોના ચહેરા પર ઉત્સાહ, આનંદ અને આત્મવિશ્વાસ સ્પષ્ટ દેખાય છે. કારણ કે હવે શાળા માત્ર ભણતરનું કેન્દ્ર નથી, પરંતુ પોષણ અને સંવર્ધનનું કેન્દ્ર બની છે. યોજનાના અંતર્ગત વિદ્યાર્થીઓને રોજ ગરમાગરમ તથા પૌષ્ટિક નાસ્તો આપવામાં આવે છે. જેમાં સુખડી, ચણાચાટ, મિક્સ કઠોળ અને સ્થાનિક શ્રી અન્ન મિલેટનો સમાવેશ થાય છે. એકસાથે બેસીને નાસ્તો કરવાથી બાળકોમાં સમાનતા, ભાઈચારો અને સામાજિક મૂલ્યો વિકસે છે. પોરબંદર જિલ્લાના છાંયા વિસ્તારમાં આવેલી પીએમ શ્રી નવાપરા પ્રાથમિક શાળામાં આ યોજનાની અસર સ્પષ્ટ રીતે જોવા મળે છે. શાળાના આસિસ્ટન્ટ શિક્ષક શ્રી મૌલિકભાઈ જોશીના જણાવ્યા મુજબ, યોજના અમલમાં આવ્યા બાદ વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર વધારો થયો છે. અગાઉ કુપોષણથી પીડાતા બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે તેમજ તેમની શૈક્ષણિક એકાગ્રતા અને શીખવાની



ક્ષમતા વધેલી જોવા મળે છે. પોરબંદર જિલ્લામાં આ યોજના હેઠળ કુલ ૨૨,૮૮૮ વિદ્યાર્થીઓ પૌષ્ટિક અલ્પાહારનો લાભ લઈ રહ્યા છે. આ યોજના માત્ર બાળકોની ભૂખ શાંત કરતી નથી, પરંતુ શિક્ષણ પ્રત્યે રુચિ, નિયમિત હાજરી અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે છે. સરકારની આ લોકહિતકારી યોજનાએ "સ્વસ્થ બાળક – સશક્ત ભવિષ્ય"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

**દુર્ઘટના** — ચનવાડા નજીક અચાનક તેનું ટાયર ફાટ્યું

# ડભોઈ: ચનવાડા પાસે ખાદ્યતેલ ભરેલો ટેમ્પો પલટી ગયો, હાઈવે પર તેલની રેલમછેલ

## અંકુર બ્રાન્ડના ખાદ્યતેલના ડબ્બા લઈને ટેમ્પો જઈ રહ્યો હતો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ચનવાડા ગામ પાસે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અંકુર બ્રાન્ડના ખાદ્યતેલના ડબ્બા ભરીને જઈ રહેલા એક ટેમ્પોનું ટાયર અચાનક ફાટતા ટેમ્પો બેકાબૂ બની ડિવાઈડર સાથે ભટકાઈને પલટી મારી ગયો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર તેલની નદીઓ વહેતી જોવા મળી હતી. બનાવની વિગત પ્રાપ્ત માહિતી અનુસાર, અંકુર તેલના ડબ્બાઓથી ભરેલો એક ટેમ્પો પૂરઝડપે પસાર થઈ રહ્યો હતો, ત્યારે ચનવાડા નજીક અચાનક તેનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટતાની સાથે જ ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ટેમ્પો જોરદાર ધડાકા સાથે રોડની વચ્ચે આવેલા ડિવાઈડર સાથે અથડાઈને પલટી ખાઈ ગયો હતો. ડ્રાઈવર-ક્લીનરનો બચાવ અને આર્થિક નુકસાન સદનસીબે જાનહાનિ ટળી અકસ્માત એટલો ભયાનક હતો કે ટેમ્પોના ફુરચેફુરચા ઉડી ગયા હતા, પરંતુ સદનસીબે ડ્રાઈવર અને ક્લીનરનો આબાદ બચાવ થયો છે. તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું



જાણવા મળ્યું છે. મોટું નુકસાન: ટેમ્પો પલટી મારતા અંદર ભરેલા ખાદ્યતેલના ડબ્બા ફાટી ગયા હતા. રસ્તા પર તેલ ફેલાઈ જવાથી હજારો રૂપિયાનું તેલ વેડફાઈ ગયું હતું, જેના કારણે માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ટ્રાફિક જામ અને સ્થાનિકોની કામગીરી: અકસ્માતને પગલે મુખ્ય માર્ગ પર તેલની રેલમછેલ થતા વાહનો લપસી જવાનો ભય ઊભો થયો હતો, જેના કારણે થોડીવાર માટે ટ્રાફિક થંભી ગયો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ રોડ પર વેરવિખેર થયેલા તેલના ડબ્બાઓને સાઈડ પર ખસેડી રસ્તો ખુલ્લો કરાવવામાં મદદ કરી હતી.

બાલાશિનોર શહેરી વિસ્તારમાં હિપેટાઈટિસ-એના નિયંત્રણ માટે સર્વેક્ષણ અને જનજાગૃતિની કામગીરી યુદ્ધના ધોરણે

# બાલાશિનોરમાં હિપેટાઇટિસ-એ રોગચાળાને નાથવા ૨૬ હજારથી વધુ ઘરોનું સર્વેક્ષણ અને ૧.૯૪ લાખ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ

**સાવચેતી** — હાલમાં વિસ્તારના આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવ્યા છે

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

બાલાશિનોર અર્બન એરિયામાં હાલમાં જોવા મળી રહેલા હિપેટાઈટિસ-એ (પાણીજન્ય રોગ) ના કેસોને ધ્યાનમાં લઈને જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ અને નગરપાલિકા દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ રોગ મુખ્યત્વે દૂષિત પાણીથી ફેલાતો હોવાથી, તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે અર્બન વિસ્તારમાં ૫૨(બાવન)ટીમો દ્વારા કુલ ૨૬,૭૮૩ ઘરોનું સર્વેક્ષણ કરી ૧,૧૯,૪૯૭ જેટલી વસ્તીને આવરી લેવામાં આવી છે. નાગરિકોને પાણી શુદ્ધિકરણ માટે ૧,૯૪,૯૭૪ ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવાની સાથે તેના યોગ્ય



ઉપયોગ અંગે જરૂરી સમજણ પણ આપવામાં આવી રહી છે. રોગચાળાને કાબૂમાં લેવા માટે પાણીના વિતરણ અને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. નગરપાલિકા વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં જોવા મળતા લીકેજનું રીપેરીંગ કાર્ય હાલ પ્રગતિમાં છે. પીવાના પાણીની ગુણવત્તા ચકાસવા માટે અત્યાર સુધીમાં ૫,૪૮૬ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૪,૬૩૮ નમૂના પોઝિટિવ (ક્લોરીન યુક્ત) જણાયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પીવાના શુદ્ધ પાણી માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેથી નાગરિકોને સુરક્ષિત પાણી મળી રહે. તકેદારીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા અનેક આગમચેતીના પગલાં લેવામાં આવ્યા છે. હાલમાં વિસ્તારના આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવ્યા છે અને બાળકોને અલ્પાહાર તેમજ ભોજન તેમના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. જનજાગૃતિ માટે ૨૮,૫૭૪ પત્રિકાઓનું વિતરણ અને માઈકિંગ દ્વારા સતત પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગ, નગરપાલિકા અને પાણી પુરવઠા વિભાગના સંકલનથી દરેક વોર્ડમાં 'મોહલ્લા ક્લિનિક' શરૂ કરવામાં આવ્યા છે, જેથી જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે ત્વરિત સારવાર મળી શકે.

# પોરબંદરમાં માધુરીબેન ગોસ્વામીના શ્રીમુખેથી કાલે ગુરુવાર થી ૮ દિવસીય ભાવસભર રામકથા

## ખારવા વાડ ગણેશ સત્સંગ મંડળ અને સ્વ.હીરાભાઈ મસાણી ની સ્મૃતિના ઉપક્રમે યોજાશે

• વિરમભાઈ કે. આગઠ

દેવાધિદેવ મહાદેવ, ભગવાન શ્રી રામ, રામદેવજી મહાપ્રભુ તથા માં આદ્યશક્તિના આશીર્વાદથી તેમજ સ્વ. હીરાલાલભાઈ બાબુભાઈ મસાણીની પાવન સ્મૃતિમાં શ્રી ગણેશ સત્સંગ મંડળ, ખારવા વાડ - પોરબંદર દ્વારા લોકકલ્યાણના હેતુસર ભવ્ય અને દિવ્ય શ્રી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન ધાર્મિક મહોત્સવમાં વ્યાસપીઠ પર પોરબંદરનું ગૌરવ ગણાતાં પરમ આદરણીય શ્રીમતી માધુરીબેન ગોસ્વામી બિરાજમાન રહી પોતાની ભાવસભર, સંસ્કારસભર અને હૃદયસ્પર્શી શૈલીમાં ભગવાન શ્રી રામના જીવનચરિત્રનું અમૃતરસ પાન કરાવશે. તેમની કથાઓ શ્રોતાઓના હૃદયને સ્પર્શી સત્ય, ધર્મ, કર્તવ્ય, સંયમ અને સેવા જેવા માનવ મૂલ્યોને જીવનમાં ઉતારવા પ્રેરણા આપનારી રહેશે. આ શ્રી રામકથા લોકહિતના ઉદ્દેશ સાથે આયોજિત કરવામાં આવી છે, જેમાં મુખ્ય હેતુ સનાતન ધર્મ વિશે સમાજમાં



જાગૃતિ લાવવાનો તથા સનાતન ધર્મની સાચી સમજ દરેક વર્ગ સુધી પહોંચાડવાનો છે. વર્તમાન સમયમાં ભૌતિકતામાં ભૂલાતી જઈ રહેલી ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને ધાર્મિક મૂલ્યોને પુનર્જીવિત કરવાનો સંકલ્પ આ કથાના માધ્યમથી લેવામાં આવ્યો છે. રામકથાનો પ્રારંભ તા.૨૫/૧૨/૨૦૨૫, ગુરુવારથી થશે અને તા.૦૨/૦૧/૨૦૨૬, મંગળવારના રોજ પૂર્ણાહુતિ થશે. આ દરમિયાન દરરોજ બપોરે ૩:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી કથાનું આયોજન રાખવામાં આવ્યું છે. આ પાવન શ્રી રામકથાનું આયોજન શ્રી સાગર ભુવન હોલ, ખારવા વાડ, પોરબંદર ખાતે કરવામાં આવ્યું છે, જ્યાં ભક્તોની સુવિધા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખી યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. સનાતન ધર્મના રક્ષક, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામજીની પાવન કથાનું અમૃતપાન કરવા દરેક સનાતન ધર્મપ્રેમી ભક્તોને પરિવાર સહિત પધારવા શ્રી ગણેશ સત્સંગ મંડળ, ખારવા વાડ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઓડદર ગામે ફાયરિંગ પ્રેક્ટિસ દરમ્યાન પ્રવેશબંધી અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરતા જિલ્લા મેજી. રેખાબા સરવૈયા

• વિરમભાઈ કે.આગઠ

પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરિંગ બટના સ્થળે ભાવનગર કમિશ્નર કચેરીના આરપીએફ ઓફિસર તથા સ્ટાફના જવાનોની ફાયરિંગ પ્રેક્ટિસ યોજાનાર હોઈ, સવાલ વાળા સ્થળની આજુબાજુ અવર- જવર કરનાર નાગરિકોને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે હેતુસર પોરબંદર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રેખાબા સરવૈયા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અંતર્ગત જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ તા.૨૫/૧૨/ ૨૦૨૫ થી તા.૨૮/૧૨/૨૦૨૫ સુધી કુલ ચાર દિવસ માટે રોજ સવારે ૦૭:૦૦ કલાકથી સાંજે ૧૯:૦૦ કલાક સુધી ઓડદર ગામ તરફના રસ્તા નજીક દરિયા કિનારે આવેલ ફાયરિંગ બટ વિસ્તારમાં પૂર્વ તથા પશ્ચિમ દિશામાં ૬૦૦ મીટર અને ઉત્તર તથા દક્ષિણ દિશામાં ૬૦૦ મીટર સુધીનો વિસ્તાર પ્રવેશ માટે પ્રતિબંધિત રહેશે.

ઉપરાંત, આ વિસ્તારમાં તથા ત્યાંથી દરિયામાં આસપાસના વિસ્તારમાં રાહદારીઓ, વાહનો તેમજ વ્યક્તિગત કે વહાણ/બોટ લઈને જતા માછીમારોને પણ ઉપરોક્ત સમયગાળા દરમિયાન અવર-જવર કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ જાહેરનામાના કોઈપણ ભાગનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે, તેવી કડક ચેતવણી આપવામાં આવી છે.

# હાંસોટના સાહોલ પાસે સાવરકુંડલા-સુરત લક્ઝરી બસનો અકસ્માત: 16 મુસાફરોનો આબાદ બચાવ

• ભરૂચ/હાંસોટ,

ભરૂ ચ જિલ્લાના હાંસોટ તાલુકાના સાહોલ ગામ ન જી ક એ ક ખાનગી લક્ઝરી બસ માર્ગ પરથી નીચે ઉત રી જ તાં અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ દુ ર્ઘ ટ નામાં બસમાં સવાર તમામ ૧૬ મુસાફરોનો આબાદ બ ચા વ થ યો હતો, જેને પગલે મોટી જાનહાનિ ટળી હતી. મળતી માહિતી મુજબ, સૌરાષ્ટ્રના સાવરકુંડલાથી મુસાફરો ભરીને સુરત જઈ રહેલી ખાનગી લક્ઝરી બસ સાહોલ નજીકથી પસાર થઈ રહી હતી.

અહીં કીમ નદી પરના ઓવરબ્રિજ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવાથી, બસ ચાલકે બસને પરત વાળવા (ટર્ન લેવા) માટે પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ચાલકે બસ પરથી કાબૂ ગુમાવતા લક્ઝરી બસ માર્ગની સાઈડમાં નીચે ઉતરી ગઈ હતી. બસ માર્ગ નીચે ઉતરી જતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. અકસ્માતની જાણ થતાં જ સાહોલ ગામના સ્થાનિક રહીશો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

ઘટનાની જાણ થતાં હાંસોટ પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો. અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને પોલીસે પૂર્વવત કરાવ્યો હતો.

શાન-ઓ-શૌકત સાથે સંદલ શરીફની રસ્મ અદા કરાઈ

# અંકલેશ્વરમાં હઝરત હલીમશાહ દાતાર ભંડારીનો ઉર્સ યોજવામાં આવ્યો

• અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના સુપ્રસિદ્ધ સૂફી સંત હઝરત હલીમશાહ દાતાર ભંડારી (રહ.) ના ઉર્સ મુબારકની અત્યંત આસ્થા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે યોજાયેલા સંદલ શરીફના જુલૂસ અને ધાર્મિક વિધિઓમાં હજારો શ્રદ્ધાળુઓએ ઉમટી પડી અંકલેશ્વરની ભાઈચારાની પરંપરાને જીવંત કરી હતી.

દરગાહ શરીફના વર્તમાન સજ્જાદા નશીન સૈયદ મનસુર અ લી નાશિરઅલી ઈનામદારની વિશેષ ઉ પસ્થિતિમાં સંદલ શ રી ફની તમામ વિધિઓ સંપન્ન થઈ હતી . તેમના મુબારક હસ્તે



આસ્થા ભે ર ચાદરપોશી કરવામાં આવી હ તી. સજ્જાદા નશીન સાહેબે હઝરત હલીમશાહ દાતાર ભંડારીના શાંતિ અને માનવતાના સંદેશ પર પ્રકાશ પાડ્યો હતો.

પરંપરાગત રીતે શહેરના વિવિધ વિસ્તારોમાંથી સંદલ શરીફનું ભવ્ય જુ લૂ સ નીકળ્યું હતું. નાત-શરીફ અ ને સલાતો-સલામની ગુંજ સા થે નીકળેલા આ જુલૂસનું ઠેર-ઠેર પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ દરગાહ શરીફ ખા તે પવિત્ર ગિલાફ અને સંદલ પે શ ક રવામાં આવ્યું હતું. ઉર્સના પ્રસંગે સમગ્ર દરગાહ પરિસર ને આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

આ પવિત્ર અવસરે સાદાતે ઈ કરામ અ ને ખાદિમો દ્વારા દેશની પ્ર ગતિ, કોમી એકતા અને વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે વિશેષ દુઆ માંગવામાં આવી હ તી . આ દરગાહ વર્ષોથી ગંગા-જમ ના સંસ્કૃતિનું પ્રતીક રહી છે, જ્યાં દરેક ધર્મના લોકો અતૂટ શ્રદ્ધા સાથે શીશ ઝુકાવે છે.

જુલૂસ અને સંદલ વિધિ દ રમિયાન શાંતિ જળવાય તે માટે પોલીસ પ્ર શાસન અને દરગાહ કમિટીના સ્વયંસેવકો દ્વારા સચોટ આયોજન ક ર વામાં આવ્યું હતું.

### સ્વર્ણિમ સંકુલના તાપી હોલમાં તમામ ઉચ્ચ અધિકારીઓની મિટિંગ શરૂ

# જનતાનો વિશ્વાસ કેળવાય તેવું કામ કરજો, પ્રજા જ તમારી સાચી IB : CM

• અમદાવાદ

આજથી બે દિવસ માટે રાજ્ય સરકારની ઉચ્ચ પોલીસ અધિકારીઓ માટે ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ 1 ના તાપી હોલમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી - ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા ક્રાઈમ કોન્ફરન્સનો પ્રારંભ કરાયો છે. આજે અને આવતીકાલે સવારે 9 થી સાંજે 8 કલાક સુધી આ ક્રાઈમ કોન્ફરન્સ ચાલશે જેમાં ડીજીપી વિકાસ સહાય, અન્ય વિભાગોના ડીજી, ચારેય શહેરોના પોલીસ કમિશનર, તમામ જિલ્લાના પોલીસ વડા, તમામ રેન્જ આઈજી મિટિંગમાં ઉપસ્થિતિ રહેશે.

આજે ક્રાઈમ કોન્ફરન્સની મિટિંગ શરૂ થઈ ત્યારે પ્રાથમિક સંબોધનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામ પોલીસ અધિકારીઓને ટકોર કરી કે તમારા જિલ્લા કે રેન્જમાં ખૂબ જરૂરી કામ ન હોય ત્યાં સુધી હવે સેશન જે શરૂ થાય તે પૂર્વે તમામના મોબાઈલ બહાર તમારા સાથીને આપી દેવા સૂચના અપાઈ હતી. હર્ષભાઈએ કહ્યું કે તમે બધા અનુભવી અધિકારીઓએ છો, તમને બધાને બધી જ માહિતી છે.

પરંતુ તે જરૂરી નથી કે તમે જે તમારા જિલ્લા કે રેન્જમાં કરો છો તે બધું બેસ્ટ છે, બની શકે છે કે આપણા સાથીઓ જે બીજી જગ્યાએ કામ કરતા હોય તે કામગીરી આપણે ત્યાં ઉતારવા જેવી હોય તેથી તે કામગીરી અને વિષયોને સારી રીતે સમજી શકીએ તે હેતુસર તમામના મોબાઈલ ફોન બહાર રાખવા વિનંતી કરાઈ હતી.

વધુમાં સંબોધન કરતી વખતે હર્ષ સંઘવીએ કહ્યું કે આ બે દિવસ દરમ્યાન જે પણ નવા વિષયો કે નવી ચર્ચા થાય તેને મોટું મન રાખી સ્વીકૃતિ રાખવી જોઈએ. ઘણી વખત આપણે મનની અંદર ધારણા કરીને આવીએ કે હું જ સર્વશ્રેષ્ઠ છું, ત્યારે એ ધારણા કરીને બેસશો ત્યારે તમે કોઈ પણ નવી વસ્તુ સ્વીકારી નહીં શકો. તમે બધા બેસ્ટ અધિકારીઓ છો પણ તમે એક જ જેવી પરિસ્થિતિનો સામનો નથી કરી શક્યા, તમામ લોકોને એક જેવી ચેલેન્જ નથી આવી પરંતુ ભવિષ્યની અંદર તમને પણ એ પડકારો આવી શકે છે.

તેથી આપણે એક બીજાના પ્રેઝન્ટેશનને બરાબર નિહાળી અને આવકારી, માત્ર તાળીઓ વગાડવાથી આવકારવાનું કામ નથી થતું, આવકારવાનું કામ માત્ર તાળીઓ વગાડીને નથી થતું, આવકાર આપવો એટલે મન ખુલો રાખવો, ઈગો બહાર રાખવો પડશે, કોઈ જુનિયર અધિકારીઓએ સારૂ કામ કર્યું હશે તો ફક્ત સેરેમનીની જેમ તાળીઓ વગાડીને કામગીરી પૂરી નહીં થાય, આપણે મનથી તેનો આવકાર આપવો પડશે તો જ તેનું પ્રેઝન્ટેશન કામનું રહેશે અને મહેનત કામની થશે.

પોલીસ અને પ્રજા વચ્ચેનો સંબંધ ખૂબ મહત્વનો, જેટલા દૂર રહેશો તો સાચી માહિતી નહીં મળે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ આજે ક્રાઈમ કોન્ફરન્સમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને સંબોધન કરતી વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈએ કહ્યું કે પ્રજાજનોમાં પોલીસ અને પ્રજા વચ્ચે સંબંધ ખૂબ મહત્વનો છે, જો તમારાથી પોલીસ દૂર જ રહે તો પણ તમને સાચી માહિતી નહીં મળે, તમે પ્રજાનો વિશ્વાસ જેટલો જીતશો તેટલો ફાયદો તમને થવાનો છે.

પ્રજા જ આપણી સાચી આઈબી (ઈન્ટેલિજન્સ બ્યુરો), પ્રજા જ્યારે તમારી પાસે આવીને કંઈક કહી જાય - ઝડપથી કહી જાય તેનો અર્થ કે તમારામાં વિશ્વાસ હોય અને એક અપેક્ષા હોય કે તમે એક્શન લેશો, આ જ વિશ્વાસ કેળવાય તો કોઈ પણ ક્રાઈમ કંટ્રોલ કરવામાં અથવા નાબૂદ કરવામાં ખૂબ જ ફાયદો થાય તેવું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. વધુમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે ઘણી વખત આઈબીનો રિપોર્ટ લેટ પહોંચે છે, થઈ ગયા પછી અમારી પાસે આવે છે તો ત્યારે એની અંદર તમે શું કરી શકો, કારણકે તે તો જાણકારી થઈ જાય, પાછળથી એક્શન કરીએ, પણ એના પહેલા જ મળી જાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ અને તેના માટે પ્રજા તમારી સાચી આઈબી પુરવાર થઈ શકે છે. પોલીસ વિભાગને ચિંતન કરવાનું ક્યાંકને ક્યાંક બહુ ઓછું આવતું હોય છે, પણ આજે બે દિવસની કોન્ફરન્સમાં પ્રજા માટે શું બેસ્ટ હોય શકે, ટેક્નોલોજીનો ઉપયોગ કેવો શ્રેષ્ઠ થઈ શકે તે તૈયારી રાખવી પડે. કારણકે ખોટું કરવા વાળા લોકો પણ તૈયાર છે.

તમે જે કંઈ કરો છો તેનો જવાબ દેવા માટે ખોટું કરવા વાળા પણ તૈયાર બેઠા છે, તેથી તમારા દરેક પળ તૈયારી રાખવી પડે. તેથી આ બે દિવસની કોન્ફરન્સમાં આપણે શીખીએ, આપણી સામે જે પ્રેઝન્ટેશન આપે છે તેને બરાબર જોઈને શીખીએ, કારણકે આપણને ઘણી વખત એવું લાગતું હોય છે કે આપણે આ વધુ કરીએ છીએ, પણ જીવનમાં જ્યારે વાસ્તવિક કરવાનું આવતું હોય ત્યારે કેટલું કરી શક્યા છીએ તે કોઈ દિવસ ચિંતન નથી કરતા, અને તેથી આપણી જે જવાબદારી છે તેમાં ક્યાંકને ચૂક થતી હોય છે અને તે ચૂક ન થાય અને એક સિમેટ્રી, પોલીસિંગની જે પોલિસી બને તે લાભ છેક સુધી પહોંચે, ગામડા સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

## બોડેલી નગર વિકાસ માટે વિચારો અને સૂચનો જાણવા વિઝન મીટ યોજાઈ

• બોડેલી

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગર વિકાસ માટે વિઝન મીટ વિચારો અને સૂચનો જાણવા છોટાઉદેપુર કલેકટર ગાર્ગી જૈન દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. બોડેલી નગરના વિકાસ અંગે નાગરિકોના વિચારો સૂચનો અને દ્રષ્ટિકોણ જાળવવા માટે બોડેલી વિઝન મીટ નું આયોજન કરવામાં આવ્યું હતું. છોટાઉદેપુર જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષ સ્થાને આ બેઠક બોડેલીમાં યોજાઈ હતીછોટાઉદેપુર જિલ્લાનું વ્યાપારી અને સેવાકીય કેન્દ્ર બનેલું બોડેલી, ગુજરાત સરકાર દ્વારા નગરપાલિકા તરીકે જાહેર થતાં વિકાસના નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. નગરને સુવ્યવસ્થિત અને પ્રગતિશીલ બનાવવાના હેતુથી આ વિઝન મીટ યોજાઈ હતી. બેઠકમાં આરોગ્ય, શિક્ષણ, રોજગાર, સ્વચ્છતા અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઐતિહાસિક અવસર પર બોડેલીના સર્વાંગી, સમાવેશી અને ટકાઉ વિકાસ માટે નાગરિકોના મંતવ્યો જાણવામાં આવ્યા. આ વિચાર મંચમાં બોડેલીના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બોડેલીના ભવિષ્ય ઘડવામાં પોતાના વિચારો અને વિવિધ સૂચનો રજૂ કર્યા હતા.



આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર, બોડેલી પ્રાંત અધિકારી, છોટાઉદેપુર જિલ્લા વિકાસ અધિકારી, છોટાઉદેપુર સાંસદ, છોટાઉદેપુર જિલ્લાપંચાયતપ્રમુખ, બોડેલીનગરપાલિકાચીફ ઓફિસર, સંખેડા, છોટાઉદેપુર, પાવીજેતપુર વિધાનસભાના ધારાસભ્યો અને બોડેલી ASP સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ડભોઈ કોલેજ ખાતે રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા વિષય પર વ્યાખ્યાન યોજાયું

• ડભોઈ

ડભોઈ શ્રીમતી એસ.સી.પી. એફ.કોમર્સ કોલેજ અને શેઠ એમ.એન.સી. કોલેજ ઓફ એજ્યુકેશન અને યોગી ડીવાઈન સોસાયટી હરિધામ સોખડા ના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા " વિષય પર એક વ્યાખ્યાનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પૂજ્ય સ્વામીજી બોસસ્વામી જેમનુ હુલામણુ નામ છે એવા સંતશ્રી આ વિષય ની ન્યાય આપવા માટે ઉપસ્થિત રહ્યા હતાં.

વડોદરા જીલ્લા કેળવણી મંડળના પ્રમુખ શશીકાંતભાઈ પટેલ,મંત્રી ઠાકોરભાઈ પટેલ,અને આ કાર્યક્રમ માટે જેમણે ખૂબ જ ઉત્સાહથી સહભાગી બન્યા એવા ડો.કેયુર પારેખ,જુનિયર સાયન્સ કોલેજના આચાર્ય ડો.જે.ડી.શાહ,કાયસક્રમમાં ઉપસ્સ્થત કોમર્સ કોલેજના અધ્યાપકો,બી.એડ.કોલેજના અધ્યાપક મિત્રો અને તાલીમાર્થી ઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આપણે એજ્યુકેશન રાઈટ કરવાનુ હતુ તે શુ કરી શક્યા છે ખરા..? શિક્ષણ દ્વારા આપણે સારા



શિક્ષકો,ડોક્ટરો,વકીલો, ઓફીસરો બનાવી શક્યા છે,પણ સાચા માનવો બનાવી શક્યા છીએ એ એક મોટો પ્રશ્નાર્થ છે..? શિક્ષણ નું કાર્ય વિશે ડોક્ટર રાધાકૃષ્ણન એ કહ્યું છે કે education means " man making and society making. " તે આપણે સાચા અર્થ માં કરી શક્યા છીએ ખરા..? શિક્ષણ દ્વારા જ સાચા અર્થમાં માનવનુ નિર્માણ અને માનવ દ્વારા સમાજનુ નિર્માણ અને રાષ્ટ્રનુ નિર્માણ થઈ શકે એવા જ વિષય ને લઈને આજે પૂજ્ય બોસસ્વામી પધાર્યા છે.યોગી ડીવાઈન સોસાયટીનુ મુખ્ય કાર્ય આજનો યુવાન યોગ્ય જોતા શીખે યોગ્ય બોલતા શીખે,યોગ્ય સાંભળતા શીખે અને યોગ્ય જમતા શીખે,યોગ્ય નવચાર કરતા શીખે એ છે.સાથોસાથ યુવાનો નિર્વ્યસની બને યુવાનોમાં નીતિમત્તા,સભ્યતા અને નીડરતા પ્રગટે.આજનો યુવાન સાચા અર્થમાં માણસ બને અને માણસ મહામાનવ બને. સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણ માં ઉપયોગી બને. સમગ્ર કાર્યક્રમ નું આયોજન અને પ્રી.ડો.જયેશ પટેલ અને પ્રી.ડો. કેયુર પારેખ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

## બોડેલીમાં ચારણ ગઢવી સમાજ દ્વારા આઈ શ્રી સોનલ માની 102મી જન્મ જયંતિ ની ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવણી

• બોડેલી

બોડેલી નગરમાં ચારણ ગઢવી સમાજ દ્વારા આઈ શ્રી સોનલ માની 102મી જન્મ જયંતિ ની ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી દર વર્ષની જેમ આ વર્ષે પણ આઈ સોનલ માઁ ના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી ગોપેશ્વર મંદિરથી સમસ્ત ચારણ ગઢવી સમાજ તેમજ અઢારે વર્ણ ના આઈ સોનલ માઁ ના ભક્તો દ્વારા બગીમાં સોનલ માઁ ની શોભાયાત્રા કાઢવામાં આવી હતી

જાણવા મળ્યા મુજબ વિક્રમ સંવત1980 પોષ સુદ બીજ 8 1 1924 ના રોજ ચારણ કુળમાં માતા વાલબાઈ માં ની કુખે જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મઢડા ગામે જન્મેલા સોનબાઈ હમીરભાઈ મોડ ની આજરોજ 102 મી જન્મ જયંતી નિમિત્તે બોડેલીના ગઢવી ચારણ સમાજ દ્વારા અલીપુરા ખાતે આવેલ ગોપેશ્વર મંદિર થી સોનલ માઁ ની ડીજે ના તાલે વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી આ શોભાયાત્રા ગોપેશ્વર મંદિર થી નીકળી મેલડી માં ના મંદિર સુધી લઈ જવામાં આવી હતી જ્યાં માતાજીની આરતી પૂજા અર્ચના તેમજ માતાજીના ગરબા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા .

આ પ્રસંગે આઈ શ્રી સોનલ મા ના અઢાર વર્ણ ના ભક્તો દ્વારા તેઓની 102મી જન્મ જયંતીની રંગચંગે ઉજવણી કરવામાં આવી હતી ચારણ ગઢવી સમાજ તેમજ ભરવાડ સમાજની મહિલાઓ દ્વારા માતાજીના ગરબા તેમજ માતાજીની આરતી સહિતના કાર્યક્રમમાં યોજવામાં આવ્યા હતા સાથે સાથે મહાપ્રસાદીનો પણ લ્હાવો લેવામાં આવ્યો હતો અને ગઢવી ચારણ સમાજ તેમજ ભરવાડ સમાજ દ્વારા માતાજીની જન્મ જયંતી ની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી આઈશ્રી સોનલમાં નો સંક્ષિપ્ત પરિચય નામ :- સોનબાઈ હમીર મોડ પિતાનું નામ :- હમીર માણસુર મોડ માતાનુ નામ :- રાણબાઈ માણસુર.રાણબાઈમાં નુ મુલ નામ :- વાલબાઈ માં કુળ :- ચારણ કુળગોત્ર :- તુંબેલ ગોત્ર. કુળ રુત્રુષિ :- શિવ.કુળદેવી :- રવેચી.મુળ શાખા :- મવર (ગુંગડા) પેટાશાખા:-મોડ.જન્મદિન:-વિ.સં.૧૯૮૦,પોષસુદ-૨તા:-8-1-1924, મંગળવાર.સમય :- સાંજે 8:30 કલાકે.જન્મસ્થળ :- મઢડા, તા : કેશોદ , જી: જુનાગઢસ્વધામગમન :- વિ.સં. ૨૦૩૧ કારતક સુદ 13 તારીખ 27-11-1974 સમાધી સ્થળ :- કણેરી ,તા : કેશોદ.

## સરદાર પટેલના જીવન પર અદભુત નાટક ભજવાયું

• ગાંધીનગર

ગુજરાત રાજ્ય સંગીત નાટક એકાદમી, ગાંધીનગરના સહયોગથી આપણા દેશના ગોરવ એવા લોખંડી પુરૂષશ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતી ઉજવવાના ભાગ સ્વરૂપે તારીખ : ૨૩/૦૧૨/૨૦૨૫ને મંગળવારના રોજ સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે તેમના જીવન ચરિત્ર ઉપર એક અદભુત નાટક પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી જેમાં ગુજરાતી રંગમંચના અનેક કલાકરોની ટીમ આવેલ હતી તેઓએ પોતાની આગવી કળાથી સરદાર પટેલના જીવન ચરિત્રને અદભુત રીતે યુવાન વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરી હતી.

સમગ્ર નાટકનું સંચાલન આશિષભાઈ ગાંધી દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગોધરાના સમાજસેવક જયંતીભાઈ શેઠ , કોલેજના પ્રિ. ડો શૈલેન્દ્ર.પાંડે , ડો. અરુણસિંહ સોલંકી, જીગર ઝિંઝુવાડીયા તથા કોલેજનો સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને આ નાટકને તાળીઓના ગડગડાટથી વધાવ્યો હતો.

રાજ્ય સરકારની આ પહેલને ભારત દેશના નાગરિક તરીકે સર્વે વિદ્યાર્થીઓએ ખુબ ખુબ આવકાર આપેલ છે.

## રાશીફળ (તા.25-12-2025)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઇ) | આજે દિવસ ઊર્જા અને ઉત્સાહથી ભરેલો રહેશે। તમે નવા કામોની શરૂઆત કરવા પ્રેરિત થશો અને તમારા પ્રયત્નોથી સફળતાના સંકેત મળશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે આર્થિક બાબતોમાં ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કોઈ મોટો નિર્ણય ઉતાવળમાં ન લો, કારણ કે તે નુકસાનકારક બની શકે છે. |
| મિથુન (ક.છ.ઘ) | આજે તમારી વાતચીત અને તર્કશક્તિ ઘણા નવા અવસર લાવી શકે છે। તમે તમારી વાતોથી લોકોને પ્રભાવિત કરશો અને કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ જોડાઈ શકે છે. |
| કર્ક (ડ.હ) | આજે તમે ભાવનાત્મક રીતે થોડું નાજુક અનુભવી શકો છો, પરંતુ પરિવારનો સહકાર તમારી શક્તિ બનશે। જૂના વિવાદોમાં સુધારો અને સંબંધોમાં મધુરતા આવશે. |
| સિંહ (મ.ટ) | આજે તમારો આત્મવિશ્વાસ અને નેતૃત્વ શક્તિ શિખરે રહેશે। તમે કાર્યસ્થળ પર મહત્વપૂર્ણ નિર્ણયો લેશો, જેના સકારાત્મક પરિણામ મળશે। કોઈ નવા પ્રોજેક્ટ અથવા જવાબદારી તમને મળી શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજે તમારી વિશ્લેષણશક્તિ અને નિર્ણયક્ષમતા ઉત્તમ રહેશે। અટકેલા કામો પૂર્ણ થવાના યોગ છે અને જૂના પ્રોજેક્ટોમાં પણ ગતિ આવશે। આર્થિક લાભ મળવાની સંભાવના છે. |
| તુલા (ર.ત) | આજે કામ અને પરિવાર વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જરૂરી રહેશે। ખર્ચમાં વધારો થઈ શકે છે, પરંતુ રોકાણના અવસર પણ મળી શકે છે. |
| વૃશ્ચિક (ન.ય) | આજે તમારી ઊંડી વિચારશક્તિ કોઈ મોટા પ્રશ્નનો ઉકેલ આપી શકે છે। ધનલાભના સંકેત છે અને કાર્યક્ષેત્રમાં તમારી દ્રઢતા તમને આગળ ધપાવશે। |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજે પ્રવાસના યોગ મજબૂત છે, કામ હોય કે વ્યક્તિગત કારણો. નવી જગ્યાએથી મહત્વપૂર્ણ અનુભવ અને જાણકારી મળશે. |
| મકર (ખ.જ) | આજે મહેનતનું સંપૂર્ણ ફળ મળશે। તમારી જવાબદારીઓ વધશે, પરંતુ તમે તેમને સારી રીતે નિભાવશો। અચાનક ધનલાભ અથવા નવો અવસર મળી શકે છે। કાર્યસ્થળ પર પ્રતિષ્ઠામાં વધારો થશે. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે તમારા નવા વિચારો અને સર્જનાત્મકતા તમને સફળતા અપાવશે। ટેક્નોલોજી, ઑનલાઈન કામ અથવા નવીન પ્રોજેક્ટમાં ખાસ સફળતા મળશે। પરિવાર ખુશ રહેશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજે તમારી કલ્પનાશક્તિ તેજ રહેશે। કોઈ શુભ સમાચાર મળવાની સંભાવના છે, જેનાથી મન આનંદિત થશે। કાર્યક્ષેત્રમાં નવો અવસર મળી શકે છે. |

## ગોધરામાં રાષ્ટ્રીય કિસાન દિવસ નિમિત્તે કિસાન સ્નેહ મિલન યોજાયું

• ગોધરા

પ્રજાપિતા બ્રહ્મકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, ગોધરાના રાજઋષિ સ્ટ્રીટ સેન્ટર, છારિયા ખાતે રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી નિમિત્તે ગ્રામ વિકાસ પ્રભાગ તથા બ્રહ્મકુમારીઝ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કિસાન સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સ્વાગત વિધિ અને દીપ પ્રજ્વલનથી કરવામાં આવી હતી. શ્રીનિવાસ પ્રજાપતિ દ્વારા આધ્યાત્મિક પ્રવચન આપવામાં આવ્યું હતું. મહાનુભાવો દ્વારા ખેડૂતોને રાસાયણિક ખેતીના ખતરાઓથી દૂર રહી પ્રાકૃતિક ખેતી અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

હરિયાળી ક્રાંતિ પછી ખેડૂતોની જીવનશૈલીમાં થયેલા સુધારાઓ, સંકલિત જીવાત નિયંત્રણ, બીજ માવજત, જંતુનાશક દવાઓનો મર્યાદિત ઉપયોગ, ઋતુ અનુસાર ખેતી પદ્ધતિ, શાકભાજીમાં પ્રાકૃતિક ખેતી તથા ખેડૂતોને તાલીમ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બ્રહ્મકુમારી સુરેખાદીદી (સંયોજિકા - ગ્રામ વિકાસ પ્રભાગ, ગુજરાત તથા સંચાલિકા - બ્રહ્મકુમારીઝ પંચમહાલ, દાહોદ, મહીસાગર) એ જીવ, જગત અને જગદીશ - આ ત્રણ અમર અસ્તિત્વ અંગે વિચાર રજૂ કરી જણાવ્યું હતું કે આત્મા અને પરમાત્મા વચ્ચેનું મિલન એટલે રાજયોગ. રાજયોગ દ્વારા જીવનને શ્રેષ્ઠ બનાવી ધરતી માતા પ્રત્યે પ્રેમ અને વિશ્વ શાંતિના માર્ગે આગળ વધવાની હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ડો. કેતનભાઈ પ્રજાપતિ (સંશોધન વૈજ્ઞાનિક, મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરા), ભ્રાતા હરેશભાઈ વર્મા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક), ભ્રાતા યોગેશભાઈ પટેલ (ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા - ગોધરા), ભ્રાતા હીરાભાઈ (સરપંચ, ગ્રામ પંચાયત છારિયા), બી.કે. મહેન્દ્રભાઈ ચૌહાણ, બી.કે. કનુભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વિશિષ્ટ ખેડૂતોનું સન્માન કરી મેમેન્ટો વિતરણ કરવામાં આવ્યું હતું. નિવૃત્ત કૃષિ વૈજ્ઞાનિક પ્રોફેસર કનુભાઈ પટેલે રાષ્ટ્રીય કિસાન દિવસના મહત્વ અંગે માહિતી આપી ખેડૂતોની આવક વધારવા તથા ખેતી ખર્ચ ઘટાડવા ઉપર ભાર મૂક્યો હતો. બી.કે. શૈલેષભાઈએ સંસ્થાનો પરિચય આપ્યો હતો જ્યારે બી.કે. મહેન્દ્રભાઈએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન બી.કે. ઈલાબેન, બી.કે. સોનલબેન, બી.કે. ઉર્મિલાબેન તથા બી.કે. કમળાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. ખેતીમાં રાજયોગના ચિંતન દ્વારા નિરાકાર પરમાત્મા સાથેના આધ્યાત્મિક સંવાદની સમજ આપવામાં આવી. સરળ, પ્રેરણાદાયી અને ખેડૂતોને સમર્થન આપવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સદગુરુ ફાઉન્ડેશન, ચોસલા તરફથી અંદાજે 150 જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા.



# સુરત એ.સી.બી. એ ઉધના મામલતદાર કચેરીના સર્કલ ઓફિસરને 10,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો

### જમીનની કાચી નોંધ પ્રમાણિત કરવાના અવેજમાં લાંચ માંગવી ભારે પડી

• સુરત

ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે લાલ આંખ કરતા સુરત એ.સી.બી.એ ઉધના મામલતદાર કચેરીમાં ધામા નાખીને લાંચિયા સર્કલ ઓફિસરને લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. જમીન મહેસૂલના કામમાં વહીવટ કરવા જતાં વર્ગ-૩નો આ અધિકારી હવે જેલના સળિયા પાછળ ધકેલાયો છે.

આ કામના ફરિયાદીના અસીલની પ્લોટવાળી જમીનમાં અગાઉના માલિકોના નામોની કાચી નોંધ પ્રમાણિત કરવા માટે મામલતદાર કચેરીમાં અરજી કરવામાં આવી હતી. આ કાયદેસરની પ્રક્રિયા પૂરી કરવાના અવેજ પેટે ઉધના-૧ ના સર્કલ ઓફિસર કૃષ્ણકુમાર બનેસંગ ડાભી (ઉ.વ. ૩૮) એ ૧૦,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે સુરત એ.સી.બી.નો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે એ.સી.બી.ની ટીમે ઉધના મામલતદાર કચેરી ખાતે છટકું ગોઠવ્યું હતું. ફરિયાદી જ્યારે સર્કલ ઓફિસરની ચેમ્બરમાં ગયા ત્યારે અધિકારીએ હેતુલક્ષી વાતચીત કરી ૧૦,૦૦૦/- ની માંગણી કરી હતી. જેવી લાંચની રકમ સ્વીકારવામાં આવી, તેવી જ રીતે એ.સી.બી.ની ટીમે ત્રાટકીને આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

આ સફળ ટ્રેપ સુરત ગ્રામ્ય એ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ધોબી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરીનું સુપરવિઝન મદદનીશ નિયામક આર.આર.ચૌધરી અને ઈન્ચાર્જ નાયબ નિયામક બળદેવ દેસાઈ (IPS) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# મહુવાના ભાદ્રોડથી સથરા સુધીનો બિસ્માર રોડ નવો બનાવવા માંગ

મહુવા : મહુવા પંથકના ભાદ્રોડથી સથરા સુધીના બિસ્માર રસ્તાને નવો બનાવવાની માંગણી સાથે કચેરીને તાળાબંધી કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

મહુવા તાલુકામાં ચોમાસાની સિઝન દરમિયાન મોટાભાગના રસ્તાઓને નુકસાન થતા બિસ્માર બન્યા છે. ભાદ્રોડથી સથરા વાયા ખાખીબાપુના આશ્રમ સુધીનો માર્ગ પણ ખખડધજ થઈ ગયો છે, ત્યારે આ માર્ગને ૧૫ દિવસમાં નવો બનાવવાની માંગણી કરાઈ છે. તરેડીના રસ્તા પર અનેક જગ્યાએ ખાડા પડી ગયા હોય, રિપેરીંગ કરવ, તરેડી રોડ પર વેણ નામે ઓળખાતી નદી પર નવો પુલ બનાવવાની વર્ષોથી માંગ છે. રસ્તાઓ પર ગાંડા બાવળ ઉગી નીકળ્યાં છે. જેને દૂર કરવામાં આવે તેમજ નવા રસ્તા બનાવવા, રિપેરીંગ કરવાની માંગણી પૂરી નહીં થાય તો મહુવા માર્ગ અને મકાન વિભાગની કચેરીને તાળાબંધી કરાશે તેવી ચિમકી ખેડૂત કલ્યાણ સંગઠનના પ્રમુખે ઉચ્ચારી છે.


**બોલી** કેસર કેરીના ૧૦ કિલોના ૧ બોક્સનો ભાવ કિલોના ૧૧૫૧ બોલાયો

# પોરબંદર માર્કેટ યાર્ડમાં ૧૫ દિવસમાં ત્રીજી વખત આજે કાંટારા ગીરની કેસર કેરીના એક બોક્સનું આગમન

### અમરેલી જિલ્લાના ખાંભા ના કંટારા ખાતેથી કેસર કેરીના ૧૦ કિલોના ૧ બોક્સની થઈ હરરાજી







• વિરમભાઈ કે. આગઠ

અમરેલી જિલ્લા ના ખાંભા તાલુકા ના કાંટારા ગીરની કેસર કેરી આજે પોરબંદર માર્કેટિંગ યાર્ડમાં ૧૦ કિલોનું બોક્ષ આવતા તેની જાહેર હરાજી થતાં એક કોલોની રૂપિયા ૧૧૫૧ બોલાઈ બોલી હતી અને જયેશભાઈ ફુવારા એ ખરીદ કરી અને યુકે મોકલાવી છે પોરબંદર જિલ્લા ના રાણાવાવ તાલુકા હનુમાન ગઢ ગામેથી પોરબંદર માર્કેટિંગ યાર્ડમાં પહેલા કેસર કેરી નું આગમન થયુ હતું ગત શિયાળાની જેમ આ શિયાળે પણ પોરબંદરના માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીનું આગમ છેલ્લા ૧૫ દિવસમાં ત્રીજી વખત થઈ ચૂક્યું છે અને આજે એક કિલોના ૧૧૫૧ લેખે દસ કિલોના બોકસની હરરાજી કરવામાં આવી હતી. ત્યારે આજે અમરેલી જિલ્લા ના ખાંભા તાલુકાના કાંટારા ગીરના ગામની કેસર કેરીના એક બોક્સ ની હરાજી અર્થે આવ્યા હતા. પોરબંદરના બરડા પંથકમાં તેમજ બીલેશ્વર અનેહનુમાગઢપંથકસહિતબરડાવિસ્તારમાં ખૂબ મોટી માત્રામાં આંબાનું વાવેતર થયુ હોવાથી વિપુલ માત્રામાં કેરીનો પાક ઉતરે છે. અને ખેડૂતો પાસેથી ઈજારેદાર આખા વર્ષનો આંબાની કેસિનો ઈજારો લઈ લેતા હોય છે તો હવે અમરેલી જિલ્લા અને ગીર પંથક માંથી પણ કેસર કેરીનું આગમન મહાત્મા ગાંધી ના પોરબંદર ના માર્કેટિંગ યાર્ડમાં થઈ રહ્યું છે. આમ જોઈએ તો કેરી હંમેશા ઉનાળામાં અને જેઠ માસમાં મુખ્યત્વે બજારમાં આવતી હોય છે પણ છેલ્લા કેટલાક વર્ષોથી ગ્લોબલ વોર્મીંગના કારણે તથા અન્ય કારણોસર શિયાળા દરમિયાન જ પોરબંદરના માર્કેટીંગ યાર્ડ ખાતે ફળોની રાણી કેરીની આવક થતા કેરીની હરરાજી થતી હોય છે ત્યારે આ વર્ષે રાણાવાવ તાલુકા ના હનુમાનગઢ ગામેથી, પહેલા આગમન થઈ ચૂકયુ છે. માર્કેટીંગ યાર્ડ ખાતેતા.૧૫/૧૨/ ૦૨૫ સોમવારના હનુમાનગઢથી ઈજારેદાર તરફથી લાવવામાં આવેલ કેસર કેરીના એક બોકસની હરરાજી થઈ હતી. માર્કેટીંગ યાર્ડના જાણીતા વેપારી સુદામા ફ્રૂટ કંપનીવાળા નીતિન ભાઈ દાસાણી ને ત્યાં આ કેરી હરરાજી માટે લાવવામાં આવી હતી કેરીના આ બોકસની હરરાજીમાં કિલોનો ભાવ હરાજી થઈ ત્યારે શરૂમાં ૫૦૧ રૂ.થી શરૂઆત કરવામાં આવી હતી. ત્યારે જાણીતા વેપારી સુદામા ફ્રૂટ કંપનીવાળા નીતિન ભાઈ દાસાણીએ ગુલાબની પાંદડીઓ થી વધાવીને તથા મો મીઠું કરવા માટે પેંડા લાવીને કેરીનું આગમન થતા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતુ. અત્યારે શિયાળાના પગરવામાં અને પોરબંદરમાં વી.વી.આઈ.પી.ગ્રાહકો માટે કેરી પૂરી પાડતા દિલીપભાઈ જેરામભાઈ મોડપર વાળા એ સૌથી વધુ બોલી કરીને કિલોના ૧૨૫૧ રૂ. જેવો ઉંચો ભાવ બોલીને ૧૨,૫૧૦ રૂ.માં કેરીનું બોકસ વેચાતુ લીધુ હતુ ત્યાર બાદ ૧૮/૧૨/૨૦૧૫ ના ફરી પોરબંદર માર્કેટિંગ પાર્ડ ખાતે જાવંત્રી તાલાલા ગીરની કેસર કેરીના બે બોક્સ લઈને ખેડૂત ઈજારે દાર મુકેશભાઈ (શક્તિ) વાળા અને ભીખાભાઈ જાવંત્રી તાલાલાથી તેમના ઈજારા થી રાખેલ આંબાવાડીમાં બે બોક્સની કેરી ની આવક થતા તે લઈને પોરબંદર ના માર્ટિંગ યાર્ડ ના આજે જાણીતા વેપારી નીતિનભાઈ દેસાણી પાસે આવ્યા હતા અને તેની જાહેર હરાજી કરવામાં આવી હતી. જાવંત્રી તાલાલા ગીરથી આવેલ કેસર કેરીનો ભાવ ૧ કિલોના ૭૧૧ છેલ્લી બોલીથી ગયો હતો અને બે બોક્સ કેરીનું રૂ.૧૬૨૨ માં વેચાણ થયું હતું. જે શાયરભાઈ જેન્તીભાઈ નાગકા વાળાએ ખરીદ કરીહતી.

### જુગારમાં હાર્યો ને એક્ટિવા ચોરીમાં ફસાયોઃ

# વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરતા રીઢા ગુનેગારને દબોચ્યો

**દબોચ્યો** નંબર પ્લેટ વગરના એક્ટિવા સાથે આરિફ દીવાન ઝડપાયો

• વડોદરા

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે એક રીઢા ગુનેગારને ઝડપી પાડી, છેલ્લા પાંચ મહિનામાં થયેલી 6 જેટલી એક્ટિવા ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પકડાયેલ આરોપી જુગારના દેવાને પહોંચી વળવા ચોરીના રવાડે ચઢ્યો હોવાનું બહાર આવ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન નંબર પ્લેટ વગરની એક્ટિવા સાથે આરીફ સાબીર અલાઉદ્દીન દીવાન (રહે. કરોડીયા રોડ) શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. અગાઉ પણ વાહન ચોરીમાં સંડોવાયેલા આરીફની પોલીસે સખ્તાઈથી પૂછપરછ કરતા તેણે આ એક્ટિવા ચોરીનું હોવાનું કબૂલ્યું હતું.

આરોપી સાબીર દીવાને પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેને જુગાર રમવાની લત છે. જુગારમાં લાખો રૂપિયા હારી જતાં અને માથે દેવું વધી જતાં તેણે ટૂંકા રસ્તે નાણાં મેળવવા એક્ટિવા ચોરવાનું શરૂ કર્યું હતું. તે ખાસ કરીને રાત્રિના સમયે નવી એક્ટિવાને ટાર્ગેટ કરતો હતો, ડુપ્લીકેટ ચાવીની મદદથી લોક ખોલી વાહન હંકારી જતો હતો, ચોરી કર્યા બાદ એક્ટિવાને જુદી જુદી વ્યક્તિઓ પાસે 10 થી 32 હજારમાં ગીરવે મૂકી રોકડા મેળવી લેતો હતો.

આરોપીની ધરપકડ સાથે શહેરના ગોરવા અને ફતેહગંજમાંથી 3 એક્ટિવા, હરણી પોલીસ સ્ટેશનમાંથી 1 એક્ટિવા અને વડોદરા રેલવે પોલીસમાંથી 2 એક્ટિવા સહીત



વિવિધ પોલીસ મથકોમાં નોંધાયેલા ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે પોલીસે તમામ 6 એક્ટિવા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરીફ ઉર્ફે સાબીર દીવાન એક રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ વડોદરાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં વાહન ચોરીના 5 અને જુગારના 4 મળીને કુલ 9 ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. વારંવાર જેલવાસ ભોગવ્યા બાદ પણ તેણે ગુનાખોરીનો માર્ગ છોડ્યો ન હતો.

# 108 એમ્બ્યુલન્સના EMTની કુશળતાથી નવજાતને મળ્યું નવજીવન

### સીમ વિસ્તારમાં કરાવી જોખમી ડિલિવરી

• વડોદરા

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કાસમપુર ગામની સીમમાં 108 ઈમરજન્સી સેવાની તત્પરતા અને કુશળતાને કારણે એક મોટી જાનહાનિ ટળી છે. અત્યંત જટિલ પરિસ્થિતિ હોવા છતાં 108 ના સ્ટાફે સ્થળ પર જ સફળ પ્રસૂતિ કરાવી માતા અને નવજાત બાળકને સુરક્ષિત રાખ્યા છે.

કાસમપુરની સીમમાં રહેતી એક મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા 108 ને કોલ કરવામાં આવ્યો હતો. કુરાલી ગામે તૈનાત 108 ની ટીમ માત્ર 8 જ મિનિટમાં લોકેશન પર પહોંચી ગઈ હતી. રસ્તો દુર્ગમ હોવાથી એમ્બ્યુલન્સ પહોંચી શકે તેમ ન હતી, તેથી EMT વિપુલભાઈ જરૂરી કિટ સાથે પગપાળા જ પ્રસૂતા પાસે પહોંચ્યા હતા.

તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે બાળકની સ્થિતિ ગંભીર હતી; બાળક ઊંધું હતું અને તેના ગળામાં નાળ વીંટળાયેલી હતી. સમય ઓછો હોવાથી હોસ્પિટલ પહોંચવું શક્ય ન હતું. EMT એ તાત્કાલિક હેડ



ઓફિસના ઓનલાઈન ફિઝિશિયનનો સંપર્ક કર્યો અને તેમના માર્ગદર્શન હેઠળ અત્યંત કુશળતાપૂર્વક સ્થળ પર જ ડિલિવરી કરાવી હતી.

જન્મ સમયે બાળક રડતું ન હતું અને તેના ધબકારા તથા શ્વાસ ખૂબ જ ધીમા હતા. આ કટોકટીના સમયે EMT એ હિંમત હાર્યા વગર 'ન્યુબોર્ન રિસસિટેશન' (નવજાતને પુનર્જીવિત કરવાની પ્રક્રિયા) હાથ ધરી હતી. સ્ટાફની મહેનત રંગ લાવી અને હોસ્પિટલ પહોંચતા પહેલા જ બાળકના શ્વાસોશ્વાસ સામાન્ય થઈ ગયા હતા.

# પોદાર જમ્બો કિડ્સ કસક ખાતે ક્રિસમસનો જાદુ: બાળકો માટે દેશ-વિદેશના પ્રવાસની થીમ બની આકર્ષણનું કેન્દ્ર

• ભરૂચ


ભરૂચની સુપ્રસિદ્ધ પ્રિ-સ્કૂલ પોદાર જમ્બો કિડ્સ - કસક ખાતે ક્રિસમસ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. શાળા પરિસરમાં આયોજિત આ કાર્યક્રમમાં બાળકો અને વાલીઓએ હર્ષોલ્લાસ સાથે ભાગ લઈ તહેવારનો ભરપૂર આનંદ માણ્યો હતો.

આ વર્ષે ક્રિસમસ ઉજવણીમાં માત્ર મનોરંજન જ નહીં, પરંતુ બાળકોના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી "પાસપોર્ટ સાથે દેશોનો પ્રવાસ" જેવી વિશિષ્ટ પ્રવૃત્તિનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત, ટેટૂસ્ટેશન:બાળકોએપોતાનામનપસંદકાર્ટૂનઅને ક્રિસમસ થીમ આધારિત ટેટૂ બનાવડાવ્યા હતા. મનોરંજક રમતો: વાલીઓ અને બાળકો માટે વિવિધ રસપ્રદ રમતો રમાડવામાં આવી હતી. મૂવી ટાઈમ: પોપકોર્ન સાથે બાળકોએ આકર્ષક શોર્ટ ફિલ્મની મજા માણી હતી.



શાળા પરિસરને ક્રિસમસ ટ્રી અને રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા પોદાર જમ્બો કિડ્સની 'આનંદમય શિક્ષણ પદ્ધતિ' (Joyful Learning) અને બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે જોવા મળી હતી. શાળાના સ્ટાફ અને શિક્ષકો દ્વારા કરવામાં આવેલી મહેનતને વાલીઓએ બિરદાવી હતી. શાળા મેનેજમેન્ટ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ વાલીઓ, શિક્ષકો અને સ્ટાફનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વલસાડ LCB એ કપરાડામાં ધાડના ગુનામાં નાસતા -ફરતા રીઢા આરોપીને ઝડપી પાડ્યો



વલસાડ : વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ કપરાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ધાડ જેવા ગંભીર ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ આરોપીને ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે. વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કપરાડા પોલીસ સ્ટેશનના ધાડના ગુનામાં વોન્ટેડ આરોપી ઈશ્વરભાઈ ઝીપરભાઈ ભોયા (રહે. આસલોણા ગામ, મધુરણા ફળીયા, તા.કપરાડા) હાલમાં કપરાડા વિસ્તારમાં જ છે. આ બાતમીના આધારે LCBની ટીમે વ્યૂહાત્મક ગોઠવણી કરીને આરોપીને તેના જ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો.

ઝડપાયેલ આરોપી ઈશ્વર ભોયા સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે. LCB દ્વારા આરોપીની અટકાયત કરી પ્રાથમિક પૂછપરછ કર્યા બાદ, વધુ તપાસ માટે અને કાયદેસરની કાર્યવાહી કરવા માટે તેનો કબજો કપરાડા પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યો છે.

### ઝઘડિયા પોલીસની આંતરરાજ્ય કામગીરી

# 6 મહિનાથી નાસતો-ફરતો પ્રોહિબિશનનો આરોપી મહારાષ્ટ્રથી આબાદ ઝડપાયો

• ઝઘડિયા

ભરૂચ જિલ્લાની ઝઘડિયા પોલીસે કાયદાનો શિકંજો કસતા પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાંથી એક વોન્ટેડ આરોપીને દબોચી લીધો છે. નબીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન (દારૂબંધી)ના ગુનામાં છેલ્લા છ મહિનાથી પોલીસને થાપ આપી રહેલા આરોપીને ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી ઝડપી પાડવામાં આવ્યો છે.

ઝઘડિયા પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, નબીપુર પોલીસ સ્ટેશને નોંધાયેલ પ્રોહિબિશન એક્ટ હેઠળના ગુનાનો મુખ્ય આરોપી મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં



છુપાયો છે. આ બાતમીના આધારે ઝઘડિયા પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક મહારાષ્ટ્ર રવાના થઈ હતી.

પોલીસ ટીમે નંદુરબાર જિલ્લાના અક્કલકુવા તાલુકાના મોરઆંબા ગામે દરોડો પાડી આરોપી સ્વપ્નિલ બાહદુરસીંગ વસાવા ને ઝડપી પાડ્યો હતો. આરોપી છેલ્લા છ મહિનાથી ધરપકડ ટાળવા માટે પોતાના મૂળ વતનમાં આશરો લઈ રહ્યો હતો. પોલીસ તેને પકડીને ઝઘડિયા લઈ આવી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે નબીપુર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

**સુવિધા** બાળ દર્દીઓ માટે ફ્રીમાં ઇન્સ્યુલિન-સંપૂર્ણ સારવાર, RBSK પોર્ટલથી ફોલોઅપ; જિલ્લા હોસ્પિટલ-સિવિલમાં સુવિધા

# જુવેનાઈલ ડાયાબિટીસ નિયંત્રણ કાર્યક્રમનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ

## મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારની આરોગ્ય યોજનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે યોગથી લઈને આયુષ્માન ભારત સુધીની યોજનાઓના કારણે આરોગ્ય સુરક્ષા મજબૂત બની

ગાંધીનગર : બાળકોમાં થતા ડાયાબિટીસ નિયંત્રણ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ડાયાબિટીસ ધરાવતા બાળ દર્દીઓને હવે નિ:શુલ્ક ઈન્સ્યુલિન તથા સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડૉ. સ્મિતા જોશી 2018થી ગુજરાત અને ભારતમાં ટાઈપ 1 ડાયાબિટીસ ધરાવતાં બાળકો માટે કામ કરી રહ્યાં છે. ટાઈપ 1 ડાયાબિટીસ ધરાવતાં બાળકો માટે ભારતમાં વિધાનસભામાં બિલ પસાર કરનાર ગુજરાત પહેલું રાજ્ય છે. રાજ્ય સરકારનું આ બિમારી તરફ ધ્યાન કેન્દ્રીત કરવા માટે ડૉ. સ્મિતા જોશીએ મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. સાથે જ તાજેતરમાં રાજસ્થાન સરકારે બજેટમાં ટાઈપ 1 ડાયાબિટીસ ધરાવતાં બાળકોની સારવાર માટે રાજ્યના દરેક જિલ્લામાં ડાયાબિટીસ ક્લિનિક શરૂ કરવાની જાહેરાત કરી હતી. દેશમાં ગુજરાત બાદ રાજસ્થાન આવી પહેલ કરનારું બીજું રાજ્ય છે. રાજસ્થાનમાં ડાયાબિટીસ ક્લિનિક શરૂ કરવા પાછળ પણ આપણા ગુજરાતનાં દીકરી ડૉ. સ્મિતા જોશીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.પ્રથમ તબક્કામાં રાજ્યની તમામ જિલ્લા હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલોમાં આ સુવિધા શરૂ કરવામાં આવી છે. ટાઈપ-1 ડાયાબિટીસ ધરાવતા તમામ બાળ દર્દીઓની નોંધણી તથા માસિક ફોલો-અપ RBSK પોર્ટલ મારફતે કરવામાં આવશે, જેથી સારવારમાં કોઈ ખોટ ન રહે.મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે ટાઈપ-1 ડાયાબિટીસ લાઈફસ્ટાઈલ સંબંધિત નહીં પરંતુ ઓટો ઈમ્યુન અને બિનચેપી રોગ છે.આ રોગમાં સ્વાદુપિંડ ઈન્સ્યુલિન ઉત્પન્ન કરી શકતું નથી, જેના કારણે દર્દીને જીવનભર ઈન્સ્યુલિન લેવું જરૂરી બને છે. રાજ્ય સરકારે આવા બાળકોને શોધી તેમને સમયસર સારવાર આપવા માટે ખાસ આયોજન કર્યું છે.મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારની આરોગ્ય યોજનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે યોગથી લઈને આયુષ્માન ભારત સુધીની યોજનાઓના કારણે આરોગ્ય સુરક્ષા મજબૂત બની છે.ગુજરાતમાં 10 લાખ રૂપિયાની નિ:શુલ્ક આરોગ્ય યોજનાથી ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર શક્ય બની છે. ઉપરાંત 70 વર્ષથી વધુ ઉંમરના દરેક નાગરિક માટે આરોગ્ય કવર સુલભ બન્યું છે.રાજ્યમાં શાળા આરોગ્ય અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં 1 કરોડ 89 લાખ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે, જેમાંથી 2.18 લાખ બાળકોને ગંભીર રોગ માટે નિ:શુલ્ક સારવાર આપવામાં આવી છે.ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત 'કુસુમબા અન્નક્ષેત્ર'માં મુખ્યમંત્રીએ હાજરી આપી અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના સગાઓને પોતાના હાથે ભોજન પીરસ્યું હતું.વર્ષ 2022થી કાર્યરત આ અન્નક્ષેત્ર દર્દીઓના સ્વજનો માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે, જ્યાં સ્વચ્છ અને પૌષ્ટિક ભોજનની સુવિધા ઉપલબ્ધ છે. આ અન્નક્ષેત્રમાં એક સાથે અંદાજે 200 લોકો બેસીને ભોજન લઈ શકે તેવી સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.




દંપતી વચ્ચે કોઈ ગંભીર વિવાદ ચાલતો હતો કે કેમ? તે દિશામાં પણ તપાસ

# અમદાવાદનાબાપુનગરમાં હત્યા-આપઘાતની ચોંકાવનારી ઘટના, પતિ-પત્નીના ઘરકંકાસનો લોહિયાળ અંત આવ્યો

**તપાસનો ધમધમાટ** હત્યા અને આત્મહત્યા પાછળનું સચોટ કારણ હજુ અકબંધ

• અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા બાપુનગરમાં રવિવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા એક દંપતી વચ્ચે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉશ્કેરાયેલા પતિએ પોતાની પત્નીની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ પોતે પણ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, બાપુનગરના ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા આ દંપતીના લગ્નને ચાર વર્ષ થયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કોઈ પારિવારિક કારણોસર દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વણસતા પતિએ આવેશમાં આવી પત્નીના ગળા અને ડાબા હાથના ભાગે તીક્ષ્ણ હથિયારથી ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. ગંભીર ઈજાઓને કારણે પત્નીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પત્નીની હત્યા કર્યા બાદ ગભરાયેલા અથવા પસ્તાવો અનુભવતા પતિએ પણ ઘરમાં જ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક મહિલા આસપાસની સોસાયટીઓમાં ઘરકામ (કચરા-પોતા) કરીને પરિવારને આર્થિક મદદ કરતી હતી. બનાવની જાણ થતા જ બાપુનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા છે.પોલીસ હાલમાં તપાસ કરી રહી છે કે શું પતિએ આત્મહત્યા કરતા પહેલા કોઈ ચિટ્ઠી લખી છે કે કેમ, છેલ્લા કેટલાક સમયથી દંપતી વચ્ચે કોઈ ગંભીર વિવાદ ચાલતો હતો કે કેમ? એફએસએલ (FSL) ની મદદથી મકાનમાંથી લોહીવાળું હથિયાર અને અન્ય પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે.બાપુનગર પોલીસના જણાવ્યા અનુસાર અમે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાડોશીઓ અને સંબંધીઓના નિવેદન લેવાની પ્રક્રિયા ચાલુ છે જેથી હત્યા અને આત્મહત્યા પાછળનું સચોટ કારણ જાણી શકાય.



# જયશ્રી ચૌધરીના પુસ્તકોનું વિમોચન અને 'છિલુગરી' પર મંથન કરાયું

### અંકલેશ્વર કૉલેજમાં અનોખો સાહિત્યિક સંગમ




• અંકલેશ્વર

ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કૉમર્સ કૉલેજ, અંકલેશ્વર ખાતે સાહિત્યિક જગતની એક મહત્વપૂર્ણ ઘટના સમાન જયશ્રી ચૌધરી કૃત 'છિલુગરી' સંગોષ્ઠિ શ્રેણી (કડી-1)નો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત લેખક અને વિવેચક ડૉ. ભરત મહેતા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં આચાર્ય ડૉ. જી. કે. નંદાએ સ્વાગત પ્રવચન કરી પ્રસ્તાવના બાંધી હતી. આ અવસરે જયશ્રી ચૌધરીના વાર્તાસંગ્રહ 'સેવનટ્રીઝ' અને પ્રશાંતકુમાર મોહન્તી દ્વારા કરાયેલા ઓડિયા અનુવાદ 'એક વાત' વાર્તાસંગ્રહનું વિમોચન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી એડમિનિસ્ટ્રેટર ચિરાગભાઈ શાહે લેખિકાની સર્જકતાને બિરદાવી હતી.

મુખ્ય વક્તા ડૉ. ભરત મહેતાએ 'છિલુગરી' સંગોષ્ઠિ શ્રેણી અંતર્ગત વિદ્વતાપૂર્ણ વકતવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'છિલુગરી' નવલકથા તેની ટેક્નિક અને કથાવસ્તુની દૃષ્ટિએ ભારતીય અને ગુજરાતી સાહિત્યના સંદર્ભે એક દળદાર અને શ્રેષ્ઠ કૃતિ છે. અતિથિ વિશેષ પદે ડૉ. નિવ્યા પટેલ અને પ્રો. પ્રવીણકુમાર પટેલે પણ પ્રાસંગિક હાજરી આપી હતી.

લેખિકા જયશ્રી ચૌધરીએ પોતાની સર્જક કેફિયત રજૂ કરતા જણાવ્યું હતું કે, અંકલેશ્વર કૉલેજ, તેમના ગુરુજનો અને પરિવારના સહયોગથી જ આ સાહિત્યિક સફર શક્ય બની છે. મૂર્ધન્ય વિવેચકની પ્રસ્તાવના સાથે પ્રગટ થયેલી આ કૃતિ પરની સંગોષ્ઠિને તેમણે સૌભાગ્ય ગણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જગદીશ કંથારીઆએ અને આભારવિધિ પ્રો. હસમુખભાઈ પાટણવાડીયાએ કરી હતી. આ પ્રસંગે વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ, સાહિત્યપ્રેમીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નડિયાદ પાલિકા દ્વારા ડિમોલિશન પૂર્વે રસ્તા બંધ કરવાનું જાહેરનામું બહાર પાડવાનું ભૂલાયું

### શહેરમાં ટ્રાફિકજામ

નડિયાદ : નડિયાદ મનપા દ્વારા હાથ ધરવામાં આવેલી સરદાર ભુવનના ડિમોલિશનની કામગીરીમાં તંત્રની બેદરકારી સામે આવી છે. શહેરના મુખ્ય માર્ગો પર દબાણ દૂર કરવા માટે હાથ ધરાયેલા ઓપરેશન પૂર્વે રસ્તા બંધ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવાનું મનપા તંત્ર ભૂલી જતા અનેક વિસ્તારોમાં ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાઈ હતી.

મહાનગરપાલિકા દ્વારા મંગળવારે વર્ષો જૂનું સરદાર ભુવન તોડી પાડવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે મુજબ સવારથી જ જેસીબી અને અન્ય મશીનરી સાથે તંત્ર મેદાનમાં ઉતરી પડયું હતું. જોકે, આ પ્રકારની કોઈ પણ મોટી કામગીરી હાથ ધરતા પહેલા જે-તે વિસ્તારના રસ્તાઓ બંધ કરવા અથવા વાહનોની અવરજવર માટે વૈકલ્પિક રૂટ ડાયવર્ટ કરવાનું જાહેરનામું બહાર પાડવું અનિવાર્ય હોય છે. પાલિકા પ્રશાસને આ પાયાની પ્રક્રિયામાં જ મોટી ભૂલ કરી હતી અને કોઈ પણ જાતની પૂર્વ સૂચના વગર સીધી જ કામગીરી શરૂ કરી દેતા મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

ડિમોલિશનને કારણે રસ્તાઓ પર કાટમાળ અને મશીનરી ગોઠવાયેલી હોવાથી રસ્તો બ્લોક થઈ ગયો હતો, છતાં બીજી તરફથી આવતા વાહનોને રોકવા માટે કોઈ આગોતરી વ્યવસ્થા ન હોવાથી ટ્રાફિકની ગંભીર સ્થિતિ પેદા થઈ હતી. ખાસ કરીને ઓફિસ જનારા લોકો અને શાળાના વિદ્યાર્થીઓને આ અંધાધૂંધીના કારણે સમયસર પહોંચવામાં ભારે મુશ્કેલી પડી હતી. તંત્ર દ્વારા શહેરના વિકાસ માટે કરવામાં આવતી કામગીરી જરૂરી હોવા છતાં, આયોજન અને સંકલનના અભાવે સામાન્ય નાગરિકોએ કલાકો સુધી હાલાકી ભોગવવી પડી હતી. આ ઘટનાએ મહાનગરપાલિકાની વહીવટી કાર્યક્ષમતા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

# ચાણોદ બી એન હાઇસ્કુલ ખાતે પ્રતિભા પર્વ ઉત્સવ ની ઉજવણી



• મુકેશ ખત્રી

ડભોઈ તાલુકાના તીર્થસ્થાન ચાણોદ ખાતે આદર્શ કેળવણી મંડળ સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થાઓનો વાર્ષિક ઉત્સવ પ્રતિભા પર્વ 2025 -26 નું આયોજન શ્રી બી એન હાઈસ્કુલ ના પટાંગણમાં ગત્ર સાંજે યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓ માં પોતાની વિવિધ કલા શક્તિ અને પ્રતિભા અભિવ્યક્તિ નો થનગણાટ જોવા મળ્યો હતો. શાળાનું મેદાન આમંત્રિત મહેમાનો અગ્રણીઓ સહિત વિદ્યાર્થીઓ વાલીઓ તેમજ ગ્રામજનો થી છલકાઈ ગયું હતો .શાળાના આચાર્ય શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માં છુપાયેલી કલાશક્તિ અભિનય શક્તિને બહાર લાવવા તનતોડ મહેનત નું પરિણામ ગત રોજ યોજાયેલ વાર્ષિક મહોત્સવ પ્રતિભા પર્વ માં જોડવા મળ્યું હતું. નાના ભૂલકાઓ થી માંડીને એક પછી એક વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાતી કલા કૃતિઓ કલા શક્તિ અભિનય શક્તિ ના દર્શન વેશભૂષા થી સજજ બાળકો દ્વારા રજૂ કરાતી કૃતિઓ દર્શકો પર અનેરી છાપ છોડી જતા હતા. દર્શકોમાં તાલીઓના ઘરગડાટ વાતાવરણ ગુજી ઉઠ્યું હતું

# ઈદ 2026 પર આવશે 'ધુરંધર 2', પાંચ ભાષાઓમાં પેન-ઈન્ડિયા રિલીઝ



• અમદાવાદ

હિન્દીમાં રિલીઝ થઈને બોકસ ઓફિસ પર મોટી સફળતા મેળવનારી ફિલ્મ ધુરંધર હવે વધુ મોટા રૂપમાં પાછી આવી રહી છે. ફિલ્મને ખાસ કરીને સાઉથ ઈન્ડિયામાં દર્શકોનો જબરદસ્ત પ્રેમ મળ્યો, જેના કારણે નિર્માતાઓએ તેના સીક્વલની સત્તાવાર જાહેરાત કરી છે. ધુરંધર 2 ઈદ 2026 પર, એટલે કે 19 માર્ચ 2026ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મ એક સાથે હિન્દી, તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ - પાંચ ભાષાઓમાં રિલીઝ કરવામાં આવશે. આ રીતે ફિલ્મ સંપૂર્ણ પેન-ઈન્ડિયા ફિલ્મ બની જશે. જોકે ધુરંધર માત્ર હિન્દીમાં જ રિલીઝ થઈ હતી, તેમ છતાં સાઉથ ઈન્ડિયામાં તેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. સોશિયલ મીડિયા પર ચર્ચા, લોકોની ભલામણ અને વારંવાર ફિલ્મ જોવાને કારણે ત્યાં દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. સાઉથના ડિસ્ટ્રિબ્યુટર્સ અને થિયેટર માલિકોએ પણ ડબ વર્ઝનની માંગ કરી હતી. દર્શકોની આ માંગને ધ્યાનમાં રાખીને અને ભારત સાથે સાથે વિદેશમાં રહેલા સાઉથ ઈન્ડિયન દર્શકોને પણ ધ્યાનમાં રાખીને, નિર્માતાઓએ નક્કી કર્યું છે કે ધુરંધર 2ને શરૂઆતથી જ તમામ મુખ્ય ભાષાઓમાં રિલીઝ કરવામાં આવશે. ફિલ્મનું દિગ્દર્શન નેશનલ એવોર્ડ વિજેતા આદિત્ય ધર કરી રહ્યા છે અને ફિલ્મને જિયો સ્ટુડિયોઝ અને B62 સ્ટુડિયોઝ દ્વારા પ્રોડ્યૂસ કરવામાં આવી રહી છે. ધુરંધર 2માં વાર્તા અને એક્શન બંનેને પહેલાં કરતાં વધુ મોટા અને ભવ્ય સ્તરે બતાવવામાં આવશે. ફિલ્મ હાલમાં પોસ્ટ-પ્રોડક્શન સ્ટેજમાં છે અને તેને 2026ની સૌથી વધુ ચર્ચિત અને રાહ જોવાતી ભારતીય ફિલ્મોમાંથી એક માનવામાં આવી રહી છે. નિર્માતાઓ કેટલાક વિદેશી માર્કેટ્સમાં પણ ફિલ્મની મોટી રિલીઝની યોજના બનાવી રહ્યા છે. તોફાન ફરી આવી રહ્યું છે આ વખતે બધે જ.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# નિપુણ ભારત મિશન અંતર્ગત અણિયાદ ક્લસ્ટર કક્ષાનો બાળ વાર્તા કાર્યક્રમ કવાલી પ્રાથમિક શાળા ખાતે યોજાયો

### પંચમહાલના માર્ગદર્શન અને પ્રેરણાથી અણિયાદ ક્લસ્ટર કક્ષાનો બાળ વાર્તા કાર્યક્રમ

• શહેરા

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પંચમહાલના માર્ગદર્શન અને પ્રેરણાથી અણિયાદ ક્લસ્ટર કક્ષાનો બાળ વાર્તા કાર્યક્રમ *કવાલી પ્રાથમિક શાળા ખાતે સફળતાપૂર્વક યોજાયો.. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં ભાષા કૌશલ્ય,, કલ્પનાશક્તિ,, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવા સાથે વાંચન-લેખન પ્રત્યે રસ જગાવવાનો રહ્યો.અણિયાદ સી.આર.સી. અંતર્ગતની કુલ 12 શાળાઓમાંથી આશરે 30 જેટલા બાળકોએ વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો. કાર્યક્રમમાં અલગ-અલગ તબક્કાઓ મુજબ સ્પર્ધાઓ યોજાઈ હતી.ફાઉન્ડેશનલ સ્ટેજ (બાલવાટિકા થી ધોરણ-2) માટે વાર્તા કથન..અને બાળકની મનપસંદ વાર્તા સ્પર્ધા યોજાઈ.જ્યારે પ્રિપેરેટરી સ્ટેજ (ધોરણ-3 થી 5) માટે વાર્તા કથન સ્પર્ધામાં નિપુણ ભારત વાર્તા સંગ્રહ પુસ્તિકા, શાળા પુસ્તકાલય, વર્તમાનપત્ર તથા બાળ સાહિત્ય આધારિત વાર્તાઓ રજૂ કરવામાં આવી.ઉચ્ચ પ્રાથમિક મિડલ સ્ટેજ માટે ચિત્ર આધારિત વાર્તા નિર્માણ લેખન સ્પર્ધા યોજાઈ, જેમાં અલગ-અલગ વિષયના ચિત્ર પરથી બાળકો દ્વારા રચનાત્મક અને વિચક્ષણ વાર્તાઓ રજૂ કરવામાં આવી, જે સૌને આકર્ષક લાગી. આ સમગ્ર કાર્યક્રમમાં બાળકોની અભિવ્યક્તિ, ભાષા પર પકડ અને આત્મવિશ્વાસપૂર્ણ રજૂઆત જોવા મળતી હતી.કવાલી પ્રાથમિક શાળાના





આચાર્યશ્રી વિભાબેન પટેલ તેમજ તા.પ્રા. શિ. ઘટક સંઘના ઉપપ્રમુખ ભવાનસિંહ ચૌહાણ ના સહયોગથી બાળકોને પ્રોત્સાહન રૂપે ચોપડા, પેન વગેરે શૈક્ષણિક સામગ્રી આપવામાં આવી. દરેક સ્પર્ધાના વિજેતા બાળકોને પ્રમાણપત્ર તથા પેન આપી સન્માનિત કરવામાં આવ્યા.પગાર કેન્દ્રના આચાર્યશ્રી ગોહિલ હંસાબેનદ્વારા બાળકોને આશીર્વાદરૂપ પ્રેરણાદાયક વચનો પાઠવવામાં આવ્યા.. તેમજ સી.આર.સી. કૉ.ઑ, અણિયાદ મનોહરસિંહ બિયોલા એ નિપુણ ભારત બાળ વાર્તા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસને બિરદાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા, ભાષા વિકાસ અને શૈક્ષણિક ઉત્સાહ વધ્યો હોવાની લાગણી સૌએ વ્યક્ત કરી હતી.

### - ગુજરાતમાં પુનઃ ઈતિહાસ રચાયો 60,000 લોકોએ સંગઠનમાં સામૂહિક રાજયોગ ધ્યાન-મેડિટેશન કરી વિશ્વ રેકોર્ડ બનાવ્યો.

# અમદાવાદમાં બ્રહ્માકુમારીઝ દ્વારા "શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહ"માં ગહેરી શાંતિનો અદભુત આનંદ

### અમદાવાદ શહેર પોલીસ કમિશનર જે.એસ.મલિક સહીત ખુબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

• અમદાવાદ

પ્રથમ વિશ્વ ધ્યાન દિવસે, બ્રહ્માકુમારીઝ સંસ્થા સાથે સંકળાયેલા 60,000 લોકો અમદાવાદ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે એક સાથે સામુહિક ધ્યાન કર્યું, જે એક વિશ્વ રેકોર્ડ બનાવ્યો. અને વૈશ્વિક શાંતિ માટે શક્તિશાળી સંકલ્પ વ્યક્ત કર્યો. સમગ્ર મેદાન પ્રકાશ, રંગ અને આધ્યાત્મિક ઉર્જા થી ઝળહળતું બની ગયું હતું. આ કાર્યક્રમ ગુજરાત રાજ્યમાં બ્રહ્માકુમારી સંસ્થાની હીરક જયંતી (૬૦ વર્ષ) નિમિત્તે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત ઉપરાંત ભારતના અન્ય રાજ્યો અને ૧૫ થી વધુ દેશોના ૨૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. સાંજે ૪ થી ૮ વાગ્યા સુધી આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં, ગુજરાતના વિવિધ ખૂણામાંથી ૧૦૦ કલાકારોએ જબરદસ્ત પ્રદર્શન આપ્યું ૬૦,૦૦૦ લોકોની હાજરી હોવા છતાં, આખું વાતાવરણ શાંતિની અનોખી અલૌકિક દુનિયામાં બદલાઈ ગયું.સફેદ વસ્ત્રધારી યોગી લોકો જાણે દેવદૂતો દેખાતા હતા. કાર્યક્રમનું ખાસ આકર્ષણ એ હતું કે, ૬૦ હજાર લોકોએ લાંબા સમયથી રાજયોગ ધ્યાનને અપનાવી પોતાના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે.સમારોહ દરમિયાન સાત મૂલ્યો આધારિત સપ્તરંગી થીમ સાથે ગીત, સંગીત, નૃત્ય, કલા




અને સંસ્કૃતિના અદભુત સંગમરૂપે ૧૦૦થી વધુ કલાકારોએ આધ્યાત્મિક રજૂઆત કરી, તેને નિહાળી લોકો એ ધન્યતાનો અનુભવ કર્યો. ૬૦ તપસ્વી રાજયોગીની બ્રહ્માકુમારી બહેનો કમળ આસન પર બેસી પવિત્રતાના પ્રતિકરૂપે ગહન ધ્યાનમાં લીન થયા, જે સમગ્ર વાતાવરણને અતિ પવિત્ર બનાવી ગયું અને લોકો એ ગહરી શાંતિ નો અનુભવ કર્યો. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝના અધિક મુખ્ય પ્રશાસિકા રાજયોગીની બી.કે. જયંતી દીદી, મહામંત્રી બી.કે. કરુણા ભાઈ, અધિક મહામંત્રી બી.કે. મૃત્યુંજય ભાઈ, ગુજરાત ઝોન ડાયરેક્ટર ભારતી દીદી, આફ્રિકાના ડાયરેક્ટર વેદાંતી દીદી, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. નીરજા ગુપ્તા, અમદાવાદ શહેર પોલીસ કમિશનર જે.એસ.મલિક સહીત ખુબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્યાલય માઉન્ટ આબુથી પણ મોટી સંખ્યામાં યોગી ભાઈ-બહેનોએ ખાસ ભાગ લીધો હતો આ પ્રસંગે રાજયોગિની જયંતિ દીદીએ કહ્યું કે - 'યોગ અને ધ્યાન જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. જે મન, બુદ્ધિ અને આત્મા વચ્ચે સંતુલન બનાવે છે. આજના અશાંતિના સમયમાં માનવ મનને શાંતિ તરફ દોરવાનો આ દિવ્ય પ્રયાસ છે. રાજયોગ મેડિટેશન દ્વારા જીવનને સુખ, શાંતિ અને આનંદથી ભરપૂર બનાવવાની પ્રેરણા આપી હતી. આધ્યાત્મિકતા અને મેડીટેશન એ જીવન ને વધુ સરળ અને સફળ બનાવે છે. બ્રહ્માકુમારીઝ સંસ્થા એ વિશ્વના 170 દેશોમાં કરોડો લોકોમાં ભારતની શાશ્વત સંસ્કૃતિ અને જીવનશૈલીનું સિંચન કર્યું છે.સમારોહ દરમિયાન બ્રહ્માકુમારીઝ ગુજરાતની ૬૦ વર્ષની ઈશ્વરીય સેવાઓની ઝલક દર્શાવતી વિશેષ રજૂઆત તેમજ પ્રતિષ્ઠિત મહાનુભાવોના શુભેચ્છા વિડિઓ સંદેશો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા. કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું, જેમાં ઘર બેઠા લાખો લોકોએ મનથી જોડાઈ સામૂહિક ધ્યાનનો લાભ લીધો. આ ઐતિહાસિક "શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહ"એ ઘર, પરિવાર, સમાજ, દેશ અને વિશ્વ શાંતિ માટે એક મજબૂત આધ્યાત્મિક સંદેશ આપ્યો અને ઉપસ્થિત દરેક વ્યક્તિના હૃદયમાં શાંતિની દિવ્ય અનુભૂતિ જગાવી.

# અંકલેશ્વરમાં પારસીવાડની 19.80 લાખની ચોરીમાં પુત્ર જ ચોર નીકળ્યો: મિત્ર સાથે મળી ઘરમાં જ પાડી હતી ખાતર


### લગ્નપ્રસંગમાં ગયેલા પિતાના ઘરમાંથી સોનાના દાગીના અને રોકડ ચોરનાર પુત્ર અને તેનો અમદાવાદી મિત્ર ઝડપાયા



• અંકલેશ્વર,

અંકલેશ્વર શહેરના પારસીવાડ વિસ્તારમાં રહેતા રુસ્તમજી વિમાદલાલના બંધ મકાનમાં થયેલી રૂ. ૧૯.૮૦ લાખની સનસનીખેજ ઘરફોડ ચોરીનો ભેદ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ અને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે (LCB) ઉકેલી નાંખ્યો છે. ચોંકાવનારી વિગત એ છે કે, આ ચોરીનો મુખ્ય સૂત્રધાર ફરિયાદીનો પોતાનો પુત્ર જ હોવાનું બહાર આવ્યું છે. ફરિયાદી મઝુમ રુસ્તમજી વિમાદ લાલ પરિવાર સાથે પૂણે ખાતે લગ્નપ્રસંગમાં ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ ડુપ્લીકેટ ચાવીની મદદથી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ફર્સ્ટ ફ્લોર પરના કબાટ તોડી ૧૪ તોલા સોનાના દાગીના (કિંમત રૂ. ૧૬,૮૦,૦૦૦/-) અને ગ્રાઉન્ડ ફ્લોરની તિજોરીમાંથી રોકડા રૂ. ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૯,૮૦,૦૦૦/- ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લ ઈ ભરૂચ LCB અને અંકલેશ્વર પોલીસની સંયુક્ત ટીમ તપાસમાં જોડાઈ હતી. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસને બાતમી મળી હતી કે શંકાસ્પદ આરોપી અમદાવાદમાં છે. પોલીસે તાત્કાલિક અમદાવાદ ખાતે દરોડો પાડી ફરિયાદીના પુત્ર ફરઝાન વિમાદલાલને ઝડપી લીધો હતો. તેની આકરી પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે તેણે તેના કોલેજના મિત્ર મોહંમદ અનસ સૈયદ (રહે. વટવા, અમદાવાદ) સાથે મળીને પિતાના જ ઘરમાં ચોરી કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલા તમામ સોનાના દાગીના અને રોકડ રકમ રિકવર કરી લીધી છે. પકડાયેલ બંને આરોપીઓની ઉંમર ૧૮ થી ૨૧ વર્ષની છે. પિતાના ઘરમાં જ ખાતર પાડી મોજશોખ પૂરા કરવાના આશયથી આ ગુનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. હાલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# ભરૂચ પાલિકા એક્શન મોડમાં: ચીફ ઓફિસરની હાજરીમાં 'ભરૂચ પ્લાસ્ટિક'માં દરોડો, 250 કિલો ગેરકાયદે જથ્થો પકડાયો



• ભરૂચ,

ભરૂચ શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ભરૂચ નગરપાલિકાએ મોટી કાર્યવાહી કરી છે. શહેરના વ્યસ્ત એવા APMC માર્કેટ નજીક આવેલી એક દુકાનમાં દરોડો પાડી પાલિકાની ટીમે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

નગરપાલિકાના મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર) હરીશ અગ્રવાલની સીધી દેખરેખ હેઠળ પાલિકાની સેનિટરી ટીમે APMC માર્કેટ પાસે આવેલી 'ભરૂચ પ્લાસ્ટિક' નામની દુકાનમાં આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન દુકાનમાંથી સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી પ્લાસ્ટિક બેગના અનેક બંડલો મળી આવ્યા હતા.

પાલિકાની ટીમે હાથ ધરેલી ગણતરી અને તોલમાપમાં અંદાજે 250 કિલોગ્રામ જેટલી પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગનો જથ્થો હોવાનું ખુલ્યું હતું. પાલિકાએ આ તમામ જથ્થો તાત્કાલિક અસરથી જપ્ત કરી લીધો છે. આ સાથે જ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ દુકાનદાર વિરુદ્ધ પર્યાવરણ સુરક્ષા ધારા હેઠળ કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, શહેરના પર્યાવરણને બચાવવા માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક પરનો પ્રતિબંધ કડક રીતે અમલી બનાવવામાં આવશે. વારંવાર ની સમજાવટ છતાં જો કોઈ વેપારી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો સંગ્રહ કે વેચાણ કરશે, તો તેની સામે લાયસન્સ રદ કરવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે.

પાલિકાની આ ઓચિંતી તપાસને પગલે શહેરના પ્લાસ્ટિક બજારના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પાલિકાએ નાગરિકોને પણ કાપડની થેલીનો આગ્રહ રાખવા અપીલ કરી છે.

# રાત્રિના અંધારામાં તસ્કર ગેંગ ત્રાટકી: અંકલેશ્વરમાં લાઈટ થતાં જ ચોરોએ ઉભી પૂંછડીએ ભાગવું પડ્યું

### નવી દીવી રોડ પર તસ્કરો ત્રાટક્યા; સેન્સર લાઇટ ચાલુ થતાં ગભરાયેલા તસ્કરો દિવાલ પાછળ છુપાયા






• અંકલેશ્વર,

અંકલેશ્વરના નવી દીવી રોડ પર આવેલી રવિદર્શન સોસાયટીમાં ચોરીના ઈરાદે ઘૂસેલા ત્રણ તસ્કરોનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. સીસીટીવી કેમેરા અને ઓટોમેટિક લાઈટિંગ સિસ્ટમને કારણે તસ્કરો મકાનમાં પ્રવેશ કરે તે પહેલા જ ભાગવું પડ્યું હતું. આ સમગ્ર ઘટનાના ફૂટેજ વાયરલ થતાં રહીશોમાં ફફડાટ સાથે સુરક્ષા અંગે ચર્ચાઓ જાગી છે. મળતી માહિતી મુજબ, મધરાત્રે ત્રણ અજાણ્યા શખ્સો મોઢા પર રૂમાલ બાંધી ચોરીના ઈરાદે રવિદર્શન સોસાયટીના એક મકાનમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જે મકાનને તેઓ ટાર્ગેટ કરી રહ્યા હતા, ત્યાં સીસીટીવી કેમેરા પાસે લાગેલી લાઈટ અચાનક ચાલુ થઈ ગઈ હતી. લાઈટ થતાં જ તસ્કરો ગભરાઈ ગયા હતા અને પકડાઈ જવાના ડરથી બાજુની દિવાલ તરફ સંતાઈ ગયા હતા. તસ્કરોની તમામ હરકતો સોસાયટીમાં લાગેલા હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે તસ્કરો મકાનમાં ઘૂસવા માટે કેવી રીતે તપાસ કરી રહ્યા હતા અને લાઈટ ચાલુ થતાં જ કેવી રીતે દિવાલ પાછળ છુપાઈને ભાગવાનો રસ્તો શોધી રહ્યા હતા. થોડી મિનિટો સુધી આસપાસ રેકી કર્યા બાદ તસ્કરો ત્યાંથી પલાયન થઈ ગયા હતા. સોસાયટીના રહીશોએ સીસીટીવી ફૂટેજ ચેક કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ અંગે અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે વાયરલ વીડિયો અને સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોનું પગેરું મેળવવા અને રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

# લાંચિયા અધિકારીઓ સાવધાન! સુરત મનપાનો ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર 1,00,000 ની લાંચ સ્વીકારતા રંગેહાથ દબોચાયો

• સુરત,

ભ્રષ્ટાચાર મુક્ત વહીવટના દાવાઓ વચ્ચે સુરત એ.સી.બી.એ એક હાઈ-પ્રોફાઈલ ટ્રેપમાં સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. ફાયર સેફટીના પ્રમાણપત્ર (NOC) માટે એક લાખ રૂપિયાનો વહીવટ કરવા જતાં ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એ.સી.બી.ના શિકંજામાં સપડાયા છે. આ કામના ફરિયાદીએ પોતાની હોટલ માટે જરૂરી ફાયર સેફટીની NOC મેળવવા માટે ઓનલાઈન અરજી કરી હતી. આ NOC આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવાના બદલામાં ઉધના અને લીંબાયત ઝોનના ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ (ઉ.વ. ૪૮) એ ૧,૦૦,૦૦૦/- (એક લાખ) ની લાંચની માંગણી કરી હતી.જાગૃત નાગરિક લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. જેના આધારે ચોકબજાર સ્થિત મુગલીસરાઈ ફાયર સ્ટેશનના પહેલા માળે આવેલી ઓફિસમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું. ફરિયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારતાની સાથે જ એ.સી.બી.ની ટીમે ઈશ્વર પટેલને મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સફળ ટ્રેપ નવસારી એ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી. રાઠવા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહીનું સુપરવિઝન મદદનીશ નિયામક આર.આર.ચૌધરી (સુરત એકમ) અને ઈન્ચાર્જ નાયબ નિયામક બળદેવ દેસાઈ (IPS) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### હોટલની ફાયર NOC આપવાના અવેજમાં લાંચ માંગવી ભારે પડી; મુગલીસરાઇ ફાયર સ્ટેશનમાં જ ઇશ્વર પટેલને રોકડ રકમ સાથે દબોચી લેવાયા

## મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ મૉડેલ: ભરૂચ મહિલા કો-ઓપરેટીવ બેંકને નેશનલ એવોર્ડ એનાયત



• ભરૂચ,

ભરૂચની સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા 'મહિલા કો-ઓપરેટીવ નાગરિક બેંક લિમિટેડ'ની યશકલગીમાં વધુ એક સુવર્ણ પીંછું ઉમેરાયું છે. તાજેતરમાં દેશની રાજધાની દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં બેંકની ઉત્કૃષ્ટ કામગીરીની કદર રૂપે તેને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ ગૌરવશાળી એવોર્ડ બેંક વતી ચેરપર્સન જાનકીબેન કેવલરામાણીએ સ્વીકાર્યો હતો. એવોર્ડ વિતરણ પ્રસંગે દિલ્હીની અગ્રણી ચેનલો દ્વારા તેમનો વિશેષ ઈન્ટરવ્યૂ પણ લેવામાં આવ્યો હતો, જે ભરૂચ જિલ્લા અને સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવની બાબત છે. આ એવોર્ડ બેંકની પારદર્શક કામગીરી અને મહિલા સશક્તિકરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. મહિલા કો-ઓપરેટીવ નાગરિક બેંક છેલ્લા ૨૯ વર્ષથી ભરૂચ જિલ્લા ની બહેનોને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે કાર્યરત છે. બેંક દ્વારા બહેનોને વિવિધ વ્યવસાયિક અને વ્યક્તિગત હેતુઓ માટે સરળતાથી લોન પૂરી પાડવામાં આવે છે, જેના થકી અનેક પરિવારોએ આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. આ રાષ્ટ્રીય સિદ્ધિ બદલ બેંકના ચેરપર્સન જાનકીબેન કેવલરામાણી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સર્વે સભ્યો અને સમગ્ર સ્ટાફ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### દાહોદનો આરોપી 'અપ્પો' મજૂરીકામના બહાને અમદાવાદમાં ઓળખ છુપાવી રહેતો હતો

# ભરૂચ બી ડિવિઝન પોલીસે અમદાવાદમાં મજૂરી કરતા રીઢા ચોરને ૧૧ વર્ષે દબોચ્યો

• ભરૂચ,

ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે છેલ્લા ૧૧ વર્ષથી ઘરફોડ ચોરી અને લૂંટના અનેક ગુનાઓમાં નાસતા-ફરતા રીઢા ગુનેગારને અમદાવાદ ખાતેથી દબોચી લીધો છે. વર્ષ ૨૦૧૪થી કાયદાની પકડથી દૂર રહેલા આ આરોપીની ધરપકડથી અનેક ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.ભરૂચ બી ડિવિઝનના પી.આઈ. વી.એસ. વણઝારા અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, વર્ષ ૨૦૧૪ના ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી અપ્પો ઉર્ફે અમરસિંગ વરસિંગભાઈ બારીયા (મૂળ રહે. દાહોદ) હાલ અમદાવાદમાં ઓળખ છુપાવી મજૂરી કામ કરી રહ્યો છે.



આ બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે અમદાવાદમાં દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલ આરોપી માત્ર ભરૂચ જ નહીં, પરંતુ રાજ્યના અન્ય શહેરોમાં પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે

ભરૂચ શહેર સી ડિવિઝન, ગાંધીનગર (ડભોડા પોલીસ મથક), સુરત (ખટોદ્રા પોલીસ મથક) ખાતે લૂંટ અને ઘરફોડ ચોરીના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આરોપી છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી ધરપકડ ટાળવા સતત રહેઠાણ અને ઓળખ બદલી રહ્યો હતો.

૧૧ વર્ષ બાદ ઝડપાયેલા આ આરોપીને ભરૂચ બી ડિવિઝન પોલીસે હાલ અટકાયતમાં લીધો છે. પ્રાથમિક પૂછપરછ અને કાયદેસરની વિધિ પૂર્ણ કર્યા બાદ, તેને આગળની તપાસ માટે ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ સ્ટેશનને સુપ્રત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# બામણગામ સ્થિત ટેકનોબિટ ઈન્ડસ્ટ્રી કંપનીમાં ભીષણ આગ ભભુકી ઉઠતા અફરાતફરી મચી જવા પામી હતી

### કરજણ ફાયર ટીમ દ્વારા આગ પર કાબુ મેળવાયો હતો

• રિપોર્ટર સૈફ અલી ભટ્ટી વાગરા



કરજણના બામણગામ સ્થિત ટેકનોબિટ ઈન્ડસ્ટ્રી કંપનીમાં ભીષણ આગ ભભુકી ઉઠતા અફરાતફરી મચી જવા પામી હતી. આગના પગલે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ચડતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. ડામર બીટુમીન અને રબરમાં શોર્ટ સર્કિટના કારણથી તે મટીરીયલમાં આગ લાગી હતી. ઘટનાની જાણ થતા vmc ફાયર ટિમ અને કરજણ ફાયર ટિમ ઘટના સ્થળે પહોંચી હતી. બન્ને ફાયર ટીમોએ સંયુક્ત કામગીરી હાથ ધરી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે જાનહાનિ ટળી જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આગના પગલે લોકટોળા ઘટના સ્થળે એકત્ર થયા હતા. લાગેલી આગમાં કેટલું નુકસાન થયું તે જાણવા મળ્યું નથી.

# મહીસાગરમાં 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'થી બાળકોને પોષણનો લાભ

• કાનજી ધામોત મહિસાગર

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં ઉજવાઈ રહેલા 'સુશાસન સપ્તાહ' અંતર્ગત મહીસાગર જિલ્લામાં જનકલ્યાણકારી યોજનાઓને વધુ વેગ મળ્યો છે. રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' દ્વારા જિલ્લામાં ૧૧૯૮ મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં અંદાજે ૧,૧૬,૮૯૫ બાળકોને દરરોજ પોષણયુક્ત અને ગરમાગરમ નાસ્તો આપવામાં આવી રહ્યો છે.ડિસેમ્બર-૨૦૨૪થી અમલી બનેલી આ યોજના અંતર્ગત બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓને પ્રોટીન અને કેલરીયુક્ત આહાર પૂરું પાડવામાં આવે છે. અઠવાડિયાના વિવિધ દિવસોમાં સુખડી, ચણા ચાટ તથા મિક્સ કઠોળ-સીંગદાણા ચાટ જેવા પૌષ્ટિક વિકલ્પો આપવામાં આવી રહ્યા છે.

### ગુજરાત રાજ્યના ડી.જી.પી. દ્વારા રાજ્યમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના હેતુથી

# સ્પેશ્યલ પ્રોહિબીશન ડ્રાઈવ અંતર્ગત બરડા ડુંગર વિસ્તારમાં થી રાણાવાવ પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી

### પ્રોહિબીશન ડ્રાઈવ અંતર્ગત ૧૬,૦૦ લીટર આથા સહિત રૂ.૪૫,૯૫૦નો મુદ્દામાલ જપ્ત, બુટલેગર ફરાર

• ગોસા (ઘેડ)

રાણાવાવ પોલીસે સ્પેશ્યલ પ્રોહિબીશન ડ્રાઈવ અંતર્ગત બરડા ડુંગરના ખાખરાવારાનેશ દૂર, પાણીના ઝરણાની કાંઠે દેવા કારાભાઈ શામળા, રહે. ધ્રામીનેશ, તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા વાળાની દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી પરથી દેશી દારૂ બનાવવાનો આથો લીટર ૧૬૦૦ તથા ભઠ્ઠીના વિવિધ સાધનો સહિત કુલ કિ.રૂ.૪૫,૯૫૦/- નો મુદામાલ મળી આવ્યો હતો. જોકે દારૂ બનાવનાર આરોપી હાજર ન હોય તેઓની વિરુધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનનો ગુન્હો નોંધવામાં આવ્યો છે ગુજરાત રાજ્યના ડી.જી.પી. દ્વારા રાજ્યમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના હેતુથી તા.૨૪/૧૨/૨૦૨૫ થી તા.૦૧/૦૧/૨૦૨૬ સુધી સ્પેશ્યલ પ્રોહિબીશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ડ્રાઈવના અનુસંધાને જુનાગઢ રેન્જના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર જિલ્લાના પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા જિલ્લામાં પ્રોહિબીશન તથા જુગાર જેવી બદી નેસ્તનાબુદ કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.\ આ સૂચનાઓના પાલન હેઠળ રાણાવાવ ડિવિઝનના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુરજીત જી. મહેડુના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.એન. તળાવીયાએ પોલીસ સ્ટાફને ગેરકાયદેસર પ્રોહિબીશન પ્રવૃત્તિઓ સામે રેઈડ



કરવાની સૂચના આપી હતી. જે અન્વયે રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી. મોરી તથા સર્વેલન્સ સ્ટાફ બરડા ડુંગર તથા જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન સર્વેલન્સ સ્ટાફના પોલીસ કોન્સ્ટેબલ સંજય વાલાભાઈ, સરમણ દેવાયતભાઈ તથા જયમલ સામતભાઈને મળેલી સંયુક્ત માહિતીના આધારે બરડા ડુંગરના ખાખરાવારાનેશ તરફથી ઉતરે આશરે અડધા કિલોમીટર દૂર, પાણીના ઝરણાની કાંઠે આવેલી જગ્યાએ સર્ચ કરી રેઈડ કરવામાં આવી હતી.રેઈડ દરમ્યાન દેવા કારાભાઈ શામળા, રહે. ધ્રામીનેશ, તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા વાળાની દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી મળી આવી હતી. સ્થળ પરથી દેશી દારૂ બનાવવાનો આથો લીટર ૧૬૦૦તથા ભઠ્ઠીના વિવિધ સાધનો સહિત કુલ કિ.રૂ.૪૫, ૯૫૦/- નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જોકે આરોપી સ્થળ પર હાજર ન મળતા તે ફરાર હોવાનું જાણવા મળ્યું છે. અને ભઠ્ઠીનો નાશ કરવામાં આવેલ.આ બાબતે રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ સફળ કામગીરીમાં રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.એન. તળાવીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી. મોરી તેમજ પોલીસ કોન્સ્ટેબલ સંજય વાલાભાઈ, સરમણ દેવાયતભાઈ, ભરત કાનાભાઈ, જયમલ સામતભાઈ, કુણાલસિંહ પ્રવિહસિંહ, અતુલ કરશનભાઈ અને ફોરેસ્ટર ગાર્ડ પ્રકાશ લેહગરભાઈ ગોસાઈ સહિતના અધિકારી-કર્મચારીઓનો સમાવેશ થાય છે.પોલીસ દ્વારા રાજ્યવ્યાપી સ્પેશ્યલ પ્રોહિબીશન ડ્રાઈવ અંતર્ગત આવનારા દિવસોમાં પણ આવા ગેરકાયદેસર ધંધાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રાખવાની જાહેરાત પોલીસ દ્વારા કરવામાં આવી છે.

રિપોર્ટરઃ-વિરમભાઈ કે.આગઠ


### પાલનપુરમાં એક એવું વ્યક્તિત્વ કે જે પોતાના માટે નહી બીજાના માટે જીવે છે બીજાની ફીલિંગ સમજે છે

# સેવા ના ભેખધારી યુવક કરી રહ્યો ગરીબ લોકો ની સેવા : પાલનપુરમાં એક એવું વ્યક્તિત્વ કે જે પોતાના માટે નહી બીજાના માટે જીવે છે

**પાલનપુરના યુવક ની અનોખી સેવા.** 'નિરવભાઈ પઢિયાર' .નિરવભાઈ વિશે જ વાત કરીએ તો છેલ્લા ઘણાએ સમયથી જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચવું

• પાલનપુર

પાલનપુરમાં એક એવું વ્યક્તિત્વ કે જે પોતાના માટે નહી બીજાના માટે જીવે છે બીજાની ફીલિંગ સમજે છે બીજાની લાગણીઓ સમજે છે તેવા વ્યક્તિનું નામ છે 'નિરવભાઈ પઢિયાર'. નિરવભાઈ વિશે જ વાત કરીએ તો છેલ્લા ઘણાએ સમયથી જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચવું અને જે પણ વ્યક્તિની જેવી જરૂરિયાત હોય તેવી રીતે હેલ્પ કરવી એની મદદ કરવી શક્ય હોય ત્યાં સુધી પૂરા પ્રયત્ન કરીને લોકોની મદદ કરે છે ઠંડીમાં લોકોને બ્લેન્કેટની વ્યવસ્થા ચંપલ ની વ્યવસ્થા માનસિક વિકલાંગ બાળકોને બજારમાં જેનો કોઈ આધાર નથી તેવા નિરાધાર લોકોને જમાડવા એ લોકો ની ચિંતા કરવી ઉંમરલાયક માતા હોય વડીલ હોય જેમને આગળ પાછળ કોઈ કરવા વાળું નથી હોતું તેવી જગ્યાએ જઈને અનાજ ની કીટ આપવી, રોકડ રૂપિયા આપવા વિધવા માતાઓને ગરીબ બહેનોને લોટની કીટ આપવી બજારમાં હરતા ફરતા નાના ભૂલકાઓને કપડા આપવા રમકડા આપવા દર વખતે તહેવારોમાં જેવો તહેવાર હોય તેવી નિરવ ભાઈ સેવા કરતા હોય છે. અબોલ પશુ પક્ષીઓની વાત આવે તો ગાયો માટે લીલો ચારો શાકભાજીની વ્યવસ્થા ઠંડીમાં કૂતરાઓ માટે કોથળા ની વ્યવસ્થા દૂધ બ્રેડ ખીર ની વ્યવસ્થા ચબૂતરો માટે ચણની વ્યવસ્થા આવી અલગ અલગ ઘણી જ સેવાઓ નિરવભાઈ દ્વારા કરવામાં આવે છે અને હમણાં તો પાલનપુરમાં તમે બધા જાણતા હશો કે કોજી મૂવી વર્લ્ડ થિયેટર ની બાજુમાં ટ્રેઝર નીચે એક માનસિક વિકલાંગ પ્રભુજી ત્યાં



છેલ્લા કેટલાય વર્ષથી ત્યાં હર ફર કરતા હતા તેમને ગમે ત્યારે ગમે તે વસ્તુ આપીએ તો કલાક બે કલાક પછી એમની જોડે એ વસ્તુ જોવા મળતી ન હતી જેવા કે બ્લેકેટ ચંપલ કપડા વગેરે, અને ત્યાં આજુબાજુમાં લોકો એને મારીને ઝૂંટાવીને બધી વસ્તુઓ લઈ લેતા હતા ત્યારે નિરવભાઈ દ્વારા ચાર-પાંચ દિવસની મહેનત કર્યા પછી એ 'પ્રભુજી' ને મનાવવામાં આવ્યા કે તમને કોઈ સારી જગ્યાએ મોકલીએ જ્યાં તમને રહેવાનું જમવાનું ઓઢવાનું બધી વ્યવસ્થા મળી રહેશે અને તમે જાઓ હું તમને મુકવા આવીશ એવી રીતે એમને મગજથી તૈયાર કરીને instagram માં 'પોપટભાઈ આહીર' ને ભલામણ કરતો એક વિડીયો બનાવવામાં આવ્યો અને એ વિડીયો લોકો દ્વારા નિરવભાઈ ને ખુબ સારો સપોર્ટ મળ્યો અને એ instagram નો વિડીયો 'પોપટભાઈ આહીર' સુધી પહોંચ્યો અને એમને નિરવભાઈ ને instagram માં કોમેન્ટ કરી કે તમે 'પ્રભુજી' ને ત્યાં લઈને આવો. એના પછી જરાય વિચાર્યા વગર બીજા જ દિવસે સવારે છ વાગે 'નિરવભાઈ' તેમની ગાડીમાં તેમનો કિંમતી સમય બગાડીને તેમનું કામ પડતું મૂકીને આ 'પ્રભુજી' ને ભાવનગર થી આગળ મહુવા ગામ ત્યાં 'પોપટભાઈ આહીર' નો સોશિયલ મીડિયા આશ્રમ છે જે પાલનપુર થી ઓછામાં ઓછો 400 કિલોમીટર થાય છે આવા જવાના 800 કિલોમીટર થતા હતા નિરવ ભાઈ એ કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર સવારે નીકળી ગયેલા અને બપોર સુધી ત્યાં પહોંચીને 'પ્રભુજી' ને ત્યાં સ્થળ ની મુલાકાત કરાવી બતાવ્યું અને પૂછ્યું કે તમને ત્યાં ફાવશે તમે જુઓ ત્યારે 'પ્રભુજી' ના મુખ ઉપર એક અલગ 'સ્મિત' હતું અલગ 'ખુશી' હતી બસ એ ખુશી અને સ્મિત જોઈને નિરવભાઈનું મન પણ એકદમ પ્રફુલિત થઈ ગયું. સોશિયલ મીડિયા આશ્રમમાં પોપટભાઈ આહીર અને તેમની ટીમ દ્વારા ખુબ જ સરસ પ્રેમ મળ્યો આવકાર મળ્યો અને નીરવભાઈ ની જે ચાર પાંચ દિવસની મહેનત હતી.

# કદવાલ પ્રોહીબિશનના ગુનામાં છેલ્લાં કેટલાય સમયથી નાસતો-ફરતો આરોપી છોટાઉદેપુર LCB ના શિકંજામાં

### ભિખાપુરા ચોકડી પાસેથી પંચમહાલના બુટલેગરને ઝડપી પાડતી લોકલ ક્રાઇમ બ્રાન્ચ છોટાઉદેપુર

• પાવીજેતપુર, તા.૨૩

છોટાઉદેપુર પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તીયાઝ શેખ દ્વારા જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે આપેલ કડક સૂચનાના પગલે છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે. કદવાલ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલ અને લાંબા સમયથી પોલીસને થાપ આપતા આરોપીને LCB એ બાતમીના આધારે ભિખાપુરા ચોકડી પાસેથી દબોચી લીધો છે.મળતી માહિતી મુજબ, LCB પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો તપાસમાં હતા, તે દરમિયાન ટેલીફોનિક બાતમી મળી હતી કે કદવાલ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુના (ગુ.ર.નં. ૧૧૧૮૪૦૦૪૨૫૦૪૫૪/૨૦૨૫) માં નાસતો-ફરતો આરોપી ભોદુભાઈ લિમજીભાઈ રાઠવા (રહે. ગોદલી, તા. ઘોઘંબા, જિ. પંચમહાલ) હાલ ભિખાપુરા ગામની ચોકડી પાસે ઉભો છે.



બાતમીમાં જણાવેલ વર્ણન મુજબના ઈસમને પોલીસે કોર્ડન કરી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ ભોદુભાઈ રાઠવા હોવાનું સ્વીકાર્યું હતું. તેની અંગઝડતી લેતા કોઈ ચીજવસ્તુ મળી આવી ન હતી, પરંતુ પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે કદવાલ પોલીસ સ્ટેશનમાં દારૂના કેસમાં નામ ખુલ્યા બાદ ધરપકડથી બચવા તે નાસતો-ફરતો હતો.ઝડપાયેલ આરોપી ભોદુભાઈ રાઠવા અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે. તેના વિરુદ્ધ વર્ષ ૨૦૧૯માં પંચમહાલ જિલ્લાના દામવાવ પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહીબિશનનો ગુનો નોંધાયેલ છે.છોટાઉદેપુર LCB એ આરોપીની અટકાયત કરી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીથી જિલ્લાના નાસતા-ફરતા ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

.રિપોર્ટર ઈરફાન મકરાણી કદવાલ

# મહીસાગરમાં 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'થી બાળકોને પોષણનો લાભ



• કાનજી ધામોત મહિસાગર

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં ઉજવાઈ રહેલા 'સુશાસન સપ્તાહ' અંતર્ગત મહીસાગર જિલ્લામાં જનકલ્યાણકારી યોજનાઓને વધુ વેગ મળ્યો છે. રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' દ્વારા જિલ્લામાં ૧૧૯૮ મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં અંદાજે ૧,૧૬,૮૯૫ બાળકોને દરરોજ પોષણયુક્ત અને ગરમાગરમ નાસ્તો આપવામાં આવી રહ્યો છે.ડિસેમ્બર-૨૦૨૪થી અમલી બનેલી આ યોજના અંતર્ગત બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના વિદ્યાર્થીઓને પ્રોટીન અને કેલરીયુક્ત આહાર પૂરું પાડવામાં આવે છે. અઠવાડિયાના વિવિધ દિવસોમાં સુખડી, ચણા ચાટ તથા મિક્સ કઠોળ-સીંગદાણા ચાટ જેવા પૌષ્ટિક વિકલ્પો આપવામાં આવી રહ્યા છે.

વાલીઓએ યોજનાને સરાહનીય ગણાવીને જણાવ્યું છે કે, શાળામાં જ પૌષ્ટિક નાસ્તો મળવાથી બાળકો જંક ફૂડથી દૂર રહી સ્વસ્થ બનશે. આ યોજનાથી મહીસાગરના અંતરિયાળ વિસ્તારોના બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં સકારાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે.

# મહીસાગર જિલ્લાના જળાશયો પર પ્રતિબંધ: સલામતી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

• કાનજી ધામોત. મહિસાગર

તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જળાશયો (નદીઓ, નહેરો, તળાવો, દરીયો) માં નહાવા પડેલ વ્યક્તિઓના ડૂબી જવાથી મરણ થવા અંગેની ઘટનાઓ ધ્યાને આવેલ છે. જે બાબત અતિ ગંભીર છે. જેથી આવા ભયજનક સ્થળો કે જ્યા કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં પ્રવેશવાથી ડૂબવાનુ જોખમ રહેલ છે ત્યાં જાહેર સલામતી, લોકોના જાન, સ્વાસ્થય અને સલામતીને થતું જોખમ અટકાવવા આવા જળાશયોમાં/જોખમી સ્થાનોએ પ્રવેશ અટકાવવો જાહેર હિતમાં ઈચ્છનીય છે.મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સમગ્ર જિલ્લામાં તાત્કાલિક અસરથી તા. ૨૨/૦૨/૨૦૨૬ સુધી જિલ્લામાં આવેલાં તમામ નદીઓ, તળાવો, નાળાં, નહેરો, ચેકડેમો, કોઝ-વે અને ધોધ જેવાં પાણીનાં વહેણવાળાં જોખમી સ્થળોએ કોઈપણ વ્યક્તિને નહાવા અને તરવા પર, કપડાં ધોવા પર, માછલી પકડવા જવા પર, જળાશયોના ઊંડા પાણીમાં પ્રવેશ કરવા અને તેમાં મદદગારી કરવા પર, સમગ્ર મહીસાગર જિલ્લામાં આવેલા કોઝ-વે પરથી પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈપણ વ્યક્તિને વાહન સાથે કે પગપાળા પસાર થવા પર અને ઉપરોક્ત તમામ જોખમી સ્થળોએ ઊભા રહીને મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે:આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ આપત્તિ વ્યવસ્થાપન માટે નિયુક્ત કર્મચારીઓ અને અધિકારીઓને લાગુ પડશે નહીં.

### અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે ઢસા પાસે અકસ્માત નો ભોગ બન્યા

# ગઢડા તાલુકાના ઢસા ગામ પાસે ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો, 2 યુવકોના ઘટના સ્થળે મોત 1 યુવક ઈજાગ્રસ્ત

• તસવીરઃવિપુલ લુહાર,બોટાદ

બોટાદ જીલ્લાના ગઢડાના ઢસા ગામ પાસે ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો, 2 યુવકોના ઘટના સ્થળે મોત 1 યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો.ગઢડા તાલુકાના ઢસા નજીક ગઢડા-અમદાવાદ રોડ પર કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો... આ દુર્ઘટનામાં કારમાં સવાર 2 યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો.આ અકસ્માત ઢસા થી અમદાવાદ તરફ જતા ગઢડા રોડ પર થયો હતો. સ્વિફ્ટ કાર અને ટ્રક વચ્ચે થયેલી આ ટક્કર એટલી ભયાનક



હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારમાં ત્રણ લોકો સવાર હતા.અકસ્માત ની ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહ નો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે ઢસા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા.ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકને પણ તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઢસા પોલીસે બંને મૃતકો હાર્દિકભાઈ ધીરેન્દ્રભાઈ ઠક્કર (ઉં.વ.37) રહે-એ/501, રાધે હાઈટસ હાથીજન ચાર રસ્તા, અમદાવાદ અને જીમીતભાઈ ભરતભાઈ રાજાણી (ઉં.વ.39) રહે-સેક્ટર-7 સનસીટી સાઉથ બોપલ,અમદાવાદ પી.એમ. માટે ઢસા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે જ્યારે પુનિત ધર્મેશભાઈ ઠક્કર. અમદાવાદ ને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અને પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરીને અંગે વધુ તપાસ હાથ ધરી છે..